પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ ૬૫મું · માહે જાન્યુઆરી · ૧૯૯૨
સળંગ અંક ૭૬૮
તંત્રી · **ધીરુ પરીખ**
સંપાદક · બિહારીલાલ ટાંક


કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ


તમારું યશસ્તોત્ર અમે શી રીતે ઉચ્ચારીએ ? તમારી કીર્તિથી યે તમે મહાન છો. તમારી કીર્તિને યાદ રાખીને અમે તમને ભૂલવા ઇચ્છતા નથી. અમારે તમારા માહાત્મ્યનો અલ્પ અંશ પણ જતો કરવો નથી. એ માહાત્મ્યને અમારા સત્ત્વમાંથી ફરી સરજીને એનો તમારે ચરણે અર્ઘ્ય ધરવો છે. પુષ્પમાળાઓથી અમે તમને ગૂંગળાવવા ઇચ્છતા નથી. ચાટુ ઉક્તિઓથી અમે તમારી પ્રવંચના કરવા ઇચ્છતા નથી. તમે આપેલા સુવર્ણશકલોને અમારી સામાન્યતાની રજમાં હવે અમે નહીં રગદોળીએ. સર્વ નક્ષત્રોને તમારા મહિમાથી મંડિત થતા અમે જોયા છે. તમે પૃથ્વીને નૂતન શ્રીથી વિભૂષિત કરી છે. આંસુ સારીને અમે તમારી સાથેની અમારી યાત્રાના યશને હવે પિચ્છિલ નહીં કરીએ; તમારું ત્રિભુવનજયી હાસ્ય સદા અમારું સાથી બની રહો.

—સુરેશ હ. જોષી

('વાણી' માસિકના સં. ૨૦૦૪ના પોષ માસના અંકમાંથી સાભાર)



ગાંધીજી
તાજેતરમાં
ગાંધીનગરમાં
પ્રસ્થાપિત
કરાએલી
કાંસ્યપ્રતિમા



ડુંગરપુરનું એક દશ્ય : ફોટો : એ. એલ. સૈયદ, જેમનું ગઈ ૩૦ ઓગસ્ટ ('૯૧) ના રોજ અવસાન થયું.

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટૅમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

પરદેશનું લવાજમ

'કુમાર'નું હવાઈ માર્ગે પરદેશનું લવાજમ જાન્યુઆરી ૧૯૯૨થી રૂપિયા ૩૫૦ કરવામાં આવ્યું છે તેની એજન્ટો અને ગ્રાહકોએ નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૩૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ પાંસઠમું

જાન્યુઆરી ૧૯૯૨ · સળંગ અંક ૭૬૮

વાચકો લખે છે...

'કુમાર'નો વર્ષોથી ચાહક છું ઓલે એના પુનર્જન્મને પ્રેમથી આવકારું જ.

તેના આજીવન ગ્રાહક તરીકે વર્ષો પહેલાં મોકલેલી રકમમાંથી આજ 'કુમાર' ચાલુ રાખવું મુશ્કેલ હશે. એક ધાર્મિક સંસ્થાએ આવું લવાજમ વધારી મને જાણ કરતાં તે મોકલ્યું. તો 'આ રીતે 'કુમાર' માટે આપ પુનર્વિચારણા ફરી વધારાની રકમ સૂચવશો તો મોકલતાં આનંદ થશે.*

'કુમાર' અંક ૭૯૩ ના પૂઠા ઉપર છાપેલા કાવ્ય અંગે આપેલી નોંધમાં જણાવ્યા પ્રમાણે પૂઠાના ત્રીજા પાના ઉપર રવીન્દ્રનાથજીના હસ્તાક્ષરે અંગ્રેજી અનુવાદ લખાએલ કે અસલ અંગેજીમાં અને આ બંગાળી અનુવાદ ?*

ક્રિકેટ વિષે મારું કંગાળ જ્ઞાન વધારવામાં 'કુમાર'ની લેખમાળાએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે, ભલે હું ક્રિકેટ રમતો નથી.

રાજકોટના શ્રી પ્રતાપસિંહ જાડેજાએ 'ફુલછાબ' દૈનિકમાં 'કુમાર' વિષે માહિતી આપી લવાજમ માટે સરસ અપીલ કરેલી. આશા રાખું કે એનો સાનુકૂળ પ્રતિભાવ પડયો હશે. (કિ રસહીન ધરા થૈ છે.... !

ભાસ્કરભાઈ ન. સ્વાદિયા (જામનગર)

* આપની ભાવનાની કદર કરી છીએ. પણ નૈતિક રીતે વધારાની રકમની માગણી અમને ઉચિત લાગતી નથી. જો કે હાલમાં આજીવન લવાજમ રૂ.૭૫૦/- ઠરાવ્યું છે. રવીન્દ્રનાથનું મૂળ કાવ્ય બંગાળીમાં છે. -તંત્રી

¤

'કુમાર'નો આ માસ (સપ્ટેમ્બર, ૧૯૯૧) નો અંક રસપૂર્વક જોઈ ગયો. 'મારા બાપાજી' પરનો હૃદયસ્પર્શી લેખ ખૂબ જ ગમ્યો. લેખના છેલ્લા ફકરાઓ વાંચતા આંખો વાંચતાં આંખો ભીની થઈ! સરસ અને સત્ત્વપૂર્ણ લેખ બદલ અભિનંદન.

પુરુષોત્તમ ગ. માવળંકર (અમદાવાદ)

અનેક ગત વર્ષોના કુમારના અંકો શ્રી. ભાસ્કરભાઈ કાલીદાસ મહેતા પાસે ભેગા થયા છે અને રાહતના દે આપી દેવાની એમની ઈચ્છા છે. જે ભાઈ બહેનો યા સંસ્થાને એ મોકલવા ઈચ્છા હોય, તેઓ એમને નીચેના સરનામે મળો અથવા લખો. - મહેતા હાઉસ, ૭૪/૧ - બીજો રસ્તો, T.P.S. III, સાન્તાક્રુઝ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૫. ટેલી. નં. ૬૧૨૬૦૨૩.

'કુમાર' સપ્ટેમ્બર, ૧૯૯૧ના અંકમાં 'મારા બાપાજી' લેખ બદલ લેખિકાને ધન્યવાદ. રૂઢિગત જડતા માનવજીવનમાં કેવો સંઘર્ષ પેદા કરે છે અને દુઃખનું નિમિત્ત બને છે, તે અસરકારક રીતે રજૂ થયું છે.

ચિમનલાલ સોમપુરા (અમદાવાદ)

'કુમાર'ના પ્રકાશનોનો સંપુટ મળી ગયો. બધું જ બધી રીતે ગમ્યું. અમારી શાળાના બાળકોને મેઘાણીની કવિતા 'રંગવાદળી' ખૂબ જ ગમી. નવી પેઢી પાસે જૂનું 'કુમાર' લઈ આપવવાની પ્રશંસનીય કામગીરી આપે બજાવી. આ આનંદ કયા શબ્દોમાં વ્યકત કરું ? એ પ્રેરણા દાયી જીવન-ચરિત્રો વાંચું છું. પડખું ફેરવી ગએલી ગઈકાલ કેટલી સરસ હતી ! તમને બધાને ધન્યવાદ.

રમણિકભાઈ ભટ્ટ (ચિત્તલ)

'કુમાર' નવે. ૯૧ ના અંકમાં પૂછડીવાળો દેડકો રસપ્રદ છે. કદાચ તે આપણા દેશમાં યે જોવા મળતો હશે. આવો જ એક દેડકો બેએક માસ પહેલાં મારા નિવાસ, પાસે મેં જોયેલો જે ભૂખરા મલીન રંગનો, આશરે સાત સે.મી. લંબાઈનો અને સહેજે દસેક સે.મી. ધરાવતો. જોતાં જ ડર લાગે તેવા આંખો અને આશરે દોઢેક સે.મી. પૂછડી.. બાજુમાં એ અદ્રશ્ય થઈ ગયા પછી કે એ અગાઉ કયારેક આવો ટોડ અમે નથી જોયો.

બરડાના ડુંગરોમાં કાળાશ પડતી રતાશવાળા રંગના એક-દોઢ સે.મી. લાંબા ભયંકર વીંછી ડુંગરના મોટા ગચિયા તળે જોએલા. સ્થાનિક લોકો તેને 'ઠાકરિયો' કે 'નાગ વીંછી' કહે છે. તેના ડંખથી પથ્થરનો એટલો ભાગ ખવાઈ જાય છે અને શરીર પ[illegible] જાય છે.. તેના ઝેરનું મારણ પણ નથી... નાગના માથે કે તેના શરીર ઉપર એ બેસે છે એવી 'લોકોકિત' છે.

માનભાઈ માંડવિયા (પોરબંદર)

'કુમાર'ના ઓકટોબર ૯૧ના અંકમાં શ્રી રમેશભાઈ શાહે કરેલું સૂચન સરસ છે. (પાછલા અંકોમાંથી તારવણી કરી તૈયાર કરેલા 'કુમાર'ના ખાસ અલગ અંકો પ્રગટ કરવા અંગે આ સૂચન છે. - સં.) વાચકોના પત્રો સાથે એ લખનારનું નામ તો છાપો જ છો. સાથે તેમનું સરનામું પણ આપો તો એમની સાથે સીધો પત્ર વ્યવહાર થઈ શકે. એથી એકસરખું માનસ ધરાવતા નાગરિકો વચ્ચે સમજણનો સેતુ બંધાય.

હંસ ભારતી (નેલોર, આં.પ્ર.)

ગઢવાલ ભૂકંપ રાહત ફંડ

ઉત્તર ભારતમાં તાજેતરમાં થએલા ભીષણ ભૂકંપને કારણે ગઢવાલમા માનવ અને પશુઓની મોટી જાનહાનિ થવા સાથે જે તારાજી સરજાઈ તેમાં બેઘર-બેહાલ બની ગએલા નિ:સહાય લોકને ખોરાક, કપડાં, મકાન તેમજ દવા-સારવાર વગેરે પહોંચાડવા અનેક સેવાભાવી લોકો અને સ્વૈચ્છિક સેવાસંસ્થાઓ કાર્યરત બની ગયાં છે. સ્વ. શ્રી રવિશંકર મહારાજે સ્થાપેલી 'ગુજરાત રાજ્ય રાહત સમિતિ' ની મુંબઈમાં કાર્ય કરતી શાખાએ પણ માનવસેવાના આ કાર્યને ઉપાડી લઈ ગઢવાલનાં એ બેઘર-બેહાલ લોકોને જે વિવિધ રીતે સહાય પહોંચાડવા માંડી છે તેમાં 'ગઢવાલ ભૂકંપ રાહત ફંડ' નામે એક ફંડ પણ એ એકઠું કરી રહી છે. આપ સૌ પણ ગઢવાલના નિ:સહાય લોકોને સહાય પહોંચાડવામાં સાથ-સહકાર આપો એવી આ સમિતિની વિનતિ છે. આપે મોકલેલા દાનની રકમ ઈન્કમ ટેકસના ૧૯૬૧ના કાયદાની કલમ'૮૦-જી' હેઠળ કરમુકિતને પાત્ર છે. આપના દાનનો એક આપ 'ગુજરાત રાજ્ય રાહત સમિતિ'ના નામે તથા નીચે દર્શાવેલાં સરનામે મોકલશો.

મેસર્સ નવનીતભાઈ ગોરધનદાસ, ૧૩૮ ન્યૂ કલોથ માર્કેટ, અમદાવાદ-૩૮૦ ૦૦૨
જન્મભૂમિ પ્રેસ, જન્મભૂમિ ભવન, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧

એક અશ્વ વિશે / જયન્ત પાઠક

(શાર્દૂલવિક્રીડિત - સૉનેટ)

એ હેષા-હહણાટ, ફાળ ભરતી એ ચાલ ક્યાં તેજીલી !
ચાવી ચાકડું જાય કઠ્ઠણ, કયહીં એ દાઢ-દંતાવલિ !
પાણી પેટનું ના હલે સમથલે રેવાલ ચાલે નરી
કે પાષાણપથો ધ્રુજાવત કયહીં એ ડાબલાઓ-ખરી !
પીઠે જે અસવાર તે વિજયની ધૂને લગામ ગ્રહી
દોડાવે દઈ એડી, ખેંચી અટકાવે, ઉગ્ર યુધ્ધે ચઢે,
ઊંચો વ્હેંત ઊઠી જીનેથી ઝટકો દે, શત્રુ હેઠો પડે;
પંપાળે પછી કેશવાળી તુજને સંગ્રામસાથી લહી.

તારો તાપ-પ્રતાપ એ, વિજયનાં ડંકા-નિશાનો કયહીં ?
એ બંકો અસવાર ક્યાં ? પ્રબળ એ તારાં તુફાનો કયહીં ?
નીચી ડોક, ડગો ડગુમગુ અને છાતી ધમે હાંફથી;
ખૂણે દામણ બધ્ધ, માખી બબણે, ગાત્રો ઢીલાં કાંપથી.
આંખો કેરી ઉઘાડ-મીંચ મહીં દૃશ્યોનાં જવાં-આવવાં :
એ લૈ સજજ સવાર પીઠ ઝૂઝવાં, આ ઘાસનાં ચાવવાં !

માર્ગ ચાતરી જવાય ! / કૃષ્ણ દવે

(ગઝલ)

આ વિરાટ વિશ્વનેય ચાંચમાં ભરી જવાય,
પાંખ પણ ન ફડફડે અને ગગન તરી જવાય !

એ રીતેય પર્ણ થઈ ડાળ પર રહી શકાય,
વૃક્ષનેય ના ખબર પડે અને ખરી જવાય !

આંસુઓનો વેશ ભજવવાનો હોય તે છતાંય,
પાંપણોય ના ભીંજાય આંખથી સરી જવાય.

સ્હેજ હૂંફ ને ભીનાશથી ભરેલ જો જણાય,
પથ્થરોની આરપાર છેક પાંગરી જવાય !

રૂપ, રાગ, રંગ, સંગ નેય ના કશું જણાય,
નીંદવશ રહે બધું ને માર્ગ ચાતરી જવાય !

પરમ મિલન / ગીતા પરીખ

(પરમ્પરિત હરિગીત)

કૈં કેટલાં વર્ષો પછી તો
આજ હું મળતી મને !
હું આમ તો નિત્યે હતી
અહિંસા જ ને
ના શોધવી ક્યાંકે પડે
એવી સુલભ,
પણ એટલી રોકાયલી કૈં કામમાં
(નિષ્કામ ના !)
પરિણામની ઘટમાળમાં
ગૂંથાયલી, અટવાયલી
ક્યારેક તો રૂંધાયલી,
નવ નવ સ્વરૂપે આવરેલી જાતને
ના ઓળખી શકતી
(તો પામવાની વાત ક્યાં ?)
તૃષ્ણા અને કૈં તૃપ્તિનાં ચક્રોમહીં
ઘૂમી રહેલી
મુજ મૂળ રૂપથી દૂર દૂરે
દૂ-ર દૂ-રે ----
રે આજ કે આવી પુનઃ મુજ આંગણે
બસ પામવા મુજ જાતને
મુજને મને
કૈં કેટલાં વર્ષે મળી રહી છું મને---
ના અંતરાય ખપે હવે
કો શબ્દનો
કે શબ્દ કેરા શ્વાસનો -----!

મુક્તક / ધીરુભાઈ પરીખ

રણ મહીં રેતીપટે આ વાયુની શી ઓકળી;
ના કશું હોવું ય તેની સ્વીકૃતિ મનમોદળાં !



(ગતાંકથી પૂરું)

મહાદેવભાઈ દેસાઈ

કનુભાઈ જાની

આ નોકરી છોડી તે દરમ્યાન અમદાવાદથી નરહરિભાઈનો પત્ર હતો કે પોતે આશ્રમમાં જોડાયા છે. ૧૯૧૭ની એ વાત. વાત જાણી કે મહાદેવને એટલો આનંદ થયો કે પત્ર લખવાને બદલે પોતે જ હરખના માર્યા અમદાવાદ પહોંચ્યા મિત્રને અભિનંદવા. ત્યારે ગાંધીજીએ વાઈસરૉયને એક પત્ર લખેલો ને એ સાથે પોતાના સત્યાગ્રહના સિદ્ધાન્તો વિષે પણ લખેલું. એ મૂળ ગુજરાતીનું અંગ્રેજી નરહરિભાઈને કરવાનું હતું, ત્યાં જ મિત્ર મહાદેવ વહારે ધાયો! એણે કર્યું. આ મહાદેવે કરેલું ગાંધીજીનું પહેલું કામ. ને બાપુ એમનું ભાષાપ્રભુત્વ ને કલાત્મક હસ્તાક્ષરો જોઈ ખુશ ખુશ.

ઑગસ્ટ મહાદેવના જીવનમાં કેવો સ્મરણીય બન્યો! (ઑગસ્ટમાં નોકરીથી મુક્ત, ઑગસ્ટમાં જ ગાંધીસમર્પણ, ઑગસ્ટમાં જ - તેય અરવિંદજયન્તીદિને, સમગ્ર ભારતને હૈયે કોતરાઈ ગયેલા સ્વાતંત્ર્યદિને જ શહીદી !) ૧૭ના ઑગસ્ટમાં એમણે બેન્ક છોડી. પછી મુંબઈમાં ગાંધીજીને રોજ મળે. એમાં '૩૧મી ઑગસ્ટ ૧૯૧૭ને દિને ગાંધીજીએ એમને 'પ્રેમ, આશ્ચર્ય અને આનંદમાં ગરક કર્યા.' એ દિવસની મુલાકાત વિષે નરહરિભાઈને બીજી સપ્ટેમ્બરે એમણે એક 'તદ્દન ખાનગી' કાગળ લખ્યો. હરખ માતો નહોતો ! એ પત્રમાં બાપુની એ મુલાકાતનો ટૂંકો અહેવાલ છે. (મ.પૂ.ચ., પ્રકરણ ૧૮, પૃ. ૭૮ થી ૮૩) બાપુ જાણે મહાદેવના પ્રથમ દર્શને પ્રેમમાં પડ્યા હતા. કહે, 'તમોને હું દરરોજ હાજરી ભરવાનું કહું છું, તેનું કારણ છે. તમારે મારી પાસે આવી રહેવાનું છે.... હું જેવા જુવાનની શોધમાં ફરતો હતો તે મને મળી રહ્યો છે. તમે માનશો ? જેને મારું કામકાજ કોઈ દહાડે સોંપી દઈ હું નિરાંતે બેસું, જેને હું સુખે લટકી પડી શકું એવો માણસ...' મહાદેવભાઈ કહે, ' મેં કંઈ મારું કરેલું કામ બતાવ્યું નથી...' ગાંધીજી કહે, 'હું તો બહુ ઓછા વખતમાં માણસને જોઈ શકું છું. પોલાકને પાંચ કલાકમાં પારખી લીધેલા ... હવે તમને કહું છું કે તમે હોમરૂલ તથા જમનાદાસની વાત છોડી દો. એકાદ વર્ષ .... જગતની મજા ભોગવી લો... '

મહાદેવભાઈ કહે, 'હું તો આજ પણ આવવા તૈયાર છું.'

'તમે તૈયાર છો એ હું જાણું છું, પણ તમે જરાક જિંદગી જુઓ... એવો મારો તમને આગ્રહ છે... થોડો વખત ખેલી લઈ મારી પાસે જ આવી રહો... બીજા કામ માટે નહિ પણ મારે પોતાને માટે મને તમારી જરૂર છે...' (મ.પૂ.ચ.,૮૧) પત્ર પાછો પોતાને મોકલી દેવાનું મહાદેવભાઈ નરહરિભાઈને લખે છે. ક્યારેક પોતે 'ગિન્ની'ને વંચાવશે. ('ગૃહિણી'નું બંગાળી 'ગિન્ની'. એક જ શબ્દમાં મહાદેવભાઈનો પત્નીપ્રેમ ... કેવો છલકાય છે! પત્રોમાં દુર્ગાબહેનનો ઉલ્લેખ એ 'ગિન્ની', 'ગિન્ના' એમ કરે છે ! જુદાં રહેવાથી કાંઈ પ્રેમ થોડો ઓછો થાય ? એ તો ઊલટો વધ્યાં કર્યો છે !) આ મિલન, ગાંધીજીના આ શબ્દો 'અંતરનો અને જિંદગીભરનો ખજાનો' બન્યા. લખે છે : '.... જિંદગી હવે worth living (જીવવા જેવી) માનવા જેટલી શ્રદ્ધા મનમાં આવી છે.'

બીજે જ દિવસથી ગાંધીસોંપ્યું ગોખલેએ આપેલાં ચરિત્રાત્મક વ્યાખ્યાનોના અનુવાદનું કામ સવારે સવારે શરૂ કર્યું (એ પુસ્તકકારે 'ગોપાળ કૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો' પુસ્તક પહેલું, એ નામે, હોમરૂલ લીગ દ્વારા, મુંબઈથી ૧૯૧૮માં, ગાંધીજીની પ્રસ્તાવના સાથે, પ્રસિદ્ધ થયું.) સત્તરના નવેમ્બરમાં પહેલી ગુજરાત રાજકીય પરિષદમાં દુર્ગાબહેન સાથે ગયાં; ત્યાંથી સાથે સાથે ચંપારણ પણ બન્ને ગયાં. ત્યાંથી દિહેણ આવ્યાં, પિતાની રજા લેવા. ચંપારણ તાર કર્યો કે અમે આવીએ છીએ. પણ પિતાનું મન ન માન્યું, એટલે બીજો કર્યો કે નથી આવતાં; ને પછી મહાદેવને સ્હોરાતા જોઈ પિતાએ હા પાડી એટલે, વળી, ત્રીજો કે 'આવીએ છીએ.' ગયાં. જોડાયાં. ગાંધી તો પછી કલકત્તા કોંગ્રેસમાં ગયા, મહાદેવ સાથે. દુર્ગાબહેનને બિહારના એક ગામડામાં મોકલ્યાં; ત્યાંથી સાબરમતી આવ્યાં. પણ મહાદેવ તો બાપુની સાથે જ હોય ! ને ઘર આવે ત્યારે મહેમાનો લઈને આવે ! આતિથ્ય ને સેવામાં ઊણાં ન ઊતરે. '૧૮માં ભયંકર ઈન્ફલુએન્ઝા; ઘણા બીમાર પડ્યાં. સૌને મહાદેવ-દુર્ગા સંભાળે. અરે, એક દિવસ તો મહાદેવ-રામદાસ નવજીવનમાંથી ઘોડાગાડીમાં આવે, ત્યાં વાડજ આગળ એક વાંદરીને કૂતરાંએ પીંખી નાંખેલી, તરફડે. ઉપાડીને આશ્રમે લાવ્યા ને પાટાપીંડી કરી, રોજની સારવારથી સાજી કરી, છોડી મૂકી. એમ જ એક કૂતરીને સાજી કરી; પણ એ થોડી જાય ? એણે તો બચ્ચાં મૂક્યાં. બધાંના ઓટલા બગાડે ને કોક મારે ત્યારે દુર્ગાબહેન કહે : 'હું બધાંના ઓટલા ધોઈશ પણ કોઈ એ કુરકુરિયાંને મારશો નહિં', કાકાને લાગ્યું કે બચ્ચાં નહિ જીવે; એટલે મહાદેવને કહે, ' તમારી મંજૂરી હોય તો હું મારી નાખું.' દુર્ગાબહેન તો એ સાંભળીને જ રોવા માંડ્યાં. (મ.પૂ.ચ.;૯૦) પણ પછી આવાં મધુર ગૃહચિત્રો ક્યાંથી જોવા મળે ? ૨૫ વર્ષના (૧૭ થી ૪૨ના) ભારતીય ઈતિહાસના નવનિર્માતાના જમણે હાથે વળગીને એ ફલક પર પલકમાં ચિત્તને ફેરવવું હોય તો પેલા ઘરમાંની એકલ 'ગિન્ની'ની ત્યાગકથાને બાજુ પર રાખવી પડશે- અનિચ્છાએ પણ !

મહાદેવભાઈની પહેલાં ગાંધીજીનો કોઈ કાયમી મંત્રી નહોતો, ને આ મંત્રીને ભંગી-ભિસ્તી-રસોયા-ધોબીથી માંડીને વિદ્વાન વકતા-લેખક વિષ્ટિકાર-સલાહકાર સુધીની બધીજ કામગીરીમાં પાવરધા થવું જ પડે - એવી આકરી અપેક્ષા. આરંભેજ એક દિ' ગાંધી કહે, 'લો જોઈ, આ કેવું છે? કહો જોઈ.' ને ગોખલેનાં વ્યાખ્યાનોના એક સાક્ષરે કરેલ અનુવાદના છાપેલા ફરમા આપ્યા. પ્રસ્તાવના માટે, ગાંધી પાસે એ આવેલાં. વાંચ્યા. 'ઊંહું! ન ચાલે. તો, નરહરિભાઈને પાછું પૂછ્યું ગાંધીજીએ. મહાદેવને ખોટું લાગ્યું. છતાં પાછું કાકાનેય પૂછ્યું. સૌનો અભિપ્રાય, સદ્‌ભાગ્યે, એક જ પડ્યો ને ફરમા ગાંધીજીએ બળાવી મૂક્યા. કેટલા બધા ફરમા, ને કેવો નામી અનુવાદક! ત્રણેય ડઘાઈ ગયા. 'આની આગળ કાચું કશું ચાલશે નહિં' એની ફડક પેઠી. નાની વાતને એ મોટી ગણે ! એક વાર ગાંધીના એક અંગ્રેજી લેખનો અનુવાદ થયો. છપાયો. છતાં મથાળું ન ગમ્યું. મૂળ હતું 'ડેથ-ડાન્સ'. કહે, 'જુઓ, હું તો કરું 'પતંગનૃત્ય'.'

એ જ '૧૮ની સાલનો બીજો પ્રસંગ. ભરતીકામ ચાલે. ગાંધી-મહાદેવ નડિયાદ. પગપાળા બધે ફરે ને જે મળે સહજ રીતે તે ફાકીને રહે. એમાંથી ગાંધીજીને ઝાડા થયા. મરડો. મહાદેવને થયું કે આશ્રમમાં કમોડ વણવપરાતું પડ્યું છે; તે લખી મંગાવ્યું. તરત નરહરિભાઈ લઈને આવ્યા. જોતાં જ પૂછ્યું, 'કેમ એકાએક ?' 'આ કમોડ લઈને આવ્યો.' 'કમોડ કોણે મંગાવ્યું ?' 'મહાદેવે...' ને ગાંધીજીએ મહાદેવને ધધડાવ્યા. આશ્રમનું કમોડ મંગાવાય જ કેમ ? સ્ટેશનો પર ફાયરબકેટ્સ એમની એમ રહે છે ? કોઈ વાપરવા લઈ જાય છે ? તાકડે આવી ચડેલ વલ્લભભાઈએ વાત વાળી લીધી !

વળી ખોટું લાગે એવો એક બનાવ બન્યો. આશ્રમશાળામાં શિક્ષકોની તાણ અનુભવાતાં, નરહરિભાઈને બાપુએ બિહારથી બોલાવ્યા ને મહાદેવભાઈને ત્યાં જવા કહ્યું ! પોતાના કામથી બાપુ અસંતુષ્ટ છે એમ મહાદેવભાઈને લાગ્યું. એક પત્ર લખીને પોતાની વેદના બાપુને જણાવી ; બાપુએ કહ્યું, 'તમે જ મારી આશા પૂરી શકો એવા છો. એટલે મેં તો તમને ત્યાં મોકલ્યા. મારે મંત્રી વિના ચાલે ; ત્યાંનું કામ તમે બે સંભાળો.' ...ઉમેર્યું, 'તમે એવી સ્થિતિ કરી મૂકી છે કે તમારી જગ્યા પૂરવી લગભગ અશક્ય છે.'(શુ.૮) બન્ને બિહાર ગયા. પણ '૧૯માં કાળા કાયદા વિરુદ્ધ



આંદોલન આરંભાયું. બાપુ ને મહાદેવ ત્યારે મુંબઈ. સત્યાગ્રહીઓ માટે પ્રતિજ્ઞાપત્રો પર સહીઓ લેવી, પત્રિકાઓ કાઢવી, કાર્યક્રમો યોજવા એ બધી જવાબદારી મહાદેવભાઈ પર આવી પડી. એમાં પંજાબમાં જલિયાંવાલાનો હત્યાકાંડ બન્યો. એનો શિકાર બનેલા બાપુને મળવા મણિભવનમાં આવે, ને પોતાનાં વીતકો સંભળાવે. એ મહાદેવભાઈ અને સ્વામી આનંદ નોંધે. 'ક્રોનિકલ'માં બાપુ એ અંગે લખે, પણ એ ૫-૬ માઈલ દૂરની ઓફિસે પહોંચાડે આ ખેપિયો ! એ લેખ ગોઠવાય ત્યાં સુધી ત્યાં બેસવાનું, એનું પ્રૂફ જોવાનું, પછી ચણામમરા ફાકતા પાછા ફરવાનું. એમાં ઘણીવાર પરોઢના ચાર વાગી જતા. તો, આવીને તરત પ્રાર્થનાની તૈયારી. વાહનનો ઉપયોગ અડધેથી જ, વળતાં, એક વાર એક સાથીના આગ્રહથી કર્યો; તો ગાંધીનો ઠપકો મળ્યો ! પણ બાપુ પ્રેમા બેય એવા. એક વાર પ્રવાસમાં ચાલતી ગાડીએ આખી રાત લખવાનું કામ ચાલ્યું. ને પરોઢે મહાદેવની આંખ મીંચાઈ. ઊઘડી તો, બાપુ વેઈટિંગ રૂમમાં જઈ, ચા, ખાંડ, દૂધ, માખણ-બ્રેડ બધું ટ્રેમાં મૂકી, પ્રતીક્ષા કરતા બેઠેલા ! વહાલથી કહે, 'તારો થાક તો ઊતરવો જ જોઈએ ને !' ૬-૪-૧૯ના રોજ જલિયાંવાલા ને કાળે પંજાબ જતાં પલવલ સ્ટેશને બાપુ પકડાયા. ત્યારે કહે, 'મહાદેવ મારો વારસદાર '. ૧૯૧૯માં જ બે પત્રો શરૂ થયેલાં 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'. એક મુંબઈથી નીકળે, બીજું અમદાવાદથી. મંત્રીનો મરો ! લખે ને દોડાદોડ કરે ! ટાઢ, તડકો, ઉજાગરા બધું વેઠે. '૨૦ની વાત. સખત શરદી. પ્રવાસમાં રાજાજી પણ ખરા. જોયું કે આ મંત્રી માળો તપખીર તાણે છે ! તતડાવ્યા ! કહે, 'આ તો ગલીચ આદત !' બાપુએ હસતાં હસતાં મમરો મૂક્યો, 'પાનના જેટલી ગલીચ નહિ.' પેલા કહે, 'પણ મહાદેવ તપખીર તાણે એ તો હું જોઈ શકું જ નહિ.' ગાંધીજી ખડખડાટ હસ્યા, ને મહાદેવે તપખીરનું પડીકું બારીમાંથી બહાર ફગવી દીધું. (પણ બાપુએ ચા-તપખીરનો ઠપકો નહોતો આપ્યો. !)

એવામાં, દશરથને ત્યાં ઋષિ રામને લેવા આવ્યા'તા એવો પ્રસંગ બન્યો. '૧૯માં અલ્લાહાબાદમાં 'ઈન્ડિપેન્ડન્ટ' નામે રાષ્ટ્રિય દૈનિક પંડિત મોતીલાલજીએ શરૂ કરેલું. એ માટે મહાદેવને માગ્યા! આગ્રહ રાખ્યો. ગયા. ત્યાંથી મળતા પગારને કારણે, આશ્રમમાંથી મળતી રકમ કેમ રખાય? ચેકથી નાણાં ગાંધીજીને મોકલ્યા. બાપુએ લખ્યું, 'તમે મોકલેલો ચેક મારે

તો રાખ્યે જ છૂટકો છે, પાછો તમારે જોઈએ ત્યારે તમારે ઉપાડ્યે છૂટકો છે.' પહેલાં તો ત્યાં મહાદેવ-ભાઈ એકલા જ ગયેલા. પાછળથી દુર્ગાબહેન ત્યાં ગયાં. મહાદેવભાઈની તબિયત બરાબર નહોતી રહેતી. એમાં પત્રના માલિકો જવાહર ને મોતી-લાલ તથા તંત્રી જોસેફની



સરકારે ધરપકડ કરી. સજા કરી. પત્ર જપ્ત કર્યું. પણ મહાદેવ તો જુદી માટીના હતા. હસ્તલિખિત નકલો, સાઈક્લો કરાવીને બહાર પાડવા ધાર્યું. ત્યાં મશીનો રિસાયાં ! ન ચાલ્યાં. એટલે અખબાર પર તારીખ નાખી, રાત્રે બેસીને બે વાગ્યા સુધીમાં હાથે, બે ત્રણ જણે મળીને દસ નકલો કાઢી. અગ્રલેખનું મથાળું હતું 'I Shall not die' 'હું મરું એમ નથી.' સરકારે પકડ્યા. એક વર્ષની સજા. કોર્ટમાં દુર્ગાબહેન હાજર હતાં. તિલક કરીને, ફૂલનો હાર પહેરાવી વિદાય દીધી. નૈનીની જેલમાં મહાદેવભાઈ પર ખૂબ વીતી. એની જાણ થતાં જ ગાંધીજીએ કડક આલોચના કરી. એટલે આગ્રા જેલમાં ફેરબદલી થઈ. એ દરમ્યાન જ બહેનનાં લગ્ન હતાં. જેલ રહ્યે રહ્યે એમણે પૈસાની ગોઠવણ કરવા મિત્ર નરહરિભાઈને લખ્યું. એ જેલવાસમાં 'શરદબાબુની ત્રણ વાતો' અને 'વિરાજવહુ' અનુવાદયાં. ખ્વાજાસાહેબ પાસે રોજના બે કલાક ગાળી, ઊર્દૂ શીખ્યા, અને એમને ઉપનિષદ વિષે કહેતા. રામનરેશજી સાથે રામાયણનું પઠન કર્યું. મુશાયરો એક થયો. આપણા કવિ જમિયત પંડ્યાએ એની વિગતો આપી છે. ('વિધાપીઠ', વર્ષ ૧૨, અંક ૩, સળંગ અંક ૬૯, ૧૯૭૪; પૃ. ૭૧ થી ૭૩) ૨૦ જાન્યુઆરી ૧૯૨૨ ના રોજ યોજાયેલ આ કવિસંમેલનમાં પાદપૂર્તિ અપાયેલ 'સમાએ હૈં.' હતી. પંડિત કૃષ્ણકાન્ત માલવીયજીએ ગમ્મત કરેલી : (જેલમાં સૌનાં વજન વધેલાં એટલે)

> આગરા કા જેલ હૈ યા પ્રાંત કા અજાયબ-ઘર ?
> જીવ ભાંતિ ભાંતિ કે અનેક રૂપ આએ હૈ !
> ગણપતિ, રઘુપતિ, ભાસ્કર કી બાત કહાં ?
> શીતલા સહાયક હૂં યા મેં ધૂસ આએ હૈ.

રામદાસજી ગૌડ જેવાની ગંભીર પંક્તિઓ પણ હતી:

> એ તે બડે વિશ્વ કે વિધાના અચરજ મહા !
> મેરી નૈન-પૂતરી કે ભીતર સમાએ હૈ.

આ બધા હિંદી-ઊર્દૂ શાયરોની સાથે મહાદેવે પણ હિન્દીમાં રચના કરીને લલકારી :

> ભાષા મૈં ન જાનું ઔં ન જાનું કવિકલા કુછ
> જાનું સર્વગુણ એક મૌન મેં સમાએ હૈ.
> મૌન તોડતા હૂં સિર્ફ યહાં કહને કે લિયે :
> મૌન-બુંદ મેં હી ગુણસાગર સમાએ હૈ.

(આનો ઉલ્લેખ ૧૯ ફેબ્રુઆરી '૨૨ના આગ્રા જેલમાંથી બાપુને લખેલાં પત્રમાં પણ મહાદેવ-ભાઈએ કર્યો છે.)


આ જેલવાસ દરમ્યાન અવારનવાર, ખાસ કરીને રવિવારે ચારપાંચ કલાક મળાય એમ દુર્ગાબહેન જતાં. ૧૮-૩-'૨૨ ના રોજ ગાંધીજીને છ વર્ષની સજા થઈ. યરવડા લઈ જવાયા. ૧૦-૬-'૨૩ની સુરતની ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠકમાં મહાદેવભાઈ હાજર હતા. પછી દિહેણ પિતાને મળવા ગયા, ને પાછા અમદાવાદ. '૨૩ના જુલાઈમાં પિતા અવસાન પામ્યા, છેલ્લી ઘડીએ એ પિતાને મળી ન શકયા ! '૨૪માં નારાયણનો જન્મ. પછીના એના ઉછેર ને ભણતરની કથા વળી અલગ પ્રકરણ રોકે એવી. ચંપારણથી ભારતમાં રાષ્ટ્રિય કક્ષાના વ્યાપક સત્યાગ્રહી આંદોલનનો ગાંધી દ્વારા આરંભ થયો, ત્યારથી જ મહાદેવભાઈ એમના જમણા હાથની માફક બધાં આંદોલનોમાં સાથે જ. 'પ્રાણને જેમ હવા તેમ (મશરૂવાળા), 'ગાંધીના એકડા પાછળનું આ મીંડું, (નારાયણ)' 'બીજું ફેફસું', 'બાપુના નિતાઈ' (ચૈતન્યના ભક્તમિત્ર નિત્યાનંદ),આમ અનેક પ્રતીકો-રૂપકોથી આ બેની એકતાને ઓળખાવાઈ છે. એટલે સત્તર પછીના મહાદેવના જીવનવહેણને તપાસનારને સમગ્ર ભારતનો આ ગાળાનો ઈતિહાસ ઉખેળવો પડે- એટલા એ આ ઈતિહાસથી અભિન્ન છે, બલકે એ આ ઈતિહાસના એક અગ્રેસર નિર્માતા બની ગએલા. એક તરફથી સમગ્ર રાષ્ટ્રની કામગીરી તો બીજી તરફથી ગાંધીજીની રોજેરોજની રજે રજે વાતની નોંધ ટપકાવતા રહેવી - બન્ને કામો એક સાથે એ કરતા રહ્યાં, ઈતિહાસ ઘડતા રહ્યા ને ઈતિહાસ લખતા પણ રહ્યા ! એમની રોજનીશી મૃત્યુના આગલા દિન સુધી અનવરત ચાલી ; અખંડ સાધના ! પાઠકસાહેબ કહે છે, 'એમની ડાયરીઓને જગતસાહિત્યમાં હું તો અનન્ય માનું છું, -વિષયની મહત્તાની દષ્ટિએ, લેખકની સચ્ચાઈની દષ્ટિએ અને લેખકની શકિતની દષ્ટિએ પણ.' (શુ., ૧૦૭) ઉમાશંકર કહે છે તેમ ,'આ ડયરીમાં ગાંધીજીનું સુરેખ પ્રતિબિંબ જોઈ સ્થિરપ્રસન્ન જલાશય જેવો લેખકના ચિત્તનો પણ આહ્લાદકારી અનુભવ થાય છે.' (શુ૦, ૪૩૮) એ રોજનીશી રાખવા પાછળ એમની નેમ તો હતી એક વિસ્તૃત ચરિત્ર ગાંધીજીનું આપવાની, પણ એ મનીષા મૃત્યુને મંજૂર નહોતી; એ ચરિત્ર લખી ન ગયા, જીવી ગયા ! ગાંધીકાર્યને જગત સમક્ષ પાથરીને મૂક્યું ! એ કામની રજે રજ એ જીવી ગએલા એટલે તો પાને પાને ગાંધી પ્રત્યક્ષવત્ થાય છે, પોતે ન થાય એની કાળજી રાખી છે; હતા તો બન્ને અભિન્ન. એકબીજાનાં કામો આટોપતા.

'૨૮ના બારડોલી સત્યાગ્રહમાં સરદારની સહાયે પોતે ન જતાં, ગાંધીજીએ મહાદેવને મોકલ્યા. ત્યારે સરદારના મંત્રી તરીકેની કામગીરી

બજાવી. ગામે ગામ ફરી લોકોને અન્યાયની સામે થવા તૈયાર કર્યા. સત્યાગ્રહ પછી બ્રૂમફિલ્ડની તપાસસમિતિ સમક્ષ રજૂઆત કરવાના પુરાવાઓ સરદારને ઘડી આપ્યા. રાજકોટના ઉપવાસ વખતે દિલ્હીમાં માંદા. પથારી છોડીને એવા કામે લાગી ગયા કે વીરાવાળો મહાત થયો. '૨૯માં ગાંધીજી લગભગ આખું વર્ષ આશ્રમમાં રહ્યા. નોકર તો કોઈ રાખી ન શકે, ને દુર્ગાબહેનને વાનું દરદ. મહાદેવભાઈ કૂવે પાણી સીંચી, બે ડોલની કાવડ કરી, ઘેર લાવે! એક વાર મોટી ડોલ છટકી, લપસ્યા; કૂવાના પંરથાર પર ચત્તાપાટ પડ્યા, ને પંદર દિ'નો ખાટલો થયો. છતાં 'યંગ ઇન્ડિયા', 'નવજીવન'ના સાપ્તાહિક લેખો કે પ્રૂફોનું કામ ન પડ્યું ! લાહોર કૉંગ્રેસ વખતે અપરિગ્રહ પર ગાંધીજીએ ભાર મૂકતાં પોતાની બધી જ સ્થાવરજંગમ મિલકતનો મહાદેવભાઈએ ત્યાગ કર્યો. દાંડીકૂચ (૧૯૩૦) વખતે ૭૮ સત્યાગ્રહીઓમાં સમાવાનું માન મેળવવા કરતાં, પાછળ રહી, અન્ય કામગીરી સંભાળવાનો ને વાતાવરણ જીવન્ત રાખવાનો ભાર તેમણે સ્વીકાર્યો. 'નમક કા કાયદા તોડ દિયા' નાદ ગજવતા મીઠાની પડીકીઓ વહેંચે-વહેંચાવે; લડતને ગામેગામ ને શેરીએ શેરીએ પહોંચાડે. એક વાર મીઠું ભરેલ એક ગાડું ભરીને આવતા પોલીસે પકડ્યા. લોકો ગિન્નાયા. તુમાખી ગોરે લોકોને ગાળો ભાંડવા માંડી, એટલે લોકમાંથી કોકે પથ્થર ફેંક્યો. સાર્જન્ટને વાગ્યો. મહાદેવભાઈએ એની માફી માંગી. પોતાને પકડી જતા હતા તે ગાડી થોભાવવા કહ્યું જેથી લોકોને એમની ભૂલ સમજાવી શકે. સાર્જન્ટ વધુ ગુસ્સે થયો. 'ગાડી થોભાવવાનું કહેનાર તમે છો કોણ? નામ આપો તો !' એની પાસે પેન નહોતી. એટલે પોતે પેન આપી. નામ લખાવ્યું. પેલાએ પેન પાછી આપવા માંડી એટલે ન લેતાં કહે, 'રાખો, પણ પેલો પથરો લાવો.' 'શું કરશો ?' 'એને બહાર ફેંકી દઈશ. નઠારી વસ્તુઓ ફેંકી દેવી. ભૂલી જવું.'

દાંડીકૂચ વખતે સ્વરાજ વિના આશ્રમમાં પગ ન મૂકવાની ગાંધીજીની પ્રતિજ્ઞા હતી. પછી એ પકડાયા, છૂટ્યા. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં લંડન ગયા. ત્યાં રોજના ૨૦ કલાક કામ કરતા ! તેમાંય એક વાર 'યંગ ઇન્ડિયા' માટેનું લખાણ મોકલવાનું હતું ત્યારે તો મટકું ય મારવા ન મળ્યું, ૨૪ કલાક જાગ્યા ! વચમાં માત્ર એક કલાકનો મધ્યાન્તર (શુ. ૧૨૧) '૩૨માં 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' બંધ થયાં, પણ '૩૩માં 'હરિજન' પત્રો શરૂ ને ગાંધીના એકવીસ દિવસના ઉપવાસો. છૂટ્યા. પાછા પકડાયા. એક વર્ષની સજા થઈ. પણ ૧૬મી ઓગસ્ટથી આમરણ અનશન આરંભતાં, ૨૩મી ઓગસ્ટે સરકારે છોડ્યા. પ્રતિજ્ઞા પ્રમાણે સાબરમતી આશ્રમનું વિસર્જન કર્યું. એટલે વર્ધા

ગાંધીજી સાથે



જઈને રહેવાનું રાખ્યું. મહાદેવભાઈ પણ ત્યાં જ ગયા. છ માસ પછી બાપુ ત્યાંથી સાડા પાંચ માઈલ પરના સેગાંવ (સેવાગ્રામ) રહેવા ગયા; પણ ત્યાં રહેવાની જોગવાઈ ન હોવાથી મંત્રીશ્રીને તો વર્ધા રહી, રોજ પેદલ અગિયાર માઈલ જવું-આવવું પડતું. '૩૬ની સાલમાં અમદાવાદમાં ગાંધીજીને પ્રમુખપદે ગુજરાતી સાહિત્યપરિષદનું સંમેલન ભરાયું, ત્યારે પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ હતા મહાદેવભાઈ. એમણે ત્યારે 'વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો' વિષે સરસ વ્યાખ્યાન આપેલું. '૩૭માં પ્રધાનપદોનું નિમંત્રણ, ગાંધીસેવાર્થે, નકાર્યું. ગાંધીમય જ બની બેઠેલા. એ શું વિચારે છે તે કળી જતા. એમની ચિન્તાને પોતાની કરતા, ને ટાળવા મથતા. એક વાર ગાંધીજી દિલ્હીમાં હરિજનવાસમાં. ટાગોર 'વિશ્વભારતી' માટે ફંડ ઉઘરાવવા નીકળેલા, એ સાંભળીને બેચેન ! રાતે ઊંઘ ન આવે. મહાદેવભાઈએ પૂછ્યું, બાપુએ જણાવ્યું. મધરાત વીતવા આવી હતી. બાપુ જરાક આડા થયા કે મહાદેવ ચાલી નીકળ્યા, બિરલાજીને ત્યાં ! એ પ્રસંગ બિરલાજીના શબ્દોમાં : "હું હજી નિદ્રાવશ થયો ન હતો...કોઈકના પગરવથી જાગી ઊઠ્યો. કોણ છે ?... 'એ તો હું. મહાદેવભાઈ ચુપચાપ મારા ઓરડામાં આવીને મારા પલંગ પાસે બેઠા. 'મહાદેવભાઈ, તમે ? રાત્રે કેમ ? છે તો બધું કુશળ ને ?' 'હા...થોડી વાતચીત કરવી છે....' 'કહો'... પછી તો મહાદેવભાઈની વાગ્ધારા ચાલી. ઓજ અને કળાથી તેમણે ગાંધીજીની મર્મવેદનાનું ચિત્ર દોર્યું હતું...તે આખુંયે દશ્ય મારી આંખ સામે રમી રહ્યું. મહાદેવભાઈની વાણીમાં ભાવુકતા હતી. મૃદુતા હતી અને તેજસ્વિતા હતી.

ગુરુદેવનાં ગુણગાન, ગુરુદેવને આ વૃદ્ધાવસ્થામાં થોડા એવા પૈસા માટે નાચવું પડે એ આપણું દુર્ભાગ્ય, અને બાપુની અંતરવેદના - આ બધી વસ્તુઓનું મર્મસ્પર્શી ચિત્ર મારા હૃદય ઉપર અંકિત થતાં મને રડવું આવી ગયું. 'બાપુએ કહ્યું કે, ઘનશ્યામદાસને કહો કે તેઓ પોતાના શ્રીમંત મિત્રોને લખે અને છ જણ મળીને દસ-દસ હજારની રકમ ગુરુદેવને આપી, હિન્દુસ્તાનને આ શરમમાંથી બચાવી લે અને ગુરુદેવને નિશ્ચિન્ત કરીને શાન્તિનિકેતન પાછા મોકલી આપે'... એમના શાન્ત પરંતુ માર્મિક વક્તવ્યે મારા માટે બીજો કોઈ નિર્ણય જ રહેવા દીધો ન હતો.'

ઠક્કરબાપાની સિત્તેરમી જયન્તી વખતે પણ બાપુએ મહાદેવને મુંબઈ મોકલેલા, તે થોડા દિવસોમાં જ સવા બે લાખ લઈ આવેલા, ગુજરાતના દુકાળ વખતે સાત-આઠ લાખ.

ભાષા પ્રભુત્વ ને લખવાની ઝડપ બન્ને એવાં કે ગાંધીજીનાં વ્યાખ્યાનો આખેઆખાં ઉતારી શકે, એ તો ઠીક; પણ ગાંધીજી ગુજરાતી કે હિન્દીમાં

બોલતા હોય ને મહાદેવભાઈ સીધો ને સીધો અંગ્રેજી અનુવાદ ઉતારતા જાય. વાક્પ્રવાહની સાથોસાથ જ ! અતિનિકટતા મોટી અપેક્ષા ઊભી કરે, અને નાની વાત ક્યારેક મોટું રૂપ લેતી લાગે. એવું એક વાર બન્યું ૧૯૩૮માં. ઓરિસ્સાના ડેલાંગ ખાતે ગાંધી સેવાસંઘનું અધિવેશન. પાસે જ જગન્નાથપુરી. એટલે કસ્તૂરબા, બાળાસાહેબ ખેરનાં વૃદ્ધ આઈ, દુર્ગાબહેન, બીજી થોડી બહેનો, સ્વામી આનંદ અને નારાયણ પુરી ગયાં. સ્વામી આનંદ બહાર જ બેઠા; નારાયણ માત્ર બહાર રહ્યો એટલું જ નહિ, પંડાઓ સાથે હરિજનપ્રવેશ અંગે ચર્ચા પણ છેડી બેઠો. બહેનો બધી અંદર ગઈ.


હવે જે મંદિરમાં હરિજનો ન જઈ શકતા હોય ત્યાં ન જવું એવો ઠરાવ થયેલો ને આગ્રહ રખાયેલો. છતાં ગયાં; ગાંધીજીએ જાણ્યું. વલોવાયા. કહે, 'મેં બાની કેળવણી તરફ દુર્લક્ષ આપ્યું છે; એમની ભૂલ માટે હું જવાબદાર છું. પણ તમે, મહાદેવ, નારાયણનું ધ્યાન રાખ્યું એટલું દુર્ગાનું ન રાખ્યું ! હરિજનોના મંદિરપ્રવેશ અંગે લેખો લખો, પણ આચરણમાં આવું !' મહાદેવભાઈ ચૂપ. બધે શોક ને ફફડાટ . બાપુ ઉપવાસ કરશે તો? મહાદેવભાઈએ રડતે હૈયે લખી મોકલ્યું, 'હું આપની સેવા કરવાને લાયક નથી. મને રજા આપો.' છેવટે રૂબરૂ બાપુ પાસે ગયા રજા લેવા ! આંખો તો રડી રડીને લાલઘૂમ ! ત્યાં બોલી ન શક્યા. આંખે શ્રાવણ-ભાદરવો ! બાપુ પણ રડી પડ્યા. કહે, 'તમે મને છોડી શકો જ કઈ રીતે? ને હુંયે તમને છોડીને ક્યાં જાઉં ?' (શુ., ૬૩-૬૪; ૨૨; ૧૧૧)

૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે આગ્રહપૂર્વક બહારની કામગીરી ઉપાડી. સરદારની ગેરહાજરીમાં રેલસંકટનું કામ પણ કર્યું. એટલું કર્યું કામ કે ન્યૂમોનિયામાં પટકાણા. અમદાવાદના રમખાણ વખતે પત્ની મરણપથારીએ છતાં શાન્તિઅર્થે મથતા રહ્યા. શાન્તિસેનાની કામગીરી ઉપાડી. ગાંધીજીનું એક કામ એવું નહિ હોય જે મહાદેવે ઉપાડ્યું ન હોય. પણ આગામી આઝાદીજંગમાં હવે ગાંધી અનશન કરી બેસશે એ ફડકો મનમાં પેઠો. વર્ધામાં એક હૃદયરોગનો હુમલો થઈ ચૂકેલો. હવેની લડતમાં સરકારને ગાંધી પકડ-છોડ-પકડની રમત રમવા દેવા નહોતા માગતા. તો પછી ? અનશન જ! બાપુ જોડે આ અંગે મહાદેવ ચર્ચા કરતા, પણ બાપુ બાંહેધરી ન જ આપે ! ને મહાદેવનો ધ્રાસકો વધતો જાય.

એમાં બેંતાળીસનો આખરી સંગ્રામ આવ્યો. 'હિન્દ છોડો'નો નાદ છૂટ્યો, ને ૯મી ઓગસ્ટે બાપુ પકડાયા. સાથે મહાદેવભાઈ અને મીરાંબહેન પણ. કસ્તૂરબા પણ જેલમાં સ્વેચ્છાએ જોડાયાં. પણ છઠ્ઠે જ દિવસે "આગાખાન મહેલની જેલમાં, પ્રભાતને પહોરે, આ 'ગુલે ગુજરાત' ઢળી પડ્યું !" એ છેલ્લા દિવસનું આબેહૂબ ચિત્ર ડૉ. સુશીલા નય્યરે આપ્યું છે. એમના અંતિમ સંસ્કાર બાબતમાં ગાંધીજીને ત્યારે સરકાર સામે નાનકડો સત્યાગ્રહ કરવો પડ્યો ને અગ્નિદાહનું ચિત્ર...હાથમાં દોણી લઈ સામાન્ય રીતે પુત્ર પિતાના અગ્નિ સંસ્કારે નીકળે, અહીં એક હાથમાં લાકડી, બીજે હાથે દોણી - સળગતા છાણાવાળી - લઈને બાપુ નીકળ્યા. એ ચિત્ર કેમેય ભુલાય એવું નથી. સ્વજનો - દુર્ગાબહેન અને નારાયણભાઈને તો આ ખબર સરકારે રીતસર આપ્યા બાવીસ દિવસે ! બાપુ-મહાદેવની જોડી ખંડિત થઈ !

અક્ષર ને અંતર બેયથી દેખાવડા. બહારના રૂપનું વર્ણન તો સ્વામી આનંદે આપ્યું છે. 'કિરતારે શરદપૂનમની ચાંદનીને ગંગાજળમાં ઝબોળીને હેમની એરણ પર હીરાની હથોડીએ ઘડેલા. હાજરાહજૂર યુનાનું શિલ્પ.' (શુ. ૬૧) એમનું અક્ષરધન જોઈએ તેટલું હજી અભ્યાસાયું નથી ! પત્રકારત્વ, ડાયરી, ચરિત્ર, ઇતિહાસ અને અનુવાદ-આ પંચવિધક્ષેત્રે એમનું અવિસ્મરણીય પ્રદાન. અનુવાદમાંય ગુજરાતીમાંથી અંગ્રેજીના અનુવાદ - બાબતમાં તો કદાચ એ આજ સુધી અપવાદરૂપ લાગે એવા સિદ્ધહસ્ત. આત્મકથાનો એમનો અંગ્રેજી અનુવાદ, નહેરુની આત્મકથાનો ગુજરાતી અનુવાદ અને મોર્લીનો અનુવાદ - આપણા સમગ્ર અનુવાદ સાહિત્યમાં નમૂનારૂપ બને તેવા અનુવાદો છે. અનાસક્તિયોગના ગુજરાતી અનુવાદનો એમનો અંગ્રેજી અનુવાદ વળી વિરલ નમૂનો; પણ એની અંગ્રેજી પ્રસ્તાવના તો ગીતા પરનું એક મહત્ત્વનું ઠરે એવું ચિન્તનસભર પાંડિત્યપૂર્ણ ભાષ્ય છે. ડાયરીઓ તો જગતનો રત્નમણિ ઠરશે, નક્કી; પત્રોમાંના લેખો હજી પૂરા ગ્રંથાયા નથી. એમનું અક્ષરધન માતબર છે, ને અંતર તો વળી એથીય વધુ ઊજમાળું હતું. સ્વિનબર્નની પંકિતઓનું એમણે ભાષાન્તર કર્યું છે. એમાંના 'રાજવી નર' જેવા એ હતા.

> નથી કાંઈ આપણી વચ્ચે, નરો કાંઈ રાજવી જેવા -?
> થતા વશ ના જમાનાને, જમાનો વશ થતો જેને. ☐


"Would that even for a day we had behaved ourselves well in this world!"
"Be keeping always in readiness, and so live, that death may never find thee unprepared."
— Thomas à Kempis

"They are slaves who fear to speak
For the fallen and the weak;
They are slaves who will not choose
Hatred, scoffing and abuse,
Rather than in silence shrink
From the truth they needs must think
They are slaves who dare not be
In the right with two or three."

- મહાદેવભાઈના હસ્તાક્ષર ('મહાદેવભાઈની ડાયરી' પૃ.૧ માંથી)

મહાદેવભાઈના હસ્તાક્ષર

પ્રામાણિકતા એ કોઈના પિતાશ્રીનો ઈજારો નથી

વિનોદ ભટ્ટ

ડૉ. સ્મોટેટે એક ભિખારીને ભૂલમાં એક ગીનીનો સિક્કો આપી દીધો. ભિખારીને આની ખબર પડી એટલે તેણે ડૉ. સ્મોટેટ પાછળ દોટ મૂકી અને ભૂલથી અપાયેલ સિક્કો ડૉક્ટરને પરત કરી દીધો. તેની પ્રામાણિકતાથી અંજાઈને ડૉક્ટરે એ ગીની ઉપરાંત બીજી પણ એક ગીની ભિખારીના હાથમાં મૂકી. તેમનાથી સહસા બોલી જવાયું : 'હે ઈશ્વર ! પ્રામાણિકતા પણ કેવી કેવી જગ્યાએ જઈને વસે છે !...'

ઉપરના કિસ્સામાં ભિક્ષુકને પ્રમાણિક બનવા માટે એક ગીની ઇનામ પેટે મળી, પણ મોટાભાગે પ્રામાણિકતા માટે આ પ્રકારનું ઇનામ માણસને મળતું નથી, કેમકે પ્રમાણિક રહેવું એ દરેક માણસની ફરજ લેખાય છે- પ્રમાણિક બનીને તે કોઈના પર અહેસાન નથી કરતો. કદાચ આ જ કારણ સર નેપોલિયને ખીજમાં કહ્યું છે કે જો તમારે ગરીબ જ રહેવું હોય તો તેનો યોગ્ય રસ્તો પ્રામાણિકતા છે. પ્લેટોએ આ વાત જરા જુદી રીતે કરી છે. 'પ્રામાણિકતા મહદ્અંશે અપ્રામાણિકતાના મુકાબલે ઓછી ફાયદાકારક રહી છે.'

પ્રામાણિકતા લગભગ તો ખોટા સરનામે જ રહેતી હોય છે. તેને સંતાઈ જવાના દિવસો આવી રહ્યા છે, પણ એક જમાનામાં તે માથું ઊંચું રાખીને જાહેરમાં ફર્યા કરતી હતી. ગાંધીજી અને આચાર્ય કૃપલાની પ્રવાસમાં સાથે હતા. ગાંધીજી ટ્રેઈનમાં થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરતા. આચાર્ય પણ તેમની સાથે થર્ડ ક્લાસમાં હતા. તેમના કોઈ મિત્ર ફર્સ્ટ ક્લાસમાં હતા એટલે આચાર્ય તેને મળવા ગયા. બે-ત્રણ સ્ટેશન પસાર થઈ ગયાં હતાં ને ડબ્બામાં પાછા ના ફર્યા એટલે ગાંધીજીએ પોતાના પુત્રને કહેવા મોકલ્યા કે તમારી પાસે થર્ડ ક્લાસની ટિકિટ છે, તમે ફર્સ્ટ ક્લાસમાં બેસી ના શકો, એ માટે ફર્સ્ટ ક્લાસની ટિકિટ લેવી પડે. ગાંધીજીના પુત્ર કૃપલાનીને કહેવા ગયા એ વખતે કૃપલાનીજી વાતોમાં મશગુલ હતા. તેનું કહેવું સાંભળીને મનમાં હસ્યા ને વાતો ચાલુ રાખી. બીજા સ્ટેશને ગાંધીજીએ ફરીથી આ વાતની યાદ દેવડાવવા પુત્રને મોકલ્યા એટલે કૃપાલનીજીએ પોતાના ખિસ્સામાંથી ફર્સ્ટ ક્લાસની ટિકિટ કાઢી તેમને બતાવીને ગુસ્સાપૂર્વક માહિતી આપી :'Honesty is not your father's monopoly.' (પ્રામાણિકતા એ કંઈ તારા પિતાશ્રીનો ઇજારો નથી.)

વિશ્વામિત્રની ઇચ્છા તપોભંગ થવાની નથી હોતી એ રીતે અપ્રમાણિક થવાની ઇચ્છા કોઈની નથી હોતી. પણ માણસની આંખ સામે પ્રમાણિક અને અપ્રમાણિક બનવાની સરખી તક હોય ત્યારે તેમાંથી સાચી પસંદગી કરવાનું તેનાથી ચૂકી જવાય છે. એક માનસશાસ્ત્રીએ માત્ર ગમ્મત ખાતર ટેલિફોન ડિરેક્ટરીમાંથી એક સો સ્ત્રી-પુરુષોનાં નામ આડેધડ પસંદ કરીને દરેકને રૂપિયા એકસોનો ચેક મોકલી આપ્યો. ચેક સાથેના પત્રમાં લખ્યું કે તમે અગાઉ અમારે ત્યાંથી જે ખરીદી કરી હતી તેમાં ભૂલથી આ રૂપિયા વધારે ચૂકવી દીધા હતા. તે તમને આ સાથે પરત કરવામાં આવે છે. આ સોમાંના ૧૩ જણાએ ચેક પાછો વાળતાં જણાવ્યું કે હિસાબમાં કંઈક ભૂલ લાગે છે.

આ તેર જણાએ બીજા તેરસો જણને ચેક પરત કર્યાની વાત કરી હશે. કેમકે આ વિશ્વમાં માત્ર પ્રમાણિક હોવું પૂરતું નથી. લોકો આપણને પ્રમાણિક માણસ તરીકે ઓળખે અને સ્વીકારે એ આપણે મન મહત્ત્વનું છે. કેટલીકવાર એવું બને છે કે કોઈ કરોડપતિની આબરૂ બજારમાં દસ રૂપિયા જેટલી પણ નથી હોતી. ને ગરીબ માણસની શાખ લાખની હોય છે. મોરારજીભાઈ દેસાઈ. તેમણે સરકારની અત્યંત ખાનગી માહિતી ફોડવા માટે પૈસા લીધા હતા એવો આક્ષેપ હર્સ નામના એક વિદેશી પત્રકારે કર્યો હતો ને આ સામે મોરારજીભાઈએ રૂપિયા બે કરોડનો બદનક્ષીનો દાવો માંડ્યો હતો. આ દાવામાં મોરારજીભાઈ હારી ગયા તો પણ આપણે એ વાત માનવા હરગીઝ તૈયાર નથી કે તેમણે અપ્રામાણિકતા આચરી હોય - તેમની પ્રામાણિકતાનો આંક રાતી પાઈ જેટલો પણ નીચે ઉતર્યો નથી પણ ઇન્દિરા ગાંધી પ્રતિષ્ઠાનમાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અંતુલેએ કરોડો રૂપિયા ખાધા છે કે બોફોર્સના સોદામાં અમુક કે તમુક પરિવારના સભ્યોએ કટકી ખાધી છે એવું માનવા પ્રજા સતત પ્રેરાયા કરે છે. ગાંધીજી કોઈ રાજકીય હોદ્દા પર નહીં હોવા છતાં તેમને ફંડમાં લોકોએ કરોડો રૂપિયા દાનમાં આપ્યા હતા. આ ફંડનું તમે શું કર્યું ? પૈસા ક્યાં ક્યાં વાપર્યા ? એવો હિસાબ ગાંધીજી પાસે માગવાની કોઈએ ધૃષ્ટતા નહોતી કરી. તેમની પ્રામાણિકતા ઘણી વિશ્વસનીય હતી.

આપણી પ્રામાણિકતા વિશે માત્ર આપણો જ નહીં, લોકોનો મત પણ ઊંચો હોવો જોઈએ. ધર્મરાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવો હતો. આ યજ્ઞ માટે પુષ્કળ ધન જોઈએ. આ તો બધા નિર્વાસિત હતા. કૌરવોને હાંકી કાઢ્યા હતા. એક કુબેર પાસે જ ધીરધારનું લાયસન્સ હતું. જો કે તેણે પોતાની દુકાન પર પાટિયું નહોતું માર્યું કે, 'તમારી અગવડે મળો.' યુધિષ્ઠર અન્ય કામમાં રોકાએલા હતા એટલે તેમણે પોતાના ભાઈ ભીમને કુબેર પાસે ઉધાર નાણાં લેવા મોકલ્યો. ભીમે કુબેર પાસે નાણાં માગ્યાં. કોઈ સામાન્ય ધીરધાર કરનાર માણસ હોય તો પ્રોમિસરી નોટ પર સહી લઈ, વ્યાજના પૈસા કાપી લઈ નાણાં આપી દે. પણ આ કુબેરે તો શરત કરી કે હું તમને જે પ્રશ્ન પૂછું એનો તમારે જવાબ આપવાનો ને આ જવાબ પ્રમાણિક લાગશે તો જ હું પૈસા આપીશ. પ્રશ્ન એ છે કે, 'તમે જે આનંદથી મારી પાસેથી પૈસા લઈ જશો એટલા જ આનંદ ને ઉત્સાહથી એ પૈસા પરત કરશો ?' 'હા, ચોક્કસ. પૈસા ઉધાર લીધા છે તો આપીશું જ ને !' ભીમે જવાબ આપ્યો. મારે તમને નાણાં નથી ધીરવા કહીને ભીમને તેણે રવાનો કર્યો. પછી અર્જુન, સહદેવ ને નકુલને મોકલવામાં આવ્યા. આ ત્રણેએ ભીમવાળી કરી એટલે તેમને નાણાં ધીરવામાં કુબેરે નનૈયો ભણ્યો. છેલ્લે યુધિષ્ઠિર જાતે ગયા. કુબેરે ભીમને પૂછ્યો હતો એ જ સવાલ યુધિષ્ઠિરને પૂછ્યો. યુધિષ્ઠિરે ઠંડકથી પ્રત્યુત્તર વાળ્યો, 'નાણાં ઉછીના લેનારને લેણદાર પાસેથી નાણાં લેતી વખતે થાય છે એવા આનંદની લાગણી તેને એ નાણાં પરત કરતી વેળાએ થતી હશે કે કેમ એની મને ખબર નથી, પણ એટલું તો હું ચોક્કસ કહું છું કે આનંદથી કે દુઃખથી બેળે બેળે ય તમારા પૈસા હું દૂધે ધોઈને ચૂકવી દઈશ એ નક્કી...'

યુધિષ્ઠિરનો નિખાલસ જવાબ કુબેરને સ્પર્શી ગયો, તેણે તરત જ સોનામહોરો ગણી આપી.

અત્યારે તો આબરુદાર માણસને ય બૅંકમાંથી ઉધાર નાણાં જોઈતાં હોય તો યે સદ્ધર આસામીઓને જામીન તરીકે રજૂ કરવા પડે છે ને તે પણ લાં...બી લખાપટ્ટી બાદ તેને આકરા વ્યાજથી લોન મળે છે. પણ નરસિંહ મહેતા જેવા અકિંચન બ્રાહ્મણે પોતાનો કેદારો (કેદાર રાગ) ગીરે મૂકીને નાણાં મેળવ્યા હતા ને પેલી દંતકથાનો રજપૂત પોતાની મૂછનો એક વાળ ગીરે મૂકીને શાહુકાર પાસે પૈસા લેવા ગયો ત્યારે તેની કસોટી કરવા શાહુકારે કહ્યું, 'રે ભાઈ, આ વાળ તો વાંકો છે'. ત્યારે રજપૂતે કહ્યું હતું કે વાંકો વાંકો પણ મારી મૂછનો વાળ છે ને ત્યારે કુબેરની જેમ આ જવાબથી સંતોષ પામીને તેણે રજપૂતને પૈસા ઉછીના દીધા હતા. પછી એ જ ગામનો બીજો એક માણસ આ વાત જાણીને એ શાહુકાર પાસે ગયો. પોતાની મૂછનો વાળ આપી એ સામે ધીરાણ કરવા વિનંતી કરી. શાહુકારે રજપૂતને કહ્યું હતું એ જ વાક્ય કહ્યું કે આ વાળ તો વાંકો છે ભાઈ...ત્યારે પેલાએ તરત જ પોતાની મૂછનો બીજો વાળ તોડી આપતાં કહ્યું કે લો, પેલા કરતાં આ થોડો સીધો છે...આ માણસને નાણાં આપવાને બદલે શાહુકારે મૂછો મૂંડાવી નાખવાની સલાહ આપી હતી ને જણાવ્યું હતું કે ફરી મૂછો ઊગે ને બધાજ વાળ સીધા દેખાશે ત્યારે જ પૈસા ધીરીશ.

બીજાઓમાં પ્રમાણિક માણસની છાપ ઊભી કરવા માટે એના નમૂના સતત પેશ કરતા રહેવું પડે છે. મુનશીએ આ વાત બહુ સુંદર રીતે કરી છે. તેમની પાંચમી પેઢીએ ભૂખે મરતા એક મુનશી પાસે પડેલી વસ્તુ ચોરવાની ઇચ્છા થતાં, હું કિશનદાસ મુનશીનો દીકરો છું, એમ મનમાં બબડી તે હતો એવો ચોખ્ખો-પ્રમાણિક બની જતો... કોઈએ એક જણને પૂછ્યું કે તમે રસ્તા પર ચાલતા હો ને તમને વીસ લાખ રૂપિયા ભરેલું પાકિટ જડે તો તમે શું કરો ? 'જો એ કોઈ પ્રમાણિક સરકારી ઑફિસરનું હોય તો તેને તે પરત કરી દઉં...' જેવો જવાબ એ જણે આપ્યો હતો. આ લખતી વખતે એક ટચુકડી વાર્તા યાદ આવે છે. વાર્તાના લેખકનું નામ સ્મરણમાં નથી. એક માણસ બૅંકમાં પોતાના ખાતામાંથી પૈસા ઉપાડવા જાય છે. કાઉન્ટર પર એક રણીધણી વગરની નવીનકોર છત્રી પડેલી તે જુએ છે. તે આસપાસ નજર ફેરવે છે. કોઈનું ધ્યાન તેની કે છત્રી તરફ નથી એ જાણીને તે પૈસા લઈને છત્રી બગલમાં દબાવી ઝડપથી ઘરભેગો થઈ જાય છે. એ સાંજે બૅંકનો કેશિયર તેનું શોધતો આવે છે. 'મહેશભાઈ તમારું નામ ?' કેશિયર પૂછે છે, 'હાજી, હું મહેશ.' 'તમે આજે બૅંકમાં પૈસા લેવા આવેલાને ?' પેલાએ પ્રશ્ન કર્યો. આ સાંભળી મહેશભાઈને પેલી છત્રી યાદ આવી ગઈ. કદાચ પોતે આ કેશિયરની છત્રી તો નથી ઉપાડી લીધીને ! એ વિચારે હૃદય એક ધબકાર ચૂકી જાય છે. પેલો માગે ત્યાર પહેલાં જ, પોતે ભૂલમાં તેની છે એવા ખ્યાલથી છત્રી ઉપાડી હતી એવું કહી દેવા તે તત્પર થાય છે. ત્યાં જ કેશિયર બોલે છે : 'તમે ઝડપથી બૅંકમાંથી નીકળી ગયા, પણ રૂપિયા સોની એક નોટ તમે ભૂલમાં ઓછી લઈ ગયા છો,' જોકે મારા ગણવામાં ભૂલ થઈ ગએલી તે આપવા આવ્યો છું. સાચું કહું તો ઘડીભર તો મને થઈ ગયેલું કે આ નોટ રાખી લઉં, પણ પછી થયું કે એવા હરામના પૈસા મારાથી કેમ લેવાય !...'

બૅંકમાં નોકરી દરમિયાન અપ્રામાણિકતા આચરવા બદલ જેને જેલવાસ ભોગવવો પડ્યો હતો તે મહાન વાર્તાકાર ઓ. હેન્રી કહે છે, 'પ્રામાણિકતા અને અપ્રામાણિકતાને અલગ તારવી આ બન્નેની વ્યાખ્યા કરી શકાય તેમ નથી, કેમ કે આ બન્ને વચ્ચે એવી કોઈ ભેદરેખા નથી, બન્નેની સરહદોની વચ્ચે ભેળસેળ થઈ જાય છે. જે કોઈ આ ભયજનક મેદાન પર પગ મૂકવા પ્રયાસ કરે છે તે ક્યારેક આ તરફ તો ક્યારેક પેલી તરફ ડગલાં ભરતો હોય છે.' આપણે એ જાણીએ છીએ કે અપ્રામાણિકતા શબ્દમાંય પ્રામાણિકતાનો સમાવેશ થતો હોય છે. કેટલાકને મન પ્રામાણિકતા ને અપ્રામાણિકતા સાપેક્ષ છે. એક યુવાન પોતાના ધંધાની શરૂઆત કરતો હતો ત્યારે તેના પિતાએ તેને સફળતાની ચાવી રૂપ સોનરી સલાહ આપતા કહ્યું કે, 'બેટા, એક વાત યાદ રાખજે, પ્રામાણિકતા એ શ્રેષ્ઠ નીતિ છે, ઉત્તમ ચીજ છે...' 'તમારું કહેવું સાચું છે, પણ...' દીકરાએ પપ્પાને પ્રશ્ન કર્યો : 'ધંધાની નીતિમત્તા કોને કહેવાય ? ધારો કે કોઈ માણસ મારી દુકાનેથી માલ ખરીદે છે અને ભૂલમાં પચાસની એકને બદલે બે નોટો આપી જાય છે, તેના ગયા પછી મને આ હકીકતની જાણ થાય છે. હવે આ વાત મારે મારા ભાગીદારને કરવી કે નહીં ? ધંધાકીય નીતિમત્તા શું કહે છે ?' તેના પિતાએ તેને ધંધાકીય નીતિમત્તા સમજાવી કે નહીં તેની માહિતી નથી, પણ જે માણસ પોતાની પ્રામાણિકતાને પોતાના સુધી જ સીમિત રાખે છે, પ્રામાણિકતા પર કાબૂ રાખે છે, તે વધુ સુખી થાય છે એવું અનુભવીઓનું તારણ છે. પરંતુ જે માણસ પ્રમાણિક તરીકે જાહેરમાં પંકાઈ ગયો હોય છે એને માટે અપ્રમાણિક બનવું અત્યંત દુષ્કર છે. એ પોતે જ ભૂલી શકતો નથી કે તે પ્રમાણિક છે. બધા તેને એ વાતની યાદ સતત આપ્યા કરતા હોય છે.

લા બ્રુયેરનું વિધાન છે કે થોડીઘણી પ્રામાણિકતા કોઈપણ ધંધા કે વ્યવસાયમાં અપનાવવામાં આવે તો ચોક્કસ શ્રીમંત બની શકાય છે, પણ થોડીઘણી એટલે કેટલી? એ બાબત તેણે ચોખવટ કરી નથી, ટકાવારી આપી નથી.

જોકે અપ્રમાણિક કરતા પ્રમાણિક માણસની બીક લોકોને વધારે લાગે છે. પ્રશિયાનો રાજા ફ્રેડરિક બીજો બર્લિનની જેલ કેવી ચાલે છે એ જોવા ગયો. જેલના કેદીઓ રાજાના ચરણમાં ઢળી પડ્યા. પોતે નિર્દોષ છે એવું બધા એક અવાજે કહેતા, પોતાની નિર્દોષતા જાહેર કરતા. માત્ર એક જ માણસ આ બધા સામે જોતો એકલો-અટૂલો ઊભો હતો. આ એક કેદી પોતાની નિર્દોષતા અંગે વિનવણી નહોતો કરતો. આથી ફ્રેડરિકને આશ્ચર્ય થયું. ફ્રેડરિકે તેને પોતાની પાસે બોલાવીને પ્રશ્ન કર્યો : તું કયા ગુનાસર જેલમાં આવ્યો છે?'

'મેં સશસ્ત્ર ધાડ પાડી હતી, નામદાર...'

'તો તું ગુનેગાર હોવાનું કબૂલે છે ?' રાજાએ તેને બીજો પ્રશ્ન પૂછ્યો.

'હા સરકાર, એમાં કોઈ શંકા નથી. હું સાચેજ શિક્ષાને પાત્ર છું, મારી જાતને હું નિર્દોષ નથી ગણતો.' તે બોલ્યો.

આ સાંભળી રાજા ફ્રેડરિકે વૉર્ડરને બોલાવીને કહ્યું : 'લૂંટના આ ગુનેગારને અબઘડી છોડી દે, તે અહીં વધુ સમય રહેશે તો આ બધા નિર્દોષ કેદીઓને બગાડી મૂકશે...'

અપ્રમાણિક માણસ હજુ ક્યારેક કહી દેતો હોય છે કે પોતે સોએ સો ટકા પ્રમાણિક નથી, પણ પ્રમાણિક માણસને કહેવું નથી પડતું કે તે પ્રમાણિક છે. તે જો એવું વારંવાર જાહેર કરતો હોય તો માનવું કે તે પ્રમાણિક નથી. આ સતી જેવું છે, સતીને કહેવું નથી પડતું કે પોતે સતી છે. પોતાના સતીત્વનો તેને ઢંઢેરો પિટાવવો નથી પડતો, તેના આચરણથી જ લોકો તે જાણી લેતા હોય છે.

શેક્સપીઅરે પ્રામાણિકતાને અમૂલ્ય વારસો કહ્યો છે. શેક્સપીઅરનું કહેવું સાચું છે. જગતમાં કદાચ સૌથી મોંઘી ચીજ પ્રામાણિકતા છે, તેમ છતાં તેને ખરીદવા લોકો મોં માગ્યાં દામ ચૂકવવાં તૈયાર થઈ જતા હોય છે. □

'ઠાલાં દીધાં છે મેં તો બારણાં'

સતીશ વ્યાસ

(બેડરૂમ પાછળ લેવલ ગોઠવી દશ્યમાન કરાતું કિચન. રાત્રિ. ખુલ્લા બારણામાંથી દબાયેલા પગલે ચોરનો પ્રવેશ. આસપાસ નિરીક્ષણ. પલંગ પર સૂતેલી સ્ત્રીનું પડખું બદલવું. સ્ત્રીનો માત્ર ચહેરો દેખાય. એક હાથ, ચાદરની બહાર લટકતો. ચોર છુપાય. થોડીવાર પછી પુનઃ સક્રિય. સ્ત્રીના હાથ પરની સોનાની બંગડીઓ, વીંટી પર લોભામણી નજર. સમીપ સરકે. સ્ત્રીનો ચહેરો, શ્વાસ નજીકથી જુએ-તપાસે, પછી અત્યંત સલુકાઈથી વીંટી, બંગડી ઉતારી લે. ગળામાંના હાર પર નજર. અત્યંત નજીક બેસી એ પણ કાઢી લે. આ બધું ચાલે છતાં સ્ત્રીની ઊંઘ ન ઊડે. સ્ત્રી પુનઃ પડખું બદલે. ચોરનો હાથ સ્ત્રીના માથા નીચે દબાઈ જાય. ચોર ગભરાય. એ હાથ ખેંચી લેવા મૂંઝવણ-મથામણ. સ્ત્રી ઝબકે ને ચોરને જોઈ ગભરાય.)

સ્ત્રી : કોણ છે?(સફાળી પથારીમાંથી બેઠી થઈ પલંગની એક બાજુ ઊભી રહે.)

ચોર : ખબરદાર, જરા પણ અવાજ કર્યો છે તો?

સ્ત્રી : (વિશેષ ગભરાટથી) પ...પ...પણ તમે કોણ છો? (સ્વીચ તરફ ખસે.)

ચોર : જરા પણ હલચલ ન કરીશ, નહીંતર...(ચાકુ છરી જેવું હથિયાર કાઢી) લાવ, બતાવ, ઘરની ચાવીઓ ક્યાં છે?

સ્ત્રી : પણ ઘરમાં કંઈ છે જ નહીં !

ચોર : બનાવટ કરે છે? લાવ, ચાવીઓ લાવ.

(સ્ત્રી ચાવીઓ ક્યાં મૂકી હશે એ યાદ કરે. કમરેથી ન જડે. ચોર પણ શોધે. ન જડે)

ચોર : ચાલ, ચાલ, જલદી લાવ ચાવીઓ.

સ્ત્રી : અહીં, કદાચ ગાદલા નીચે...(વાંકી વળી શોધવા જાય. ચોર અટકાવે. જાતે શોધી કાઢે.)

ચોર : કબાટ? કબાટ ક્યાં છે?

સ્ત્રી : અંદર...હા, અંદર.

(ચોર અંદર જવા જાય ત્યાં સ્ત્રી અટકાવે)

સ્ત્રી : અંદર કશું જ નથી. (ચોરના ચહેરા પર શંકા) સાચું કહું છું. થોડાં મારાં કપડાં અને મેકઅપનો સામાન. પૈસા કે ઘરેણાં કશું નથી.

ચોર : જૂઠું. જૂઠું બોલે છે નહીં? હું જોઉં છું. પણ ત્યાં સુધી તારે જરાયે હિલચાલ કરવાની નથી. ઊભી રહે, તારા હાથપગ બાંધી દઉં (પોતાની સાથેની થેલીમાંથી દોરડું કાઢી સ્ત્રીના હાથપગ બાંધે. મોઢામાં રૂમાલનો ડૂચો ભરાવે.) બસ, આમ બેસી રહેજે ચૂપચાપ. (અંદર આંટો મારી થોડીવારમાં પાછો આવે. એ દરમ્યાન સ્ત્રી છૂટવાનાં ફાંફાં મારે, અસફળ) સાચે જ, અંદર કાંઈ નથી. ક્યાં છુપાવ્યું છે બધું, ચાલ? અરે હા, આ મોઢામાંથી ડૂચો કાઢીશ ત્યારે બોલશે ને? (કાઢે) બોલ, ક્યાં છે પૈસા? (સ્ત્રી મૂક. ચોર જરા મોટેથી પૂછે) બોલ ક્યાં છે?

સ્ત્રી : લાઈટ કરો.

(ચોર વિચારે, બારી ઉપર પહેલાં પડદો ઢાંકી દે પછી સ્વીચ ઑન કરે. પૂર્ણ પ્રકાશ)

ચોર : બોલ, હવે બોલ પૈસા ક્યાં છે?

સ્ત્રી : પલંગના વચ્ચેના ભાગમાંથી થોડી નોટો કાઢે) બસ, આ જ છે મારી મૂડી.

ચોર : હં, ખાવાનું છે કંઈ ઘરમાં? આજે આખો દિવસ ખાધું નથી.

સ્ત્રી : હા, ત્યાં કિચનમાં ડબ્બાઓમાંથી કશુંક નીકળે !

(ધડાધડ, કિચનમાં જઈ ડબ્બા ખોલે. કંઈ ન મળે)

ચોર : અહીં તો કાંઈ નથી.

સ્ત્રી : તો નહીં હોય. ખલાસ થઈ ગયું હશે.

(આ દરમ્યાન ચોરને ચક્કર જેવું આવવા લાગે.)

ચોર : ઓહ, ભૂખથી મારું માથું ધમધમે છે. ખાલી પેટે ચક્કર આવે છે.

સ્ત્રી : એક કામ કરો, આ મારા હાથપગ છોડી નાખો.

ચોર : તો, તો...ના, એ નહીં બને. તારા હાથપગ ખોલું અને તું ક્યાંક અવાજ કરીને કે ભાગીને પોલીસને લોકોને... ના, એ હરગિઝ નહીં બને.

સ્ત્રી : તો પડ્યા રહો ભૂખ્યા.

ચોર : ઓહ, આ ભૂખથી તો તોબા. જો પાંચ મિનિટમાં મને કંઈ ખાવાનું નહીં મળે તો હું બેહોશ થઈ જઈશ.

સ્ત્રી : એટલે જ કહું છું કે મારા હાથપગ છોડી નાખો. હું તમને કશુંક ખાવાનું બનાવી આપું.

ચોર : તું, તું મને ખાવાનું બનાવી આપશે? એક ચોરને?

સ્ત્રી : હા.

ચોર : હા? શા માટે વારુ આમ વરસી પડવાનું કારણ?

સ્ત્રી : અત્યારે તમે ભૂખ્યા થયા છો ને? તો આમ બોલીબોલીને સમય ન બગાડો. એવું હોય તો ખાવાનું બની જાય પછી મને તરત જ બાંધી દેજો.

(ચોર એની સામે શંકિત નજરે જોઈ રહે)

સ્ત્રી : વિશ્વાસ નથી આવતોને? (ચોર નકારમાં ડોકું હલાવે) જુઓ, મેં તમને જોઈને બૂમ કે ચીસ પણ પાડી છે ખરી? કશી ધમાલ કરી મૂકી છે? નહીં ને? તો પછી? માટે જ કહું છું કે મારા હાથ ખોલી દો.

(ચોર થોડો નજીક આવે. સ્ત્રી સામે જોઈ રહે. સ્ત્રી એની આંખોમાં આંખો પરોવીને કહે-) વિશ્વાસ રાખો કંઈક બનાવી લાવું છું. ખોલી દો જોઈએ મારા હાથ. (ચોર એના હાથપગ ખોલે. સ્ત્રી કિચનમાં જાય. ત્યાંથી વાત ચાલુ રાખે)

સ્ત્રી : કેટલા વખતથી ચોરી કરો છો?

ચોર : નાનો હતો ત્યારથી.

સ્ત્રી : ભણ્યાગણ્યા નથી.

ચોર : ભણેલો, ચાર ચોપડી. પણ બાપની સાથે જ ચોરીઓ કરતો થઈ ગયો હતો.

સ્ત્રી : એમ કહોને કે ખાનદાની ચોર; (હસે)

ચોર : (હસીને) હા, એમ જ.

સ્ત્રી : પરણેલા છો?

ચોર : ના...એટલે કે હા !

સ્ત્રી : ના, એટલે કે હા? એટલે? હું કાંઈ સમજી નહીં !

ચોર : એટલે એમ કે હું પરણ્યો તો હતો પણ મારા ચોરીના ધંધાથી કંટાળી-ત્રાસીને પત્ની ભાગી ગઈ.

સ્ત્રી : ક્યાં ભાગી ગઈ?

ચોર : ક્યાં ગઈ એ ખબર નથી.

સ્ત્રી : તમે તપાસ ન કરી?

ચોર : ચોરી કરું કે એવી બધી તપાસ કરું?

સ્ત્રી : બાળકો?

ચોર : નહોતાં.

સ્ત્રી : મા-બાપ જીવે છે?

ચોર : માની ખબર જ નથી. સમજણો થયો ત્યારથી બાપને જ જોયો છે. એ યે ત્રણ વરસ પહેલાં લાકડાં ભેગો થઈ ગયો. પણ તારી વાત કર. તું ઘરમાં એકલી જ રહે છે?

સ્ત્રી : હં.

ચોર : તારો ધણી?

સ્ત્રી : નથી.

ચોર : બહારગામ ગયો છે?
(સ્ત્રી નિરુત્તર)
કેમ બોલતી નથી? મા-બાપ? છોકરાંછૈયાં નથી? (સ્ત્રી નિરુત્તર)
તારી ઉંમર તો સારી એવી લાગે છે? પરણી નથી? (નિરુત્તર સ્ત્રી ખાદ્યસામગ્રી લઈ કિચનમાંથી બહાર આવે.)

સ્ત્રી : ચાલો લો, ખાઈ લો.

ચોર : શું છે આ?

સ્ત્રી : કંઈ ખબર નથી. ખાઓ એટલે સ્ફૂર્તિ આવી જશે.

ચોર : ખાવું તો પડશે, નહીંતર...

સ્ત્રી : તે થોડુંઘણું સાથે લઈ નીકળતા હો તો?

ચોર : આ ધંધામાં વળી ખાવાનું સાથે ક્યાં રાખવું?

(ટેબલ પર ખાવા બેસે. ત્યાં બરાબર ન ફાવતાં નીચે જ બેસી જાય. એ બેસવા જતો હોય ત્યાં)

સ્ત્રી : ઝેરનો વહેમ તો નથી ને?

ચોર : ભૂખ્યા મરવું એના કરતાં ખાઈને મરવું શું ખોટું? (બન્ને હસે) ચોર ખૂબ ઝડપથી ખાવા માંડે છે. સ્ત્રી મુગ્ધ ભાવે જોયા કરે.

(ચોર ઓડકાર ખાય)

સ્ત્રી : તમે તો ધરાઈ ગયા?

ચોર : હેં?...ના,ના, (પાછો ખાય)

સ્ત્રી : આમ અકરાંતિયાની જેમ કેમ ખાઓ છો? ક્યાં નાસી જવાનું છે? જરા ધીમે ખાઓ.

ચોર : તું તો જાણે...મારી...હું જાણે આ ઘરમાં જ રહેતો હોઉં ને આ ઘર મારું જ હોય એમ તું માનતી લાગે છે! અરે એમ ખાવા રહું તો તો સવાર ન પડી જાય?

સ્ત્રી : તમને કદી સારો ધંધો કરવાનું સૂઝતું નથી?

ચોર : આ ધંધો શું ખરાબ છે?

સ્ત્રી : ખરાબ જ તો. ચોરીને તે વળી કોઈ સારો ધંધો કહે?

ચોર : લોકો બે નંબરના ધંધા કરે એ ખરાબ નહીં, શાહુકારી કરી એ ખરાબ નહીં, લોકોને છેતરીને પૈસા પડાવી લે એ ખરાબ નહીં ને મારો ધંધો ખરાબ?

સ્ત્રી : તમે કહ્યા એ બધા જ ધંધા ખરાબ. શાંતિથી, દિમાગથી સારું કામ કરવું એવું તમને નથી લાગતું?

ચોર : એવું કરવા જાઉં તો યે મને ચોરને, ખાનદાની ચોરને, કોણ રાખે? અમારી તો મથરાવટી ય મેલી!

સ્ત્રી : હં; વાત તો સાચી તમારી.

ચોર : આ તું મને 'તમે તમે' કેમ કહે છે?

સ્ત્રી : કેમ વળી? હું તો બધાંને એ રીતે જ બોલાવું છું.

ચોર : પણ, હું એક સામાન્ય ચોર...નકામો.

સ્ત્રી : માણસ...હા, માણસ, ખરાને? માણસને માન આપવું એ માણસની ફરજ.

(ચોર ખાઈ લે. શરીર સાથે જ હાથ ઘસવા જાય.)

સ્ત્રી : હં...હં...એમ નહીં. ઊભા રહો. હું નેપ્કિન આપું. એનાથી લૂછો. (નેપ્કિન આપીને પાણી લાવી આપે) પાણી પણ તમે તો ઝડપથી પીઓ છો! શી ઉતાવળ છે?

(ચોરને અંતરસ જાય. સ્ત્રી બરડે સહજતાથી જ હાથ ફેરવે. ચોર ધીમેધીમે પાણી પૂરું પી લે.)

ચોર : ચાલ હવે હું જાઉં?

સ્ત્રી : કેમ, પેલાં ઘરેણાં નથી લઈ જવાં? ને પેલા પૈસા?

ચોર : હેં? હા...હા... એ તો લઈ જ જવાનાં હોય ને? (લેતાં લેતાં) તું, આમ, રોજ બારણું ખુલ્લું રાખીને જ સૂએ છે?

સ્ત્રી : હેં...ખુલ્લું? શું બારણું ખુલ્લું હતું?

ચોર : હા જ તો. જાણે મને નોતરું આપવા જ ખુલ્લું ન રાખ્યું હોય!

સ્ત્રી : સાચું કહું તો ખુલ્લું જ રાખ્યું હતું.

ચોર : હેં? જાણીજોઈને?

સ્ત્રી : હા, જાણીજોઈને. ખરેખર તો હું કદી બારણું બંધ કરીને સૂતી જ નથી. હા, આડું કરી રાખું. પણ સ્ટોપર નહીં મારવાની!

ચોર : નવાઈ કહેવાય. પછી તો કોઈપણ કશુંક ચોરી જાય.

સ્ત્રી : અરે, આ ઘરમાંથી કશું લઈ જવા જેવું છે જ ક્યાં? આ બે-પાંચ ઘરેણાં ને સો-બસો રૂપિયા! પાંચ-સાત ઠામણાં ને બે-ચાર ગોદડાં-એમાં વળી બારણાં બંધ શાં રાખવાં?

ચોર : પણ એમાંનું યે કંઈક જાય તો?

ચોર : જાય તો નવું આવે! એમાં વળી ખર્ચ કેટલો?

ચોર : એટલે તું તો બધું સામેથી જાણે લૂંટાવવા બેઠી છે!

સ્ત્રી : એમ માનો તો એમ! લૂંટનારાને આવડવું જોઈએ!

ચોર : એટલે?

સ્ત્રી : જુઓને, આ તમે કેટલી સહેલાઈથી લૂંટી ગયા? ને મેં યે સામેથી જ બધું લઈ લેવા દીધું ને?

ચોર : સામેથી એટલે?

સ્ત્રી : સામેથી જ તો. મને ખબર હતી, હા, ખબર હતી મને કે ઘરમાં કોઈ દાખલ થયું છે.

ચોર : શું?

સ્ત્રી : હા, પછી તમે બધે અવલોકન કર્યું. મારો હાથ મેં જાણી જોઈને ચાદરની બહાર કાઢ્યો!

ચોર : શી વાત કરે છે તું?

સ્ત્રી : તમને અત્યંત સલુકાઈથી મારાં ઘરેણાં ઉતારતાં જોઈને આશ્ચર્ય થયું. જાણે હાથ નહીં પણ કોઈ સુંવાળું પીછું ન ફરતું હોય!

ચોર : ને તે છતાં તેં બૂમ ન પાડી?

સ્ત્રી : ના.

ચોર : કેમ?

સ્ત્રી : મારે જોવું હતું. તમે કઈ રીતે ચોરી કરો છો એ!

ચોર : આ તો નવાઈ જેવું કહેવાય!

સ્ત્રી : પછી તમે જ્યારે મારા ગળાનો હાર કાઢવા નજીક આવ્યા ત્યારે ક્ષણવાર તો તમારા ગરમ ઉચ્છ્વાસનો મેં અનુભવ કર્યો, પણ તમે તરત જ શ્વાસ રોકી દીધો હોય એમ લાગ્યું. કેટલી કુશળતાથી મારો હાર પણ તમે કાઢી લીધો! એ વખતે મને જરા ઊંડે ઊંડે ડર લાગ્યો હતો, પણ તમે તો તરત જ હટી ગયા.

ચોર : ધાર કે તારી સાથે કાંઈ છૂટછાટ...

સ્ત્રી : (પલંગ નીચેથી રિવૉલ્વર કાઢી) ભરેલી જ રાખું છું. મારું રક્ષણ કરતાં મને આવડે છે.

ચોર : ને આ સાધન હોવા છતાં તેં ચોરી થવા દીધી? તેં જાગતા પડી રહેવાનો ડોળ કર્યો? નાટક કર્યું?

સ્ત્રી : હા, ડોળ કે નાટક જે ગણો એ.

ચોર : પણ આમ કરવાનું કાંઈ કારણ? મને...મને તું ફસાવવા તો નથી માગતી ને?

સ્ત્રી : ના અને હા.

ચોર : ના અને હા? એટલે? એટલે તું કહેવા શું માગે છે?

સ્ત્રી : ના એટલા માટે કે પહેલાં તો હું તમને ફસાવવા નહોતી માગતી પણ હવે...

ચોર : હવે...એટલે?

સ્ત્રી : મને આદર થયો તમારા માટે. તમે આવી એકલી સ્ત્રીને જરાય આંચ પહોંચાડ્યા વગર એનાં ઘરેણાં કાઢી શક્યા એ માટે! શું તમને મારા જેવી સ્ત્રીને સ્પર્શતાં કાંઈ ન થયું?

ચોર : મારા બાપાએ મને એક વાત કહેલી કે,'બેટા જણસ અને જણાઉ બે હોય ત્યારે ખાલી જણસમાં જ ધ્યાન રાખજે !' ધંધામાં મેં ક્યારેય બદદાનત રાખી નથી.

સ્ત્રી : મને પણ લાગ્યું કે માણસ સોજજો છે. ખાનદાન અને કુશળ છે. આવો માણસ આપણી સાથે હોય તો કેટલું સારું !

ચોર : એટલે? હું કાંઈ સમજ્યો નહીં !

સ્ત્રી : હું સમજાવું. આ ઘરમાં હું એકલી છું. એકલી છું ને?

ચોર : મને શી ખબર?

સ્ત્રી : કેમ, તમે બીજી કોઈ વ્યક્તિને જોઈ મારા સિવાય?

ચોર : અત્યારે નથી, પણ કોઈ બહાર ગયું હોય અને એના સમયે પાછું આવવાનું હોય. તારો ધણી જ ક્યાંક આવી ચઢે ! એ તો છે જ ને?

સ્ત્રી : હતો, હવે નથી !

ચોર : એટલે?

સ્ત્રી : છૂટાછેડા લઈ લીધા છે મેં. પિતાની અઢળક મિલકત છે મારી પાસે.

ચોર : આ તારા બાપનું ઘર છે?

સ્ત્રી : હા.

ચોર : એ ક્યાં ગયા છે?

સ્ત્રી : એ હવે આ દુનિયામાં નથી. એમની બધી મિલકત મને મળી છે, વારસામાં.

ચોર : પણ અહીં તો એમાંનું કશું દેખાતું નથી.

સ્ત્રી : ક્યાંથી દેખાય? એમ કંઈ અમે યે થોડી-ઘણી અક્કલ રાખીએ છીએ.

ચોર : ક્યાં છુપાવ્યું છે એ બધું? (પોતાની છરી કાઢવા જાય)

સ્ત્રી : જુઓ પાછા. તમે જાણો છો જ કે મારી પાસે રિવોલ્વર છે.

ચોર : ઓહ, તું મને ડરાવે છે, એમ?

સ્ત્રી : ડરાવતી નથી, સમજાવું છું.

ચોર : સમજાવે છે? તું? તું મને સમજાવે છે?

સ્ત્રી : હા.

ચોર : શું સમજાવવું છે તારે મને?

સ્ત્રી : તમે જરા ગુસ્સો ઓછો કરો ને મને ધ્યાનથી સાંભળો. (ચોર સ્વસ્થ) મારી પાસે સારી એવી મિલકત છે. મને થાય છે કે તમારા જેવો માણસ મારી સાથે હોય તો...

ચોર : સાથે હોય એટલે? એટલે તું મને શેમાં ફસાવવા માગે છે?

સ્ત્રી : ઓહો, તમે તો ભારે અધીરા. જરા મારી વાત સાંભળી લો પૂરી !

ચોર : સંભળાવો !

સ્ત્રી : તમે પણ મારી જેમ એકલા જ છો ને?

ચોર : હા, પણ તેનું શું?

સ્ત્રી : તમને આ ચોરીનો ધંધો ગમે છે?

ચોર : ફાવે છે ખરો !

સ્ત્રી : તમને એ ધંધો છોડી દેવો ગમે?

ચોર : પછી હું ખાઉં શું? કરું શું?

સ્ત્રી : મારી સાથે જોડાઈ જાઓ. અહીં જ રહો. મારી મિલકતનું ધ્યાન રાખો. આપણે સાથે મારા આ પૈસા કોઈ ધંધામાં રોકીએ.

ચોર : પણ હું એક ચોર, અને તું આમ...

સ્ત્રી : મને ભરોસો છે તમારા પર. તમે જે કુશળતાથી મારાં ઘરેણાં ઉતાર્યાં એના પરથી મને તમારી ચોકસાઈ ઉપર વિશ્વાસ પડ્યો છે. તમે મારા તરફ નજર બગાડ્યા વિના તમારા કામમાં જ લક્ષ રાખ્યું તેથી તમારા નીતિલક્ષી ચારિત્ર્ય પર મને આસ્થા બેઠી છે. તમારા સાહસ પર મને શ્રદ્ધા છે. તમારી આ શક્તિને મારી મિલકતમાં હું રોકવા માગું છું. બોલો, છો તૈયાર?

ચોર : આમ કરવામાં તું મને ક્યાંય ફસાવશે તો નહીં ને?

સ્ત્રી : સાચું કહું તો ફસાવવા જ માગું છું પણ...

ચોર : પણ શું?

સ્ત્રી : કાયમ માટે.

ચોર : કાયમ માટે?

સ્ત્રી : હા, કાયમ માટે, તમારા જેવો શાલીન, ભદ્ર પુરુષ મને ક્યાં મળવાનો?

ચોર : તું તો ભારે નફફટ લાગે છે. કંઈ લાજશરમ જેવું છે કે નહિ?

સ્ત્રી : હવે આ ઉંમરે શરમ, લાજ ક્યાંથી લાવું? જે કંઈ છે એ આ સીધી વાત છે. ગમે તો હા, નહીંતર ના.

ચોર : પણ મને જરા વિચારવા તો દે. માન ન માન મેં તેરા મહેમાન જેવું છે આ બધું તો.

સ્ત્રી : એવું જ છે. જાણે કુદરતે જ તમને મારે માટે મોકલ્યા છે. તમે દાખલ થયા એ પહેલાં હું એક મધુર સ્વપ્ન જોઈ રહી હતી. જાણે હું તો રાજકુમારી છું અને મારાં માતાપિતા મારાં લગ્નની ચિંતા કરી રહ્યાં છે. દેશ-વિદેશના રાજકુમારોનાં માગાં આવ્યાં છે, પણ મારા મનમાં કોઈ વસતો નથી. રાજાજી સ્વયંવર રચે છે. પણ સ્વયંવરમાંના એકે રાજકુમાર પર મારું મન ઠરતું નથી. બધા વિખરાઈ જાય છે. માતાપિતા ચિંતિત બનીને આખી રાત ઊંઘતાં નથી. હું નક્કી કરી લઉં છું કે આવતી કાલે મારાં દ્વાર ખુલ્લાં રાખીને જ સૂઈશ અને જે કોઈ પહેલો પુરુષ દેખાશે એને મારા પતિ તરીકે સ્વીકારી લઈશ. મધરાતે મેં કોઈનો સંચાર મારા દ્વાર પાસે સાંભળ્યો. જેવી હું દૃષ્ટિ માંડવાં જાઉં છું ત્યાં તમારા પગસંચારથી મારી આંખ ખૂલી ગઈ. સાક્ષાત્ વિધિએ જ તમને મારે માટે મોકલ્યા લાગે છે. તમે જાણે મારા પ્રથમ પ્રહરના સ્વપ્ન છો.

ચોર : મને પણ તારા હાથનું ખાતાં ક્ષણ વાર તો એવો જ અનુભવ થયો હતો, જાણે મારી પત્ની ન ખવડાવતી હોય ! પણ પછી તરત જ 'આપણે તો ચોર, આપણને આવાં લાડ ન પાલવે' માની મેં તરત જ મન વાળી લીધું, પણ હવે તું આ કહે છે તો...

સ્ત્રી : હું યોગ્ય જ કહું છું ને? તમને કંઈ વાંધો તો નથી ને?

ચોર : ના, ના. પણ તને મારા જેવા ચોર સાથે ફાવશે?

સ્ત્રી : હવે આજથી તમે ચોર નથી. પચાસ લાખની મિલકતના અડધો અડધ ભાગીદાર છો.

ચોર : (સ્ત્રીને બતાવી) ને આ મિલકતના? એનો તો પૂરેપૂરો માલિક ને?

સ્ત્રી : માલિક નહીં, માત્ર ભાગિયો. ભાગીદાર, કબૂલ હોય તો હા, નહીંતર ના.

ચોર : ભલે.. કબૂલ. કબૂલ, કબૂલ ને કબૂલ.

(સૂર્યનું કિરણ બારીમાંથી પ્રવેશતું દેખાય)

સ્ત્રી : જુઓ, સૂર્યોદય થયો.

ચોર : હવે જ મારે તો ઊંઘવાનો સમય થયો.

સ્ત્રી : ના, ઊંઘવાનો નહીં, જાગવાનો. (એની સમીપ ખસે) તમારું કામ તો જાણી લીધું; હવે તમારું નામ તો કહો.

ચોર : ચોરને તે નામ હોતાં હશે? તારું નામ શું છે?

સ્ત્રી : ચોરને તે નામ હોતું હશે? ☐

રજૂઆત માટે નીચેના સરનામેથી સંમતિ મેળવવી :
૧૫, ઉમાસુતનગર ટેના જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧

ડાહ્યાભાઈ દેરાસરી

ચંદ્રવદન ચી. મહેતા

અમે નસીબદાર હતા તે અમારા અભ્યાસક્રમમાં ઈતર વાચન તરીકે 'સાઠીનું સાહિત્ય' નામે એક પુસ્તક આવશ્યક હતું. અઢારસે સાઠની આસપાસના સાહિત્ય વિષેનું રમતિયાળ શૈલીમાં લખાએલું એ એક અનોખું ઉપયોગી પુસ્તક હતું. આજે તો એ કોઈ લાયબ્રેરીમાંથી ચોરાઈ ગયું ન હોય કે પછી જૂના થોથા તરીકે રદ કરાયું ન હોય તો યે મળવું મુશ્કેલ. ડાહ્યાભાઈ દેરાસરીએ તે લખેલું. આ દેરાસરીસાહેબ અને કેશવ હર્ષદ ધ્રુવ બંને ગાઢ મિત્રો. બંને સંસ્કૃતના મોટા વિદ્વાન. બંને પોતપોતાની રીતે લખ્યે રાખે. બંને વિવિધ પ્રકારનાં કાવ્યો લખવાના શોખીન. બેત્રણ પુસ્તકો પણ એમણે પ્રકટ કરેલાં.

ડાહ્યાભાઈ દેરાસરીનો સ્વભાવ હસમુખો અને રસિક. જાણવા પ્રમાણે એમણે સૂરતમાં ઠીકઠીક સમય કામસેવા બજાવેલી એટલે એમના સ્વભાવમાં ઘણીવાર લહેરીપણું પણ ઊપસી આવતું. એક વાર એ મુંબઈથી અમદાવાદ જતા હતા. પંચોતેરની આસપાસની ઉંમર એટલે મને પણ સાથે લીધો. રાતે દોઢ-બેના સુમારે એ જાગી ગયા અને જોયું તો ગાડી સૂરત સ્ટેશનમાં ઊભી હતી. તુરત મને જગાડ્યો અને મારા હાથમાં પૈસા મૂકી કહે, 'ગાડી હજુ ઊભી છે ત્યાં દોડ અને થોડું ભૂસું લઈ આવ અને જો મળે તો મેથીના ખલવા પણ લેતો આવ. જા, જલ્દી દોડ.' આ ભૂસું એ સૂરતની એક ખાસ વાનગી છે. મુખ્યત્વે તેમાં સેવ, ઝીણા ગાંઠિયા, મમરા અને ગળી કણી, પણ એના સ્વાદની મજા કોઈ ઓર જ છે. હું દોડ્યો અને બે પડીકાં બંધાવી લાવ્યો અને એમના હાથમાં મૂકી સૂવા ગયો તો કહે, 'સૂઈ ક્યાં જાય છે ? આ તો આપણે જ અને અત્યારે જ ખાઈને પૂરાં કરવાનાં છે. સવારે તો એ વાસી થઈ જશે, પછી ખાવાની મજા નહિ રહે. બનાવનારે ગમે ત્યારે બનાવ્યું હોય એની ચર્ચા ન કરીશ. ખાવા માંડ.'



અને પછી એમણે જે મોજથી એ ભૂસું આરોગ્યું એવા ટેસ'થી તો હું સૂરતમાં ઊછર્યો હોવા છતાં યે મેં કદી ત્યાંનું ભૂસું ખાધું નહોતું. 'ભૂસું ખાવું એટલે ફાકા નહિ મારવાના,' એ કહે, 'એને મમળાવીને ખા.' મમળાવવાનો અર્થ ન આવડતો હોય તો મને પૂછ. સેવ, મેથી અને તળાએલા લોટ વગેરેને મોંમાં એકરસ થવા દે. મરચું આવે તો ઉપર બે ગળી કણી ખાઈ લે, પણ મમળાવીને ખા.' અને પછી ગાડીએ તાપીનો પુલ પસાર કર્યો ત્યાં સુધી એ રીતે સૂરતી ભૂસાની મોજ માણી અમે પડીકાનાં કાગળ નદીમાં પધરાવી સૂઈ જવા લંબાવી યે દીધું.

હું પાછો ફરવાનો હતો. ત્યારે ડાહ્યાભાઈ મને સ્ટેશને વળાવવા પણ આવેલા. એમને ફેરામાં ફેરો હતો. સાબરમતી જેલમાં કેદીઓને સદાચાર માટે ભાષણ કરી શિખામણ આપવા આ રીતે એમને અવારનવાર આવવાનું થતું. ત્યાંથી પાછા ફરતાં એ મને સ્ટેશને વળાવવા આવતા. અને કહેતા, 'જો, સૂરત આવે ત્યારે જાગજે અને ભૂસું ખાજે, નહિ તો તાપીમાતા નારાજ થશે, સમજ્યો.' ભૂસાના આવા બીજા કોઈ વયોવૃદ્ધ શોખીન મેં જોયા-જાણ્યા નથી. અલબત્ત, સૂરતી ભૂસું તો બહુ ખાધું છે. વડોદરાનું, નડિયાદના ગાંગાભાઈનું અને અમદાવાદનું એમ અનેક જાતનાં ભૂસાં ખાધાં છે ને તેના શોખીનો પણ જોયા છે, પણ ડાહ્યાકાકાનો સૂરતી ભૂસા માટેનો તન તો અદ્વિતીય જ.

અહીં બીજો પણ એક પ્રસંગ યાદ આવે છે. એ જરા કરુણ અને અસ્વાભાવિક, પણ મિત્ર પ્રત્યેના પ્રેમનો સૂચક છે. અગાઉ મેં ક્યાંક લખ્યો પણ છે, પણ મોટે ભાગે બહુ વંચાયો નથી. ૧૯૩૬-'૩૭ની વાત. ધ્રુવસાહેબ અને દેરાસરી બેય જિગરજાન દોસ્તો તો હતા જ. કેશવ હર્ષદ ધ્રુવસાહેબનું મુંબઈમાં વહેલી સવારે અવસાન થયું. ત્યારે મારે 'ઑલ ઈન્ડિયા રેડિયો'માં નોકરી નહિ, પણ અમારા અવિધિસરના કહેવાતા કલમમંડળના કેટલાક સભ્યો સાથે તે જ રાતે દસેક વાગ્યે એક રેડિયો નાટક રજૂ કરવાનું હતું. રેડિયો સ્ટેશનમાં અમારા એક ઓળખીતા ધોલેકરસાહેબને અમે કહેવરાવ્યું કે, અમારા એક વયોવૃદ્ધ સાક્ષર વિદ્વાનના અંતિમ સંસ્કાર માટે અમારે સ્મશાને જવાનું હોઈ સાંજે થાક્યા બાદ નાટક કરવા જેવી મનઃસ્થિતિમાં અમે રહી શકીશું નહિ તો અમને ક્ષમા કરે.

પણ ત્યારે દિલ્હીથી તાજેતરમાં જ આવેલા ઝુલ્ફિકાર બુખારી કેન્દ્ર નિયામક. આજના જેવા નહિ, સાચા બ્રોડકાસ્ટિંગના સ્ટેશન ડિરેક્ટર. રેડિયોની ઉપયોગિતાના સાચા સમજદાર, કામને વફાદાર, નિષ્ણાત બ્રોડકાસ્ટર. ઝેડ. એ. બુખારી નામે પ્રખ્યાત. એ અમને મળવા આવ્યા. કહે, 'નાટક તો થશે જ. થાક્યા-પાક્યા પણ રજૂ કરજો જ. રાતે દસ વાગ્યે તો છે. ત્રીસ મિનિટના તમારા નાટકમાંથી પાંચ સાત મિનિટ જેટલો કાપી નાખો અને તમારામાંથી ધનસુખલાલ મહેતા, ભાનુશંકર વ્યાસ (બાદરાયણ) કે તમે સ્વર્ગસ્થને અંજલિ આપો ને નાટક રજૂ કરજો.'

અમારે ગળે આ વાત ઊતરી ગઈ. નાટકમાં અમે ઘટતી કાપકૂપ કરી નાખી. ધનસુખલાલે અને મેં ધ્રુવસાહેબની આછી જીવનરેખા સાથે અંજલિ આપી એ જ દિવસે એમના અવસાનના સમાચાર જાહેર કર્યા.

કેશવ હર્ષદ ધ્રુવ એક કાળે વિદ્યાસભાના પ્રમુખ હતા. એ જ વિદ્યાસભાના મંત્રી હીરાકાકા-મધુસૂદન પારેખના પિતા - ત્યારે આ નાટક સાંભળવા જાગતા બેઠા હતા એમણે આ સમાચાર સાંભળ્યા અને વહેલી સવારે જ ડાહ્યાભાઈને જાણ કરી. પોતાના પરમ મિત્રના વિરહનો એટલો મોટો આઘાત લાગ્યો કે એ પણ મિત્રની પાછળ ચાલી નીકળ્યા.

રેડિયો બ્રોડકાસ્ટિંગમાં બુખારીસાહેબના આવા વ્યવહારુ ઉકેલ જેવો બીજો દાખલો મળવો મુશ્કેલ છે. સરદાર વલ્લભભાઈ પટેલ સવારે નવ વાગ્યે અવસાન પામ્યા. એની જાહેરાત દિલ્હીના મહાનુભાવ સાહેબોની મંજૂરી વિના અમે કરી શકીએ નહિ. મુંબઈથી ફોન કરી કરીને વિનંતી કરી, પણ ત્યાંથી રજા મળી નહિ અને બી.બી.સી.એ દોઢ વાગ્યાના બુલેટિનમાં તેની જાહેરાત કરી દઈ પહેલ કર્યાનો યશ ખાટી લીધો. આવું તો અનેકવાર બનતું રહ્યું છે. □

કાળો બરફ

પ્રહ્લાદ છ. પટેલ

અખાતી યુદ્ધના વિનાશકારી દિવસોએ સમૃદ્ધ માનવ સંસ્કૃતિને ઠેસ મારવા સાથે પ્રકૃતિના ક્રમમાં પણ એક ધ્રુજારી પેદા કરી છે. આ ધ્રુજારીમાંથી છુટકારો મેળવી તેની પુનઃ સમતુલા માટે આશાવાદની તકો હજુ માણસના હાથમાંથી સરી પડી નથી. અખાત જેવા યુદ્ધો હરિયાળા પ્રદેશોને સૂકા - ભંક કરે છે, હિરોશીમા અને નાગાસાકીને સ્મશાનભૂમિમાં પલટી નાખે છે, સુઘડ માનવ દેહનું હાડપિંજર બનાવી દે છે, આલિશાન ઇમારતોને રાખના ઢગલામાં ફેરવી નાખે છે. તેમજ કુદરત નિર્મિત શ્વેત હિમરાશિમાં કાળાશ ફેલાવી દે છે. બરફ કાળો બને તો પદાર્થના સ્વરૂપ અને ભૌતિક ગુણધર્મોમાં મૌલિક ફેરફારો થવા માંડી પ્રકૃતિ અને પૃથ્વીની સંરચનામાં ધરખમ ફેરફારો થવા લાગે છે. આવા યુદ્ધોત્તર ફેરફારોથી માનવ-સમાજ, સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના વિનાશનો માર્ગ મોકળો થાય છે.

સૃષ્ટિને અનહદ આનંદ અને જીવનને પોષક આહાર આપનાર ભૂમિ ઉપર કુદરતે વૃક્ષો અને વનશ્રીની છૂટે હાથે લ્હાણી કરી છે. જેની વચ્ચે 'માનવજીવન'નો પ્રશંસનીય વિકાસ સધાયો છે. યુદ્ધો, ઔદ્યોગિક સંસ્કૃતિ, માણસના વૈભવી જીવન અને માણસની ગરીબાઈ તથા અજ્ઞાનતાએ પૃથ્વીના જીવધર (Biosphere)ની અતિ આવશ્યક કામગીરીમાં ઘણા ફેરફારો થતા રહે છે. અને તેનાથી પ્રકૃતિના મૂળભૂત ઘટકો પ્રદૂષિત થયાં છે.

અખાતી યુદ્ધે મેસોપોટેમિયાની સૌથી વધારે પુરાણી સંસ્કૃતિને ભારે નુકસાન કર્યું છે તે તો ખરું જ, પણ ભવિષ્યમાં તેની અસરો કેવી થશે તે તો અત્યારે અટકળની જ વાત છે. આજે દેખાતી કેટલીક ઘટનાઓ ઉપરથી તેનો અંદાજ મળી શકે છે. અખાતી યુદ્ધની સમાપ્તિ પણ વિશ્વને મોંઘી પડે તેમ છે. કારણ કે ઇરાકે કુવૈતના લગભગ ૫૦૦ જેટલા તેલના કૂવાઓમાં આગનો પલિતો ચાંપ્યો હતો. આગ બુઝાવનાર નિષ્ણાતોના અંદાજ મુજબ આ પ્રચંડ આગને સંપૂર્ણપણે શાંત પાડવા માટે બહુ લાંબા સમય લાગે. આ સમય દરમ્યાન કેટલી હદ સુધી કાર્બન ડાયોક્સાઈડ, કાર્બનના રજકણો અને અર્ધદહન પામેલા તેલના કણો અને કચરો વાતાવરણમાં જમા થાય તે તો ચોક્કસ સંશોધન વડે જ જાણી શકાય. પણ વાતાવરણને પ્રદૂષિત કરનારો આ જથ્થો ઓછો નહીં હોય. તેથી અવનવી ઘટનાઓ આકાર લેશે.

અખાતી યુદ્ધ બાદ થોડાક સમય પછી જે એક ઘટના કાશ્મીરના ખીણ પ્રદેશમાં જોવા મળી તે હતી કાળા બરફની વર્ષા. સફેદ બરફ તો કંઈ નવાઈની વાત નથી, પણ કાશ્મીરની ખીણના સ્થાનિક લોકોએ તો કાળો બરફ જોયો. કેટલાક માટે કાળો બરફ વિસ્મયનો તો કેટલાક માટે ઘેરી ચિંતાનો વિષય હતો. સંશોધનકરો માટે એ અભ્યાસનો વિષય હતો. બરફના સ્ફટિકોમાં ધુમાડાના કાળા રજકણો ભળતાં બરફની સફેદીનો ચળકાટ ઘણો ઓછો થઈ ગયો. જે સ્ફટિકોમાં કાળા કણોનું પ્રમાણ વિશેષ હતું. સ્ફટિકો ખૂબ જ કાળા હતા. હિમાચ્છાદિત ધરતી ઉપર તેનાં કાળાં ધાબાં ઊડીને આંખે વળગતાં હતાં. સૂર્યના કલંકથી વૈજ્ઞાનિકોની પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. ચંદ્રના શ્યામ ધાબાઓએ કેટલાક કવિઓને સર્જન માટે પ્રેરણા આપી છે પણ કાશ્મીરમાં દેખાયેલા આ કાળા બરફે તો ઘણાની ઊંઘ ઉડાડી દીધી છે. આ કાળો બરફ ઓગળતાં મળતો પાણીનો પ્રવાહ, બળેલા મોટર ઓઈલ જેવો, કાળો હતો.

બેરન ટાપુ, જપાન અને ફિલિપિન્સના જ્વાળામુખીઓ જેમ ધગધગતો લાવારસ ઓકી રહ્યા છે તેમ કુવૈતના કૂવાઓમાં ભડકે બળતું તેલ આકાશમાં બેસુમાર કાર્બન ડાયોક્સાઈડ, કાર્બનના રજકણો તથા અપૂર્ણ દહન પામેલા તેલના નિરંકુશિત ફુવારાઓ વાતાવરણને ગંભીરપણે પ્રદૂષિત કરી રહ્યા છે. ધુમાડાનાં કાળાં ડિબાંગ વાદળો આકાશમાં ચક્રાવે ચઢ્યાં છે. આ વાદળો એટલાં બધાં ઘટાટોપ છે કે સૂર્યનો પ્રકાશ પણ તેમાંથી પસાર થઈ શકતો નથી. ધુમાડાનાં આ વાદળો કંઈ કુવૈત ઉપર સ્થિર રહેતાં નથી. પવન એ મોટું કુદરતી પરિબળ છે, પૃથ્વી ઉપર ભિન્ન ભિન્ન રીતે અસર કરતો ભૌગોલિક ઘટક છે. પવન એટલે ગતિ કરતી હવા. આથી પવનની લપેટમાં જે કંઈ આવે તેને તે પોતાની સાથે ઘસડી જાય છે. કુવૈત ઉપરના ધુમાડાનાં કાળાં વાદળો પવનની દિશામાં ઘસડાય તે સહજ છે. કુવૈતની ઉત્તરે ઇરાક અને ઇરાન, પશ્ચિમે સાઉદી અરેબિયા અને દક્ષિણે પર્શિયન ગલ્ફ છે, ઇરાનની પૂર્વે અફઘાનિસ્તાન તથા પાકિસ્તાન છે અને અફઘાનિસ્તાનની પૂર્વે કાશ્મીરનો પ્રદેશ છે.

કાળો બરફ કાશ્મીરમાં શા માટે ? પૂર્વ દિશાના પવનો કુવૈતમાં બળી રહેલા તેલના કૂવાઓમાંથી નીકળતા ધુમાડાનાં વાદળોને પૂર્વ તરફ લઈ જાય તે સ્વાભાવિક છે. આ ધુમાડાનાં વેરવિખેર વાદળો કાશ્મીર સુધી પહોંચી વાતાવરણના ઘટક વાયુઓ સાથે સંમિલિત થાય. વાતાવરણમાં જ્યારે વધુ ઠંડી પેદા થાય ત્યારે સંતૃપ્ત બાષ્પના અણુઓ એકત્રિત થતાં પાણીનાં સૂક્ષ્મ બુંદ રચાય છે. જે વરસાદ રૂપે પડે છે. જો તાપમાન ઘણું નીચું હોય તો પાણીનાં આવા બુંદ ઠરી જતાં બરફના સ્ફટિકો (કરા) બને છે. જો વાતાવરણમાં ધૂળ કે ધુમાડાનાં રજકણો હાજર હોય તો બાષ્પને તેમના ઉપર ઠરવા માટે ભારે અનુકૂળતા રહે છે. (એટલા માટે આપણા પૂર્વજો વરસાદ માટે યજ્ઞો કરતા હશે ?) કાર્બન ડાયોક્સાઈડ કાર્બન અને તેલનાં રજકણો ઉપર બાષ્પ જમા થઈ બુંદ બને, અત્યંત નીચા તાપમાને બુંદ બરફ બને અને આવા કાળા બરફની વર્ષા કાશ્મીરના ખીણ પ્રદેશમાં થઈ હોવાનો સંભવ છે. આ બરફ કાળો હતો, કારણ કે જે કારણે કેન્દ્રો ઉપર બાષ્પ જમા થઈ હતી તે તો કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન અને કાચા તેલના રજકણો હતા. આ બરફનું પાણી થતાં નદીના પ્રવાહોમાં ભારોભાર કાર્બન ડાયોક્સાઈડ કાર્બન અને તેલનાં રજકણો હોવાનાં.

તેલના દહનથી ઉદ્ભવતા નાઈટ્રોજન ઑક્સાઈડ અને હાઈડ્રો કાર્બન પ્રદૂષકો પ્રકાશની હાજરીમાં પ્રક્રિયા કરે છે ત્યારે નાઈટ્રોજન ડાયોક્સાઈડ ઓઝોન અને પેરોક્ઝીલેસીટીલ નાઈટ્રેટ (PAN) પેદા થાય છે. ઓઝોન શ્વસનતંત્ર તથા જ્ઞાનતંતુઓને તંગ કરે છે અને PAN વનસ્પતિને.

સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડયુક્ત સૂક્ષ્મ કણો પવન સાથે ખેંચાઈ આવે છે. સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઑક્સાઈડ વાતાવરણના પાણી સાથે પ્રક્રિયા કરીને સલ્ફ્યુરિક ઍસિડ અને નાઈટ્રિક ઍસિડ બનાવે છે. વાતાવરણમાં તૈયાર થયેલા આવા ઍસિડ વરસાદ સાથે ધરતી ઉપર આવે છે.

(અનુસંધાન પાન ૩૧ ઉપર)

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

તરંગ ૮ : (શ્લોક ૧ થી ૩૮)

આમ, ગુણાઢ્યના કહેવાથી કાણભૂતિએ સાત (મોટી) કથાઓની બનેલી દિવ્ય કથા પોતાની જ (પૈશાચી) ભાષામાં કહી સંભળાવી. એ જ પ્રમાણે પૈશાચી ભાષામાં, સાત વર્ષોમાં સાત લાખ શ્લોકોમાં એ સાતેય કથાઓને ગુણાઢ્યે નિબદ્ધ કરી. વિદ્યાધરો[1] એને હડપ ન કરી જાય એ માટે, વળી એ અટવિમાં શાહીનો પણ અભાવ તેથી, મહાકવિએ પોતાના રક્ત વડે એ (કથાઓ) લખી! અને વળી એને સાંભળવા તો સિદ્ધો-વિદ્યાધરો વગેરે એટલા બધા આવતા કે એથી ત્યાંનું (આખું) આકાશ તો જાણે ચંદરવે મઢ્યું થઈ જતું. ગુણાઢ્યે ગૂંથેલી આ મહાકથા જ્યારે પૂરી જોવાઈ ગઈ ત્યારે કાણભૂતિ શાપમુક્ત થઈને પોતાની મૂળ ગતિને (યક્ષત્વને) પામ્યો. એની સાથે આ કથા સાંભળતાં ત્યાં બેઠેલા બધા પિશાચો પણ, આ દિવ્ય કથાનું શ્રવણ કરવાને કારણે દિવ્યતાને પામ્યા.

'આ મારી બૃહત્કથા[2] મારે પૃથ્વીમાં પ્રતિષ્ઠા પામે તેમ કરવું' એવો સ્પષ્ટ આદેશ, શાપનિવારણની સાથોસાથ (શરતરૂપે જ) દેવી પાર્વતીનો હતો. તો આ હવે હું કઈ રીતે અને કોને ભળાવું? એવો વિચાર ત્યાં મહાકવિ ગુણાઢ્ય કરવા લાગ્યો. ત્યારે એની સાથે એને અનુસરનારા બે શિષ્યો હતા - એક ગુણદેવ નામે અને બીજો નન્દિદેવ નામે. એ બન્ને કહે,'એ કાવ્યને યોગ્ય અર્પણસ્થાન તો એક જ : શ્રી સાતવાહન રાજા. બહુ રસજ્ઞ છે. વાયુ જેમ ફૂલની ફોરમને ફેલાવે તેમ કાવ્યને એ ફેલાવશે.' 'તો, સારું. એમ રાખીએ.' કહીને ગુણાઢ્યે તો એ બે ગુણશાળી શિષ્યોને પુસ્તક સાથે એ રાજા પાસે મોકલ્યા. અને પોતે પણ સાથે ત્યાં જઈ, બહારના, દેવીએ રચેલા ઉદ્યાનમાં અમુક સંકેત દઈને રાહ જોતો બેઠો. શિષ્યોએ રાજા સાતવાહન પાસે જઈને,'આ ગુણાઢ્યની કૃતિ છે' કહી કાવ્યપુસ્તક બતાવ્યું. શિષ્યોની પિશાચભાષા સાંભળીને, એમનો દેખાવ જોઈને, વિદ્યામદથી ને દ્વેષસહિત રાજા કહે, 'સાત લાખનો ખડકલો! પૈશાચી વાણી જ નીરસ! એમાં પાછું લખ્યું છે લોહીથી! ધિક્ હો આ પિશાચકથાને!' એટલે જેવા ગયા 'તા એવા જ પુસ્તક સાથે પાછા ફરી, શિષ્યોએ જે કાંઈ બન્યું હતું તે ગુણાઢ્યને કહી સંભળાવ્યું. એ સાંભળીને ગુણાઢ્ય પણ ખેદ પામ્યો. તત્ત્વને જાણનાર જ અવગણના કરનાર બને એથી કોનું હૈયું ન બળે? (એટલે) શિષ્યો સાથે પાસેની જ એક ટેકરી પર જઈ, સ્વચ્છ એકાન્ત રમ્ય સ્થળે એણે એક અગ્નિકુંડ બનાવ્યો. એના અગ્નિમાં, એક પછી એક પાનું વાંચતો ગયો ને પધરાવતો ગયો. પશુ-પક્ષીઓ સાંભળી રહ્યાં; શિષ્યો સાશ્રુ એ જોઈ રહ્યા. શિષ્યોને માટે, એમને બહુ ગમતી એક નરવાહનદત્તના ચરિતની કથાના એક લાખ શ્લોક વળી, છોડી દીધા. બાકીની એ દિવ્ય કથાને એ વાંચતો ગયો, બાળતો ગયો, ને ઘાસચારો છોડીને, ત્યાં એક જ સમુદાયમાં (મંડળમાં) બંધાઈને, હલ્યાચલ્યા વિના બેઠેલાં વનસમગ્રનાં પ્રાણીઓ - હરણાં, ભૂંડ, આખલા વગેરે બધાં જ, નીતરતી આંખોએ એ સાંભળી રહ્યાં.

દરમ્યાનમાં રાજા સાતવાહનનું સ્વાસ્થ્ય બગડ્યું. વૈદ્યોએ કારણ જણાવ્યું: 'સુક્કું માંસ ખાવાથી આમ થયું છે.' એ પરથી રસોઈઆઓને ધમકાવ્યા; તો, 'અમને તો આવું જ માંસ (હમણાંથી) પારધિઓ આપે છે' એમ એમણે કહ્યું. પારાધિઓને પૂછ્યું ; ત્યારે એ કહે, 'અહીં પાસે જ એક પર્વત પર એક બ્રાહ્મણ કંઈક એક એક પાનામાંથી વાંચતો જાય છે, ને અગ્નિમાં હોમતો જાય છે; અખિલ વનનાં પશુઓ ખાધાં (પીધાં) વિના એ સાંભળતાં જ રહે છે, બીજે ક્યાંય જતાં જ નથી. એટલે ભૂખને કારણે એમનું માંસ ચીમળાયેલું જ રહે છે'

શિકારીઓનાં આવાં વચનો સાંભળી, એમને [illegible]ગળ કરી, કૌતુકથી પ્રેરાયો, રાજા પોતે ગુણાઢ્યની પાસે પહોંચ્યો. ત્યાં રાજાએ એને જોયો - વનવાસથી વધી ગયેલી, શેષશાપાગ્નિની ધૂમ્રસેર ગૂંચવાઈને જાણે લટકતી ન હોય એવી જટાથી વીંટળાયેલો ભીની આંખવાળાં પ્રાણીઓની વચ્ચે બેઠેલો એને જોતાં, મહીપતિ એને ઓળખી ગયો. નમ્યો. એનો વૃત્તાન્ત પૂછ્યો. (૨૯)

પુષ્પદન્તને કેવી રીતે શાપ મળ્યો વગેરેથી માંડીને કથા કેવી રીતે અવતરી ત્યાં સુધીની પોતાની વાત એ જ્ઞાનીએ પણ રાજાને પૈશાચી ભાષામાં જ કહી સંભળાવી. ત્યારે એ ગણાવતાર છે એ જાણતા, રાજા એને પગે પડ્યો, અને, શિવજીને મુખેથી ઉદ્ભવેલી એ દિવ્ય કથા માટે યાચના કરી. ત્યારે ગુણાઢ્યે રાજા સાતવાહનને જણાવ્યું, 'રાજન્! છ લાખ શ્લોકોવાળી છ કથાઓ તો મેં બાળી નાખી. હવે તો આ એક લાખ શ્લોકોવાળી જે એક કથા બચી છે તે આપ સ્વીકારો. મારા આ બે શિષ્યો છે અહીં, એ બે આપને એ કથા સમજાવશે.' આમ કહી, રાજાની રજા લઈ, યોગવડે ગુણાઢ્ય શાપમુક્ત થઈને પાછો પોતાનું મૂળ પદ પામ્યો. પછી ગુણાઢ્યે આપેલી નરવાહનદત્તના પરાક્રમોથી ભરેલી 'બૃહત્કથા' નામે એ કથાને લઈને રાજા પોતાને નગરે ગયો. એ કથાના રચનારા કવિ ગુણાઢ્યના બે શિષ્યોને, ગુણદેવ અને નન્દિદેવને- બન્નેને રાજાએ ત્યાં જમીન, સુવર્ણ, વસ્ત્ર, વાહન, ભવન, ધન વગેરેથી સન્માન્યા.

એ બન્નેની પાસેથી એ કથાને સમજીને, પૈશાચી-ભાષામાં કથા કઈ રીતે આવી પડી તે દર્શાવવા, રાજા સાતવાહને એ કથાને 'કથાપીઠ' નામથી ગ્રન્થબદ્ધ કરી; અને પછી તો અદ્ભુતથી ઊભરાતી, કુતૂહલમાં દેવકથાઓને પણ ભુલાવી દે એવી આ કથા એ નગરમાં નિરંતર ખ્યાતિ પામતી પામતી ત્રણેય લોકમાં ફેલાઈ ગઈ. (૩૮)

ઈતિ

મહાકવિશ્રી સોમદેવભટ્ટ વિરચિત 'કથાસરિત્સાગર'માંના
'કથાપીઠ' નામે પ્રથમ લમ્બકનો તરંગ આઠમો
અહીં સમાપ્ત થાય છે કથાપીઠનો પ્રથમ લમ્બક.

પાદટીપ

૧. વિદ્યાધર : પૂર્વપંજાબમાંનો એક જિલ્લો તે પિરોવા, પ્રાચીન સરસ્વતીતટનો પૃથુદક. ત્યાંથી માંડીને ઉત્તરનો બધો જ પ્રદેશ તે 'ઉત્તરાપથ.' શક, કેકય, હૂણ, કામ્બોજ, તુરુષ્ક આદિનાં જનપદોનો પ્રદેશ. હિમાલય પણ એમાં આવે. ઉત્તર ભારતની નદીઓનાં મૂળનો પ્રદેશ. એ આખો મુલક વિદ્યાધરોની વસતી વાળો ગણાતો. પર્વતશૃંગે વિદ્યાધરોની વસતી, મનાતી. એમની ગણના દેવયોનિમાં થાય છે. હિમાલય એ શિવપાર્વતીવાસ પણ ખરો; અને આ કથા તો મૂળ શિવપાર્વતી વચ્ચેની, એટલું જ નહિ, વિદ્યાધરો વિષેની. એટલે વિદ્યાધરો એને ચોરી જાય એવી દહેશત અહીં દર્શાવી છે.

વિદ્યાધર મૂળમાં એક જાતિવિશેષ હશે. પણ પ્રાચીન સાહિત્યમાં તો એમની ગણના દેવયોનિમાં થઈ છે. 'કથાસરિત્સાગર'નો નાયક છે નરવાહનદત્ત. એને વિષે ભવિષ્યવાણી હતી કે એ સમસ્ત વિદ્યાધરોનો રાજા થશે - 'સર્વવિદ્યાધરાધીશચક્રવર્તી.' એમ યૌગન્ધરાયણ કહે છે. શિવજીએ પોતાના એક ગણ સ્તંભકને એની રક્ષાનું કામ સોંપ્યું હતું. રાજાએ પૂછ્યું કે, 'વિદ્યાધરત્વ મળે કેવી રીતે?' ત્યારે ભક્તિવેગ કહે છે કે 'શિવારાધને'. એ પરથી વળી લાગે છે કે આ જાતિ નહિ હોય, પદ હશે.

આવી એક યોનિ - માનવ ને દેવ વચ્ચેની, લોકમાન્યતામાં પ્રાચીન કાળથી રૂઢ થયેલી જોવા મળે છે આવી કથાઓમાં. નરવાહનદત્ત તો 'દેવયાન' અને 'પિતૃયાન' બન્ને પ્રદેશોનો અધિપતિ હતો. 'દેવયાન' તે ઉત્તરધ્રુવનો પ્રદેશ, 'પિતૃયાન' તે દક્ષિણધ્રુવનો.

વિદ્યાધરની પત્ની કહેવાતી વિદ્યાધરી. વિદ્યાધરો મન્ત્રતન્ત્રાદિમાં નિષ્ણાત લેખાતા. જનશ્રુતિમાં આ યોનિનું સ્થાન લાંબા ગાળા સુધી રહ્યું ખરું, પણ પૂજાય એટલું આકર્ષક ન બન્યું. યક્ષનું બન્યું. કોઈ વિદ્યાધરનું મંદિર ક્યાંય મળતું નથી, યક્ષનું મળે છે.

૨. સંસ્કૃતાનુસાર નામ 'બૃહત્કથા' પણ મૂળ પ્રાકૃતમાં તો કહેવાય 'બડ્ડકહા'. □

લઘુકથા

હાશ!...

રમેશ ત્રિવેદી

સુરેખા દીવાલ ઉપર ટાંગેલી છબી સામે જોઈ રહી હતી. નીચે આંગણામાં બાંધેલા લગ્નમંડપમાં ઘોંઘાટ શાંત થયો હતો. લાઉડ સ્પીકર બરાડી બરાડીને ચૂપ થઈ ગયું હતું. કોઈએ મૃદુ સ્વરોમાં મંગલાષ્ટક ઉપાડ્યું હતું. સુરેખા આંખો મીંચીને કાષ્ઠની પૂતળી બની ઊભી હતી. એના ચિત્તમાં વિચારોની પ્રચંડ મોજાં ઊછળી રહ્યાં હતાં.

વિભૂત લગ્ન મંડપમાં બેઠો હશે. એની સામે નતમસ્તકે કુસુમ બેઠી હશે. વિભૂતે ગુલાબી સાફો પહેર્યો હશે. એની નજર વારેવારે લગ્નમંડપમાં કોઈને શોધતી હશે કદાચ.

મંગલાષ્ટક પૂરાં થયાં. હવે અંતરપટ ખસેડાશે. ફૂલેશનો ઝબકારો થશે. હસ્તમેળાપનું દૃશ્ય કેમેરામાં ઝડપાઈ જશે અને...

સુરેખાએ આંખો ખોલી. છબી સામે જોયું-જોઈ રહી. ફરી આંખો મીંચીને વિચારી રહી.

થોડાક સમય પહેલાં વિભૂતની જાન આવી હતી. બા વિભૂતને આસોપાલવના તોરણ નીચે પોંખી રહી હતી ને પોતે થોડેક દૂર સંતાઈને ઊભી હતી છતાં વિભૂતે તેને પકડી પાડી હતી. એની ઠપકાભરી નજર, ના, નજરની શારડી કેવી વેધક હતી ! ને પછી તરત જ પોતે સૌની વચ્ચેથી ઘરમાં દોડી આવેલી. મેડી ઉપર ચઢી ગયેલી...

સુરેખાએ ફરી આંખો ખોલી. એ ફરી છબી સામે જોઈ રહી. એની આંખો જાણે કે છબીને ઉદ્દેશીને કહી રહી હતી :

'મિતેષભાઈ, આમ તો આજે વિભૂત સાથે મારાં લગ્ન ગોઠવાયાં હતાં એ તો તમે જાણો છો. પણ મેં બા-બાપુજી તેમજ વિભૂતને અને કુસુમને સમજાવ્યાં છે. એમની સંમતિ લીધી છે ને મારી જગ્યાએ કુસુમને...મિતેષભાઈ શું કરું ? તમારા અકાળ અવસાન પછી બા-બાપુજી સાવ ભાંગી પડ્યાં હતાં ને એટલે જ મેં હવે બાપુજીના થરથરતા લકવાગ્રસ્ત હાથનો ટેકો બનીને - લાકડી બનીને રહેવાનું નક્કી કરી લીધું છે.'

લાઉડ સ્પીકરનો ઘોંઘાટ ફરી શરૂ થઈ ગયો.

'હાશ! હસ્તમેળાપ પતી ગયો!...' કહીને સુરેખાએ નિરાંતનો ઊંડો શ્વાસ ખેંચ્યો. □

અંક ન મળવા વિશે

આકસ્મિક સંજોગો ઊભા ન થાય તો સામાન્ય રીતે 'કુમાર' દર માસની ૧૫મીએ પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ન મળે તો આપના વિભાગની પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી જાણ કરવી. આવી ફરિયાદ વખતે ગ્રા.નં. અચૂક લખવો. એક માસ સુધીમાં મળેલી ફરિયાદો પ્રત્યે જ ધ્યાન આપી શકાશે.

ઈતિહાસધારા

બ્રિટિશ શાસન દરમિયાન આ દેશને લૉર્ડ કર્ઝનના જેવો મહત્ત્વકાંક્ષી વાઈસરોય અન્ય કોઈ ભાગ્યે જ મળ્યો હશે. ઘણાને એ જાણીને નવાઈ લાગશે તે એણે આ દેશની સઘળી સત્તા ધરાવતા લંડનમાંના હિંદી વઝીરનું પદ નાબૂદ કરવાની માગણી કરેલી. અલબત્ત, આ સ્વશાસન આ દેશની પ્રજા માટે નહિ પરંતુ એના પર શાસન માટે આવતા બ્રિટિશ વાઈસરૉયો માટે માગેલું.

પોતાના દેશ માટે મગરૂર લૉર્ડ કર્ઝન આ દેશના શિલ્પ-સ્થાપત્યના વારસા પર પણ ઓછો મગરૂર નહોતો. પ્રાચીન શિલ્પ સ્થાપત્યોની રક્ષા માટેનું ફરમાન એણે જ પહેલું બહાર પાડેલું. વાઈસરૉય તરીકેની પોતાની કારકિર્દીમાં તેણે ભારતને આપેલી આ ઉમદામાં ઉમદા ભેંટ હતી. પોતાના આત્મવૃત્તાંતમાં તેણે લખ્યું છે : 'હિન્દુસ્તાન કેવી શિલ્પસ્થાપત્યોની સમૃદ્ધિ ધરાવે છે કે બધુ થોડા લોકો, અને તે પણ તેનાં ચિત્રો પરથી જાણે છે. મેં આ સૌન્દર્યતીર્થોના યાત્રી તરીકે એ તીર્થધામોની મુલાકાતો લીધી છે, પરંતુ એ મંદિરોના પૂજારી તરીકે તેમની પવિત્રતા જાળવવાની અને તેમનો જીર્ણોદ્ધાર કરવાની ફરજ પણ મેં બજાવી છે.'

વેલોરના હિન્દુ મંદિરના ભવ્ય મંડપ પર કર્ઝન વારી ગયેલો.એના વાઈસરૉયપદના સો વર્ષ પહેલાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તે જ્યોર્જ ચોથાને બક્ષિશ આપી દીધેલો અને ઈંગ્લેન્ડમાં બ્રાઈટન મુકામે એ મંડપ ખસેડવાનું નક્કી થયેલું. ત્યાં એ ઊભું કરવા એના થાંભલા લઈ જવા માટે ઈંગ્લેન્ડથી જહાજ પણ રવાના કરવામાં આવેલું. કર્ઝનના જણાવ્યા મુજબ 'આ હેતુ પાર ન પડ્યો. કેમકે, એ સુંદર સ્તંભો લઈ જવા માટે મોકલવામાં આવેલું જહાજ, અત્યંત આનંદની વાત એ છે કે, દરિયાને તળિયે પહોંચી ગયું. ત્યાર પછી આ મંડપનો ઉપયોગ શસ્ત્રાગાર તરીકે થવા લાગેલો, અને ત્યારબાદ એ થાંભલાઓનો ઉપયોગ બળદો બાંધવા માટે થતો રહેલો.'

કર્ઝન જેવો ઉત્કટ કલાપ્રેમી હતો એવો જ અત્યંત હૃદયપ્રેમનો પૂજારી હતો. એક કલાપ્રેમી તરીકે તેણે પોતાના હસ્તાક્ષરોને એવા સુંદર અને મરોડદાર બનાવ્યા હતા કે જે કોઈ સિદ્ધહસ્ત લહિયામાં જ સંભવે. વિન્સ્ટન ચર્ચિલ એ માટે લખે છે : 'હિન્દુસ્તાના વાઈસરૉયપદ દરમિયાન ઈ. ૧૯૦૩ની લેડી કર્ઝનની એણે લીધેલી મુલાકાત મને બરાબર યાદ છે. પરણ્યા પહેલાંની એ કુમારી લેઈટર એના જમાનાની સુંદરમાં સુંદર સ્ત્રીઓમાંની એક હતી. માંદી પડતાં તે ત્યારે તેના પર રોગના પ્રથમ આક્રમણ વખતે ચિકિત્સા માટે ઈંગ્લેન્ડ આવેલી, જે રોગ જ એના માટે પ્રાણઘાતક પૂરવાર થયો. તેણે હિન્દુસ્તાનથી તેના પતિએ તેના પર લખેલો પત્ર મને બતાવ્યો. સો પાનાં ભરીને લખેલો પત્ર! એણે પત્રનાં પાનાઓ પરનો સંખ્યાનુક્રમ પણ મને બતાવ્યો. આખો પત્ર એણે સુવાચ્ય એવા ઘાટીલા અક્ષરોએ લખેલો. પણ સો પાનાં!'

ગ્વાલિયરની રાજગાદીનો સ્થાપક માધોજી સિંધિયા એના કડક શિસ્તપાલન માટે જાણીતો હતો. પણ એ શિસ્તનો પહેલો પાઠ એને શીખવનાર હતો માધવરાવ પેશવા જે પોતે જેવું શિસ્તપાલન કરતો એવું જ ચુસ્ત પાલન પોતાના અધિકારીઓ પાસેથી કરાવતો. એક વાર માધોજી સિંધિયાને એણે કહેણ મોકલ્યું કે ચોમાસું બેસે અને નર્મદા નદીમાં પૂર આવે તે પહેલાં તેણે લશ્કર સાથે નર્મદા પાર કરીને સામા કાંઠે પહોંચી જવું.

આ પછીના થોડાક દિવસે પેશવાની સવારી પૂણેથી ૧૩ માઈલ પર આવેલા થીઉર મુકામે ઉપડી. જુએ છે તો માધોજી તેની સરદારી નીચેના લશ્કર સાથે હજુ જ્યાંનો ત્યાં ધામા નાખીને પડેલો, નદી પાર કરવાની કશી જ તૈયારી વિના.

તરત તેણે માધોજીને તેડું મોકલી બોલાવ્યો અને પોતાની આજ્ઞાના અનાદર બદલ આશ્ચર્ય વ્યક્ત કરતાં તેને કહી દીધું કે, પોતે થીઉરથી પાછા વળતાં જો લશ્કરી પડાવને અહીંનો અહીં પડેલો જોશે તો આખો પડાવ તે લૂંટાવી દેશે અને તેની જાગીર સુદ્ધાં જપ્ત કરશે. કહેવાની જરૂર નથી કે બીજા દિવસે માધોજીએ લશ્કર સાથે ત્યાંથી ઉચાળા ભરી લીધા. પાછળથી એણે મેળવેલી મહત્તામાં પેશવા માધવરાવે તેને શીખવેલા શિસ્તના આ પહેલાં સબકે અગત્યનો ભાગ ભજવેલો.

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય વિપ્લવ સમયે ગ્વાલિયરના મહારાજા જયાજી રાવ સિંધિયાએ તેના દીવાન સર દિનકર રાવની સલાહથી વિરૂદ્ધ જઈને ત્યાર સુધીમાં ગ્વાલિયર સુધી આવી પહોંચેલા વિપ્લવી દળ સામે યુદ્ધ ખેલી બ્રિટિશોને પોતાની વફાદારી બતાવી આપવાનું નક્કી કર્યું.

યુદ્ધના આરંભરૂપે મહારાજાએ કિલ્લા પરની મોટી તોપ સામે જ પડાવ નાખી પડેલા વિપ્લવી દળ સામે ફોડવાનો ઉત્સાહભેર આદેશ આપી દીધો. વિપ્લવી દળવી સરદારી ત્યારે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ હસ્તક હતી. તેણે સત્વર સિંધિયાની ફોજ પર આક્રમણ કરી દેવાનો હુકમ છોડ્યો. થોડી જ વારમાં સિંધિયાની ફોજમાં નાસભાગ શરૂ થઈ જતાં રાણી લક્ષ્મીબાઈએ મહારાજા સમક્ષ પહોંચી જઈ તેમને કહ્યું, 'હું ધારું તો અત્યારે જ આ તલવાર વડે તમારું ડોકું ઉડાવી દઇ શકું તેમ છું. પણ ના, કારણ કે તમે કાયર છો, સાથે ગેરસમજણના ભોગ બનેલા છો.' ગ્વાલિયર આઠ મહિના સુધી વિપ્લવીઓના કબજે રહ્યા બાદ બ્રિટિશોએ તે કબજે કરી સિંધીયાને પાછું આપેલું.

અશોક હર્ષ

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા-૨

તમે કેવા ટી.વી. પ્રેક્ષક છો?

તમે ઘરમાં કેવી રીતે ટીવી. જુઓ છો? પૂરા કુટુંબ સાથે? કે ઘરમાં બેત્રણ 'સેટ્સ' છે તેથી તમારા રૂમમાં તમારો જુદો ટીવી. જુઓ છો?

તમને ચાલુ ટીવી. કાર્યક્રમે બીજી કોઈ વાતો કરવાની છૂટ છે? તમે કંઈ બોલો એટલે ઘરનાં બીજાં બધાં 'એય! ટીવી. જોવા દો પ્લી ઇ ઇ ઇ ઝ!' કરીને તમને તોડી પાડે છે?

જે ટીવી. પ્રોગ્રામ જોતા હો એને વિશે ટીકાટીપ્પણ કરવાની તમને છૂટ છે? 'એય પેલો ટાલિયો આવ્યો પાછો!' અથવા 'કચરો! તદ્દન કચરો' અથવા 'વાહ વાહ બાપુ, શું સેટ બનાવ્યો છે?' આવા ઉદ્‌ગારો તમે કાઢી શકો? બીજું કોઈ આવા ઉદ્‌ગારો કાઢે તો તમને કેમ લાગે છે?

આવા ઉદ્‌ગારોના જવાબમાં 'સાંભળવા દો ને?' 'કચકચ નહીં' 'હા પણ શું છે એનું અ..ત્યા..રે? શાંતિથી ટી.વી. પણ નહીં જોવા દો તમે!' આવા પ્રતિભાવો મળે છે?

ટીવી. જોતાં કોઈ સંવાદ ન સંભળાય કે ન સમજાય તો તમે એકબીજાને એ વિષે પૂછી શકો છો ખરા? પછી સામું માણસ શું કરે છે? ઘૂરકે છે? લાંબો જવાબ આપે છે? કે ફટ દઈને 'પછી વાત, હમણાં નહીં!' કહીને તરત તમને પતાવી દે છે? કે... ટૂંકો જવાબ આપીને વિવેકથી 'આગળ પછી વાત હોં' એમ કહી ફરી ટીવી. જોવામાં લાગી જાય છે અને તમને લગાડી દે છે?

તમે ટીવી. જોતા હો તે વખતે - ધારો કે ડ્રોઈંગરૂમમાં કોઈ મહેમાન-મુલાકાતી આવી ચડે છે તો તમે શું કરો છો? તે વખતે ઘરનાં બીજાંઓ શું કરે છે? બીજા કોઈનો મહેમાન કે મુલાકાતી આવી ચડે તો તમે શું કરો છો? એને બીજા રૂમમાં લઈ જવાની રિક્વેસ્ટ કરો છો? કે 'હલો' કહીને ધડ્ દઈને સોફા પરથી ઊઠીને કે ખુરશી ટી.વી. પાસે ખેંચીને મોઢું ચડાવીને આગળ ટી.વી. શો જોવા માંડો છો? અને વચ્ચે વચ્ચે પેલા સામે તીખી નજર નાખી લો છો?

નિકટનો મિત્ર આવી ચડે છે તો શું કરો છો? 'જો, બેસ, ડોન્ટ ડિસ્ટર્બ. પ્રોગ્રામ પૂરો થયા પછી જ ચ્હા મળશે! તારી બૈરી કેમ છે? મઝામાં? હવે ટી.વી. જો... અથવા ત્યાં પેલું મેગેઝીન પડ્યું છે તે વાંચ! ઓ. કે.?' એમ કહીને તમે આગળ ટી.વી. જોવા માંડો છો?

જેની તમારે ગરજ હોય કે જેને અંગે તમને ભય હોય કે ચિંતા હોય એવું કંઈ તમે ટી.વી. જોતા હો, - દાખલા તરીકે રવિવારે સવારે - ત્યારે આવી પહોંચે છે તો તમે શું કરો છો?

તમારી પાસે વી.સી.આર. છે? તરત વિડિયો રેકોર્ડિંગના બટન દબાવી પ્રોગ્રામ વિડોય પર આવી જશે એટલે પછીથી રાત્રે જોઈ લેવાશે એવી ધરપત રાખી તમે પેલા આગંતુકને આવકાર આપી એની જોડે વાતે વળગો છો?

કે પછી આવે વખતે વી.સી.આર. ચલાવવાનું ભૂલી જાઓ છો? અને પછી મોડેથી 'હત્તેરેકી! વી.સી.આર. ચલાવવાનું મને યાદ જ ન આવ્યું.' અને પેલા ન્યુસન્સે આવીને મારો પ્રોગ્રામ ગુમાવડાવ્યો' એવો બળાપો કાઢો છો?

શ્રેષ્ઠ રસ્તો 'મને વી.સી.આર. ચલાવવાનું તેં યાદ કેમ ન કરાવ્યું.' એમ કહીને ઘરનાં બીજાં જોડે, દાખલા તરીકે પત્ની જોડે, લડવું એ છે! તમે એ સુલભ માર્ગ અપનાવો છો ખરા?

ટીવી. જોતી વખતે ટેલિફોન આવે છે તો તમે શું કરો છો?

ઘરનાં બીજાં પર ટેલિફોન આવે અને એ જો રિસીવર ઉપાડી લાંબી વાતો કરવા માંડે તો તમે મૂક વિરોધ વ્યક્ત કરો છો ખરા? 'મને ડિસ્ટર્બ થાય છે, ટેલિફોન પર ધીમેથી બોલ' એવું ઘાંટો પાડીને (ટેલિફોનને સામે છેડેની વ્યક્તિને મોટેથી ઘાંટો પાડીને!) કહો છો ખરા?

કે માત્ર મોઢું બગાડ્યા કરો છો? અને વારંવાર પેલી ટેલિફોન કરનાર તમારી પત્ની (કે અન્ય કોઈ) સામું હિંસક નજરો નાખ્યાં કરો છો?

ટેલિફોન પૂરો થાય અને પેલી વ્યક્તિ પાછી આવે એટલે 'તારે આવે ટાઈમે ટેલિફોન પર લાંબી વાતો કરવાની શી જરૂર હતી? પછી કરી હોત તો ન ચાલત?' એમ કહીને તમે લડો છો?

આવું લડવાનું તરત જ શરૂ કરી દો છો ને? સામી વ્યક્તિ તમને એમ કહે છે ખરી કે 'આ ઝઘડો આ પ્રોગ્રામ પૂરો થઈ જાય પછી કરો તો નહીં ચાલે?'

તમારે ટેલિફોન લેવા માટે ઊઠવું પડે તો રિસીવર ઉપાડી સામાવાળા જોડે 'તમે કોણ છો?' કહીને ઘાંટો પાડીને વાત શરૂ કરો છો ખરા?

ટેલિફોન પર સામી વ્યક્તિ કોણ છે એ ખબર પડે એટલે એકદમ મેંદા જેવા ઢીલા થઈ જઈ 'હાજી, યસ સર, ઓફકોર્સ, હા, જી. જરૂર' એવું કરવા માંડો છો ખરા?

અને પછી ટેલિફોન પૂરો થયા પછી 'પેલા ગધેડાએ અત્યારે જ ફોન કર્યો એમાં હું શું કરું?' એમ કહીને પત્નીએ કશી ફરિયાદ ન કરી હોય તો પણ લડવા માંડો છો ખરા?

ટીવી. પર ફિલ્મીગીતોના કાર્યક્રમ વખતે અચાનક તમને ગમતું ગીત આવે તો એકદમ ઊછળીને 'વાહ! વાહ! વાહ! વાહ!' કરી ઊઠો છો ખરા? એ ગીત ટીવી.ની જોડે જ મોટે મોટેથી ગાવા માંડો છો ખરા?

'યાદ છે? આપણે આ પિક્ચર જોયું છે. આપણે જોડે ગયેલાં, મિલન ટોકીઝમાં? નહીં? તને યાદ નથી?'...હા, હા, જોડે જ ગયેલાં...કેમ પછી તારી ચંપલ ખોવાઈ ગયેલી થીએટરમાં અંધારામાં? તું ભૂલી ગઈ છું...અચ્છા,

અચ્છા, અચ્છા, હું એકલો જ ગયેલો બસ? મને ચોક્કસ યાદ છે. તું જ જોડે હતી! બીજું કોઈ નહોતું...સારું સારું બસ? તું નહોતી આવી અને હું એકલો જ ગયેલો બસ? હવે પ્લીઝ શાંતિથી ગીત સાંભળવા દઈશ? ...લો આમાંને આમાં ગીત પૂરું થઈ ગયું! મને કેટલું ગમતું' તું આ ગીત ? તેં વચ્ચે કચકચ કરીને બધી મઝા મારી નાખી! પૂરું સાંભળવા પણ ન દીધું! આવું કરો છો ખરા?

ક્રિકેટ કોમેન્ટરી વખતે કોઈ કેચ ગુમાવે તો 'ગધેડો, ગધેડો!' એવી બૂમો પાડી ઊઠો છો ખરા? અને છગ્ગો લાગે ત્યારે 'વાહ બેટા વાહ! વાહ વાહ! વાહ વાહ! કમાલ કરી' એવું બોલી ઊઠો છો ખરા?

તમે ટી.વી. પરના કયા કયા કાર્યક્રમો ડોળા ફાડીને, મોં અડધું ખુલ્લું રાખીને, ડોકી સહેજ આગળ લાવીને જાણે થીએટરમાં એકલા અંધારામાં જઈને ફિલ્મ જોતા હો તેમ જુઓ છો?

તમે ટી.વી. પરના કાર્યક્રમો સ્મશાનમાં તમારા દૂરના સગાની ચેહ બળી રહે ત્યાં સુધી ડાઘુ તરીકે 'બોર' થઈને વ્યવહાર ખાતર અઢી કલાક બેસી રહ્યા હો એવી રીતે જુઓ છો? તે વખતે મોં કેટલા પ્રમાણમાં બગડેલું રાખો છો?

તમે ટી.વી. જોતાં જોતાં ખાઓ છો ખરા? બીજાનું માથું ખાઓ છો? કે કાંઈ નાસ્તાનું જમાવાનું ખાઓ છો? બગાસાં ખાતાં ખાતાં પણ ટી.વી. જોઈ શકાય. તમે 'મોડી રાતની (વિદેશી) ફિલ્મ, એમાં કંઈક ગજબનો સીન (સામાન્ય રીતે ટી.વી. પર દિવસના કાર્યક્રમમાં દેખાડવામાં ન આવે એવો સીન!) આવશે.' એ આશાએ બેસી રહો છો ખરા? કેટલા સમય પછી ધીરજ ગુમાવીને જોરથી સ્વીચ ઑફ કરીને બબડતા સૂવા ચાલ્યા જાઓ છો?

તમને કોઈવાર ટી.વી.ને (અ) લપડાક મારવાનું (બ) હાથ ફેરવીને પંપાળવાનું (ક) કે ઊંચકીને પછાડવાનું મન થાય છે ખરું?

તમને પત્ની નિરાંતે ટી.વી. જોવા દે છે કે નહીં એ સંદર્ભમાં પત્ની પ્રતિ ઉપરના વિકલ્પો (બ) કે (ક) અપનાવવાનું મન થાય છે ખરું?

તમારે ટી.વી. કે પત્ની બેમાંથી એકનો ટેમ્પરરી વિયોગ સહન કરવાનો હોય તો પત્ની વિના ચલાવી લો ખરા? (જવાબ હા માં હોય તો મનમાં રાખો) આવો વિયોગ 'ટેમ્પરરી' નહીં પણ 'પરમેનન્ટલી' થવાની શક્યતા હોય તો તમારા નિર્ણયમાં કોઈ ફેર પડે ખરો? (આ પ્રશ્નનો જવાબ આપવાની તો જરૂર પણ નથી!)

પ્રશ્નો પૂરા થયા. હવે કેટલીક મહત્ત્વની સૂચનાઓ :

તમે કેવા ટી.વી. પ્રેક્ષક છો તેની કસોટી કરવા ઉપરના ૩૬ પ્રશ્નો આપ્યા છે.

આ પ્રશ્નોના ઉત્તર સ્પષ્ટ 'હા' માં કે 'ના'માં આપો! કાગળ-પેન્સિલ લઈને 'હા', 'ના' લખો. (પછીથી કાગળ ફાડી નાખજો!)

જો સો ટકા ઉત્તરો 'હા'માં હોય તો સમજો કે તમારું વ્યક્તિત્વ ખૂબ વિવેકી, રસિક અને આનંદી, કુટુંબપ્રેમી, કલાપ્રેમી તથા માનવપ્રેમી છે.

જો સો ટકા ઉત્તરો 'ના'માં હોય તો સમજો કે તમારું વ્યક્તિત્વ ખૂબ વિવેકી, રસિક અને આનંદી, કુટુંબપ્રેમી, કલાપ્રેમી તથા માનવપ્રેમી છે.

એથી ઊંધું હોય - એટલે કે અડધા ઉત્તર 'ના'માં ના હોય પણ 'હા'માં હોય અને બીજા અડધા ઉત્તર 'હા'માં ન હોય પણ 'ના'માં હોય તો પણ એ પ્રમાણે જ સમજવું!

ઉપરની પ્રશ્નાવલિમાં જ્યાં જ્યાં 'ટી.વી.' છે ત્યાં ત્યાં 'પત્ની' શબ્દ મૂકીને અને 'પત્ની' છે ત્યાં 'ટી.વી.' શબ્દ મૂકીને પ્રશ્નો ફરીથી વિચારી જુઓ. જો બધા ઉત્તરો 'હા'માં હોય તો તમો સજ્જન છો એમ માનજો. 'ના'માં હોય તો તમારી પત્ની સન્નારી છે એમ સમજવું.

છેલ્લે તમને જો આ છેલ્લી ત્રણચાર સૂચનાઓ વાંચીને ક્વીઝ બનાવનાર લેખક પર, 'આ લેખક સામો મળે તો બોચી પકડીને એને પછાડું' એવી ચીઢ ચડે તો સમજજો કે તમે ઘણા જ સમજદાર માણસ છો, સ્વસ્થ, નિખાલસ અને બુદ્ધિમાન છો.

તમે જો આ છેલ્લી ચાર સૂચનાઓ વાંચીને 'આમાં કંઈ અર્થ હશે, પણ મને સમજાતો નથી' એવું અનુભવો તો સમજજો કે તમે 'ક્રોનિક ડિપ્રેશન'ની મનોરુગ્ણતામાં ફસાવાના પ્રારંભિક તબક્કામાં છો! જલ્દી કોઈ મનોવિજ્ઞાની ને 'કંસલ્ટ' કરવા ઊપડી જાઓ! □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

પોપની કવિતા

પ્રારંભિક

ડ્રાયડનના સમયમાં ફ્રેંચ સાહિત્યનો અંગ્રેજી સાહિત્ય પર જે પ્રભાવ હતો એ ધ્યાનપાત્ર રીતે એની પછીના સર્જકોમાં - ખાસ કરીને પોપમાં વધતો દેખાય છે. આ પ્રભાવ જેટલો સ્વરૂપ પ્રત્યે નહિ તેટલો રીતિની બાબતમાં છે. અત્યાર સુધી તાજગીભર્યા, ઊર્મિની ઉષ્માથી ભર્યા ભર્યા ઉદ્દગારો અભિવ્યક્ત કરવા પ્રત્યે સર્જકનું લક્ષ હતું; હવે પોપમાં અભિવ્યક્તિમાં સુઘડતા અને કૃતિને ઘાટીલી, સફાઈદાર બનાવવા તરફ ઝોક વરતાય છે : પોપે પોતે જ આ પરિવર્તનની વાત કરી દીધી છે :

True wit is nature to advantage dressed
What oft was thought but ne'er so well expressed

કવિ ડ્રાયડને ભલે પોતાના એક માત્ર સાચા સાહિત્યિક વારસદાર તરીકે એક પત્રકાવ્યમાં કોન્ગ્રીવ (Congreve)ને જાહેર કર્યો હોય, પરંતુ એનો સાચો વારસ તો કવિ પોપમાં (Alexander Pope ૧૬૮૮-૧૭૪૪) પ્રતીત થાય છે. એણે જ ડ્રાયડનની હીરોઈક કપ્લેટ (Heroic Couplet)ને પોતાની કાવ્યરચનાઓના એક વાહક તરીકે સ્વીકારીને એને પૂર્ણ કળાએ પહોંચાડી.

જ્હોનસને એથી જ તો પોપ વિષે નોંધ્યું છે કે "It was in perusing the works of Dryden, that he discovered the most perfect fabric of English verbs.'

એલેકઝાન્ડર પોપ

ઇંગ્લેન્ડમાં ૧૬૮૮ની સાલની ક્રાન્તિ થઈ તેના થોડા માસ અગાઉ શણના એક સામાન્ય વેપારીને ત્યાં એ જન્મેલો; વારસામાં માતા તરફથી મસ્તકપીડા અને પિતા તરફથી અંગવિરૂપતા મળેલા. એ પોતે સાવ નાજુક અને માંદલો. જિંદગીભર એને આ નડતર નડ્યાં. માંડ પેટગુજારો કરતો બાપ એને માટે શિક્ષણનો પ્રબંધ ક્યાંથી કરી શકે ? આપમેળે પોપ છૂટુંછવાયું શિક્ષણ



પામ્યો. થોડું લેટિન, થોડું ગ્રીક (Small Latin and less Greek) શીખીને એને સંતોષ માનવો પડ્યો. હા, મહાકવિ હોમરના 'ઈલિયડ'નો અનુવાદ કરનાર આ કવિ સાચે જ ખપજોગી લેટિન-ગ્રીક ભાષા શીખી શક્યો હતો. તેમ છતાં એની વાચનભૂખ તીવ્ર હતી. માંદલો કિશોર પુસ્તકોમાં જ ખૂંપ્યો. કિશોર વયમાં જ એણે ટ્રેજેડિ, મહાકાવ્યો વગેરે સાથે માથું અફાળવા માંડ્યું, અને યુવા ઉંમરે પહોંચ્યો ત્યારે તો હોમર, એરિસ્ટો, વર્જિલ, ઓવિડ-એ બધાથી તે સારી પેઠે પરિચિત થઈ ચૂક્યો હતો. એ શરીરે આજાર છતાં તેનામાં અકાલપક્વ બૌદ્ધિકતા હતી. એના કથન પ્રમાણે તો એ પંદર-સોળ વર્ષની વયે ડ્રાયડનની રીતિએ ઓવિડ, ચૉસર વગેરેની કૃતિઓના અનુવાદ કરતો થઈ ગયો હતો.

પોપની કાવ્યપ્રવૃત્તિ

પોપે માંડ વીસી વટાવી હશે ત્યાં એનાં કાવ્યો પ્રકાશિત થવા માંડ્યાં. ઈ. ૧૭૦૯માં ગોપકાવ્યો - પેસ્ટોરલ્સ (Pastorals)થી એની કવિ તરીકેની કારકિર્દીનો આરંભ થયો. એની પ્રસ્તાવનારૂપે એણે નોંધ્યું કે ગોપકાવ્યમાં સરળતા, સંક્ષિપ્તતા અને નજાકત એ ત્રણ ગુણ યોગ્ય ગણાય. પોપે પોતાનાં ગોપકાવ્યોમાં વસંતથી આરંભીને દરેક ઋતુ વિષે વર્ણનો-ચિત્રો આલેખ્યાં છે. અલબત્ત, એમાં કૃતકતા સારી પેઠે છે, પણ સુઘડ, સફાઈદાર પદ્ય એ એની વિશેષતા છે. 'પેસ્ટોરલ્સ' કરતાં કંઈક વધારે રસપ્રદ 'વિન્ડસર ફોરેસ્ટ' છે. (૧૭૧૩). ડૉ. જહોન્સને જેને 'લોકલ પોએટ્રી' તરીકે ઓળખાવી છે એવી વર્ણનાત્મક-ચિંતનાત્મક કવિતારચના એ સંગ્રહમાં છે. એમાં અગ્રદૂત જેવા પંખીનું, માછલીનું અને એવાં કેટલાંક વર્ણનોમાં કવિત્વનો ચમકાર વરતાય છે. પણ હજુ કોઈ સુશ્લીષ્ટ કૃતિ તેમાં મળતી નથી. ઉદ્દબોધનોનો અને વિવિધ દૃશ્યોના સંગ્રહનો અનુભવ થાય છે.

પોપની કાવ્યરચનાઓ કવિ વૉલ્શ (Walsh), નાટ્યકાર વીશર્લી (Wycherley) વગેરેની નજર તળેથી પસાર થઈ. તેમને આ નવોદિત કવિમાં કંઈક હીર જણાયું અને તેમણે - ખાસ કરીને કવિ વૉલ્શે-તેને ખૂબ ઉત્તેજન આપ્યું. કવિ વૉલ્શ ગૌણ કવિ હતો - એકાદબે સરસ મઝાનાં ગીતને કારણે જાણીતો હતો. તેણે પોપને સલાહ આપતાં કહ્યું કે આપણે ત્યાં કેટલાક સારા કવિઓ છે ખરા, પણ પદ્યરચનાને સંપૂર્ણ ઘાટ આપે, સાચી અકૃત્રિમ બનાવે એવો કોઈ જ મોટો કવિ નથી. (Though we had several good poets, we never had any one great poet that was correct) પોપને તેણે એ કલા સિદ્ધ કરવાની પ્રેરણા આપી. વૉલ્શનો 'Correctness' (સાચુકલી પદ્યરચના) શબ્દ દ્વારા પ્રાચીન કૃતિનાં ઉદાહરણ અનુસરવાનો આગ્રહ હતો.

પોપને એ સલાહમાં જ જીવનદિશા જડી ગઈ. અને એણે ડ્રાયડનની બે પંક્તિની કડીને (Heroic Couplet) સુધારી, સંમાર્જીને એવી શિષ્ટ, સુતરી અને સમતોલ, સુમધુર, સંપૂર્ણ બનાવી કે પોપ ભલે મોટા ગજાના

કવિ તરીકે ન પંકાયો તો પણ અંગ્રેજી પદ્યરચનાને સંપૂર્ણતા સુધી પહોંચાડનાર કલાકસબી તરીકે ખ્યાતનામ બની ગયો. ડ્રાયડનની કડીમાંથી તેણે જે કંઈ કસ્તર, અણઘડ, કઠોર હતું તે બધું ચાળી નાખીને પદ્યરચનાને એક અનોખો - સંપૂર્ણ આકૃતિનો ઘાટ આપ્યો.

પોપનાં કાવ્યોને બે વિભાગમાં વહેંચી શકાય. આરંભમાં 'પેસ્ટોરલ્સ' અથવા તો 'વિન્ડસર ફોરેસ્ટ' જેવા કાવ્યસંગ્રહોમાં ઊર્મિ, થોડીક કલ્પના, સંવાદિતા (Harmony) ધ્યાન ખેંચે - એમાં પોપની કોઈ વિશિષ્ટ શક્તિ વરતાય નહિ. બીજા વિભાગમાં એની 'ધી એસ્સે ઑન ક્રિટિસિઝમ' (Essay on Criticism) 'ધ રેઈપ ઑફ ધ લૉક' (The Rape of the Lock) 'ડન્સિઆડ' (Dunciad) આદિનો સમાવેશ થાય. એમાં એની કવિપ્રતિભા, કટાક્ષકલા, વિદ્વત્તા એ સર્વ આકર્ષી રહે છે.

પોપની ખ્યાતનામ કૃતિઓ

પોપે એની કવિ-કારકિર્દીના આરંભ કાળમાં થોડીક ઊર્મિકવિતા આપી, પણ એ પોપના કવિકર્મનો કોઈ વિશેષ દાખવતી નથી. એક રીતે એ રચનાઓ પોપની કાવ્યરચના માટેની અજમાયશ છે.

પોપની પ્રતિષ્ઠા સ્થાયી આપે તેવી તેની પ્રથમ કૃતિ 'ધી એસ્સે ઑન ક્રિટિસિઝમ' (૧૭૧૧) છે. એ સંગ્રહનું શીર્ષક સૂચવે છે તેમ એમાં એ યુગના વિવેચનાત્મક સિદ્ધાંતોનું સફાઈદાર, સૂત્રાત્મક યુગ્મોમાં (Couplet) આકર્ષક નિરૂપણ છે.

કૃતિના પ્રથમ ભાગમાં (સાહિત્યમાં) રુચિનું મહત્ત્વ, કલા અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ, પ્રાચીનતાનો મહિમા - વગેરેનું સચોટ કથન છે. એક મુદ્દાની વાત પર તે ખાસ ધ્યાન દોરે છે કે જેમ કવિમાં ઉત્તમ પ્રતિભા વિરલ તેમ વિવેચકમાં ઉચ્ચ રુચિ પણ વિરલ જ. પ્રકૃતિ અને કલાની વિચારણામાં તે પ્રકૃતિ વિષે કહે છે - Nature is at once the source, and end and test of Art'.

પ્રકૃતિ એ જ કલાનો સ્રોત છે, કલાનું પ્રયોજન છે અને કલાની કસોટી છે. પોપ આગ્રહપૂર્વક પ્રાચીનોએ આંકી આપેલા વિવેચન-સિદ્ધાંતો (ખાસ તો એરિસ્ટૉટલના)નું અનુસરણ કરવા સૂચવે છે.

Learn hence for ancient rules a just esteem
To copy nature is to copy them.

અલબત્ત, કોઈ પ્રતિભાસંપન્ન કવિ એવા નિયમોની પણ પાર નીકળી જાય ખરો અને વિવેચકો પણ એ નિયમભંગની ટીકા કરવાનું ટાળે.

Great wits somtimes may gloriously offend,
And rise to faults true Critics dare not mend.

કૃતિના બીજા વિભાગમાં વિવેચનમાં વિવેક ક્યાં ચૂકી જવાય છે તેની બાબત રજૂ થઈ છે. એક તો અહં, અધૂરો અભ્યાસ ('A little learning is a dangerous thing.') સમગ્ર કૃતિને અવલોકવાને બદલે ખંડદર્શન, કોઈ એક કે બીજા મુદ્દા પર અજુગતો ભાર, અતિ ઉત્સાહ, અમર્યાદ ટીકાટિપ્પણી, વિવિધ પ્રકારના પૂર્વગ્રહો - આ સર્વ વિવેચનને કલુષિત કરનારાં તત્ત્વો છે.

પોપે માર્મિકતાથી અને સહજસૂત્રો દ્વારા આ દોષ વર્ણાવ્યા છે. ભાષા પરનો એનો પ્રશસ્ય કાબૂ, અને સંઘેડાઉતાર પંક્તિઓ રચવાની તેની કુનેહ અહીં પ્રતીત થાય છે.

વિવેચકો માટે પોપ કહે છે કે તેમણે ઉમદા પ્રકૃતિ ખીલવવી જોઈએ. અને તે સાથે સારી સમજશક્તિ તેનામાં હોવી જોઈએ. મુખ્ય ટીકા તો અશ્લીલતાની જ હોઈ શકે, પણ અણઘડતા અને અશ્લીલતા એ બંનેનો યોગ થયો દેખાય તે તો અક્ષમ્ય જ ગણાય.

ત્રીજા વિભાગમાં તેણે વિવેચકીય રીતિ-વર્તાવ (Critical behaviour) અંગે વિધિયાત્મક નિયમો આપ્યા છે. અલબત્ત એ નિયમો, પોપે દૃષ્ટાંતો ટાંક્યાં હોવા છતાં અમૂર્ત જેવા જ રહે છે.

કૃતિને અંતે પોપે વિવેચનના ઇતિહાસની આછી રૂપરેખા રજૂ કરી છે - છેક એરિસ્ટોટલના વિવેચનથી આરંભ કરીને.

આ કૃતિમાં પોપની સાહિત્ય વિશેની વિભાવનાનો તેમ જ વિવેચકીય ભાવનાનો પરિચય મળી રહે છે. જો કે વિવેચન-સિદ્ધાંતોમાં એ કૃતિ દ્વારા કોઈ નવું વિશિષ્ટ ઉમેરણ નથી; પોપનું એવું પ્રયોજન પણ નથી. તત્કાલીન સાહિત્ય-જગતમાં સાહિત્ય-વિવેચન અંગેના જે સિદ્ધાંતો-નિયમો પ્રવર્તતા હતા તેને જ એકસૂત્રે ગૂંથીને - અને એ ગૂંથણીમાં જ પોપની અનોખી કલા દેખાય છે - રજૂ કર્યા છે. (ક્રમશઃ) ☐

અનુસંધાન] ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી [પાન ૨૭ પરથી

'ત્રીજા વિશ્વ' સંસ્થાઓ જેવી ઉત્તર-દક્ષિણ સમસ્યાઓના તેઓ નિષ્ણાત ગણાય છે અને આફ્રિકા વિષે સૌથી વધુ માહિતી ધરાવના પારંગતોમાંના એક તરીકે આંતરરાષ્ટ્રિય કક્ષાએ તેઓ પ્રશસ્ત થયા છે ! મહામંત્રી તરીકે ઘાલી સમક્ષ આગામી વર્ષોમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન તો પશ્ચિમ એશિયાનો જ હશે. જો કે ઘાલી પોતે આ જટિલ સમસ્યા સાથે વર્ષોથી સંકળાયેલા હોઈ તેનાથી સુમાહિતગાર છે.

વિશ્વ-સંસ્થા 'યુનો'ના ઇતિહાસના એવા તબક્કે ઘાલી તેનું સુકાન સંભાળી રહ્યા છે જ્યારે વિશ્વતખ્તા પર સર્જાતા રાજકારણના ઇતિહાસમાં યુનોનો પ્રભાવ વધ્યો છે તેમ જ ખાસ કરીને શાંતિ માટેની કામગીરી અને ચૂંટણીઓ પર દેખરેખ રાખવાની વધુ ને વધુ મહત્ત્વની વિશ્વવ્યાપી કામગીરી બજાવવાનું યુનોને કહેવામાં આવી રહ્યું છે. વળી, વર્તમાન સમયમાં રાષ્ટ્ર સંસ્થાનું કાર્યક્ષેત્ર પણ અનેકદેશીય બન્યું છે. રાજકારણ, વિશ્વ-સમાજ કલ્યાણ, પર્યાવરણ, આરોગ્ય, મહિલાઓ અને બાળકોનો ઉત્કર્ષ તેમજ શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક વિકાસ...વગેરે પડકારોને પહોંચી વળવાનું સામર્થ્ય ઘાલી ધરાવે છે એવી, રાજકારણનો તેમનો બહોળો અનુભવ જોતાં, આશા રહે છે.

મિસરના આખાનું દેશમાં બહુમતીમાં રહેલા મુસ્લિમોને ફાળે જાય છે એવા ઈજિપ્તના રાજકારણના વણબોલ્યા નિયમ હેઠલ ખ્રિસ્તી એવા ઘાલીએ વરઆંગણે કાર્યકારી ધોરણે ફક્ત વિદેશપ્રધાનપદ સંભાળ્યું હોવા છતાં તેમણે હવે વિદેશોમાં પણ ઈજિપ્શયન રાજદ્વારી કુનેહ દાખવવી પડશે. ☐

'યુનો'ના મહામંત્રી

ભરત "કુમાર" પ્રા. ઠાકર

૧લી જાન્યુઆરી, ૧૯૯૨થી વિશ્વ-સંસ્થા સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સ)ના નવા મહામંત્રી તરીકે ઈજિપ્તના નાયબ વડાપ્રધાન ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી પદસ્થ થયા છે. ગત ૨૨મી નવેમ્બરે મળેલી 'યુનો'ની સલામતી સમિતિની બેઠકમાં તેના આગામી મહામંત્રી તરીકે તેઓ ચૂંટાઈ આવ્યા હતા અને ૪થી ડિસેમ્બરે યુનોની મહાસભાએ ડૉ. ઘાલીની નિયુક્તિને પોતાની સ્વીકૃતિ આપી હતી. વર્તમાન મહામંત્રીની વિદાય સાથે નવનિર્વાચિત મહામંત્રી આરૂઢ થયા છે ત્યારે મહામંત્રીની કામગીરી કેવી હોય છે, તેમની નિયુક્તિ કેમ થાય છે, મહામંત્રીપદનું વૈશ્વિક મહત્ત્વ, અત્યાર સુધીના મહામંત્રીઓની તવારીખ વગેરે જાણવું રસપ્રદ બની રહેશે.

અનેક ઉમેદવારો ઉત્સુક

યુનોના આગામી મહામંત્રીની પસંદગી માટે આ વર્ષે આંતરરાષ્ટ્રિય રાજકારણમાં અનેક વ્યક્તિઓનાં નામો અખબારોમાં ચમકતાં રહ્યાં હતાં. ઈજિપ્તના નાયબ વડાપ્રધાન ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી ઉપરાંત બર્નાર્ડ ચિઝરો (ઝિમ્બાબ્વેના નાણાંપ્રધાન), ઓલુસેગુન ઓબ્સેન્જો (નાઈજિરિયાના માજી પ્રમુખ), શ્રીમતી ગ્રો હાર્લેમ બ્રુન્ડટલેન્ડ (નોર્વેના વડાપ્રધાન), નામદાર પ્રિન્સ સદ્રુદ્દીન કરીમ આગાખાન (ઈસ્માઈલી ખોજા કોમના ધાર્મિક આગેવાન અને નિર્વાસિતો માટેના યુનોના વર્તમાન હાઈકમિશનર), અલી અલતાસ (કમ્બોડિયાના ગૃહયુદ્ધના પ્રશ્નમાં રસ લઈ સમાધાન કરાવવામાં મુખ્ય ભાગ ભજવનાર ઈન્ડોનેશિયાના વિદેશપ્રધાન), શ્રીમતી માર્ગરેટ થેચર (બ્રિટનનાં જાજરમાન અને લોખંડી મહિલા ગણાતા માજી વડાપ્રધાન), એડવર્ડ શેવર્ડનાદ્ઝ (સોવિયેત સંઘના માજી વિદેશપ્રધાન), ક્રોહ યોંગ બી (સિંગાપોરના રાજપુરુષ અને યુનોના વર્તમાન ઉપમહામંત્રી), કેનેથ ડેડ્ઝી (ઘાના), જેમ્સ જોનાહ (સિયેરા-લિયોન), જર્મન વિદેશપ્રધાન વગેરે સહિત અનેક ઉમેદવારોનાં નામોની ચર્ચા-વિચારણા છેલ્લા થોડા સમયથી ચાલી રહી હતી.



મહામંત્રીપદની આ સ્પર્ધામાં આખરે કુલ તેર જેટલા હરીફો મેદાનમાં હતા અને સલામતી સમિતિનાં ૧૫માંથી ૧૧ સભ્યોએ ઘાલીની તરફેણ કરતાં તેઓ આ વિશ્વ-પ્રતિષ્ઠિત પદે ચૂંટાઈ આવ્યા છે.

પ્રથમ આફ્રિકી મહામંત્રી

મિસરના આ નેતા જ્યારે ડેરાક્સ ખાતે એક આર્થિક શિખર મંત્રણામાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે તેમને આ વરણીના સમાચાર મળ્યા હતા. 'યુનો'ના ૪૬ વર્ષોના ઈતિહાસમાં ૬૯ વર્ષના ઈજિપ્શ્યન રાજપુરુષ શ્રી ઘાલી આ પ્રતિષ્ઠાજનક હોદ્દો સંભાળનાર છઠ્ઠા મહામંત્રી છે, બર્માના શ્રી ઉ'થાન્ટ પછી આ સ્થાન ઉપર બિરાજનાર તેઓ બીજા 'એશિયાવંશી' છે તેમજ મહામંત્રીના અત્યંત મહત્ત્વના પદ પર ચૂંટાનાર તેઓ પ્રથમ આફ્રો-અરબ નેતા પણ બન્યા છે !

આ પૂર્વે ઓસ્ટ્રિયાના રાજપુરુષ શ્રી કર્ટ વાલ્ડહેઈમના સ્થાને આવેલા પુરોગામી મહામંત્રી પેરુના રાજપુરુષ શ્રી ઝેવિયેર પેરેઝ દ'ક્યૂલર ગત ૩૧મી ડિસેમ્બરે નિવૃત્ત થયા છે અને તેમને સ્થાને શ્રી ઘાલીએ આ મહિનાની ૧લી તારીખથી નવા મહામંત્રી તરીકેનો વિધિવત્ કાર્યભાર સંભાળ્યો છે.

મહત્ત્વ અને પ્રતિષ્ઠા

ઉચ્ચ આદર્શો સાથે વિશ્વના ૩૦ જેટલા દેશોએ જેની આજથી સાડા ચાર દાયકા પૂર્વે (૧૯૪૫માં) રચના કરી હતી અને આજે જેના ૧૬૦ ઉપરાંત દેશો સભ્ય છે તે વિશ્વ-સંસ્થા 'યુનો' (જો કે તેના નામ પછવાડેથી 'ઓર્ગેનિઝેશન' શબ્દ દૂર કરાયો હોવાથી હવે સાચું નામ માત્ર 'યુ.એન.')ના મહામંત્રીનું પદ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રિય રાજનીતિને તખ્તે એક અત્યંત મહત્ત્વનું, જવાબદારીભર્યું, પ્રતિષ્ઠિત અને સન્માનનીય પદ ગણાય છે. યુનોના મહામંત્રીપદે નિયુક્ત થનાર વ્યક્તિ રાતોરાત સમગ્ર વિશ્વમાં જાણીતી બની જાય છે.

યુનોના મહામંત્રીનું પદ સ્વીકારવું અને મહામંત્રી તરીકે કામ કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. પરંતુ યુનોના મહામંત્રીનો હોદ્દો વિશ્વના પ્રતિષ્ઠાભર્યા ઉચ્ચ હોદ્દાઓમાંનો એક ગણાતો હોવાથી વિશ્વભરના અનેક વિખ્યાત રાજપુરુષો આ હોદ્દો મેળવવા ઉત્સુક હોય છે.

યુનોના મહામંત્રીનું પદ પ્રતિષ્ઠા અને કાર્યભાર બંનેની દૃષ્ટિએ મહત્ત્વનું તો છે જ, ઉપરાંત તેની સાથે તે વાર્ષિક ૧,૮૩,૦૦૦ ડોલર જેટલું વેતન આપે છે અને એક અબજ ડોલરના વાર્ષિક બજેટનો નાણાંકીય વહીવટ કરવાની સત્તા પણ આપે છે ! એટલે પણ સ્વાભાવિક છે કે વિશ્વના અનેક રાજપુરુષો આ પદ મેળવવા માટે લલચાય.

૧૯૬૦માં જ્યારે યુનોની મહાસમિતિની બેઠક મળેલી ત્યારે સોવિયેત વડાપ્રધાન નિકિતા ક્રુશ્ચોફે પણ હાજરી આપી હતી. તેમના મતે ખરેખરો મહામંત્રી મળવો અશક્ય છે. જગતમાં તટસ્થ દેશો હોય છે, પણ તટસ્થ માણસો નથી હોતા. તેમણે એવું સૂચન પણ કર્યું હતું કે મહામંત્રીનો હોદ્દો

દૂર કરી તેને બદલે ત્રણ માણસોનું સંચાલક-મંડળ (ટ્રોઈકા) નીમવું. આમાં એક વ્યક્તિ પશ્ચિમી જૂથની, એક સામ્યવાદી જૂથની અને એક તટસ્થ હોય. જો કે ક્રુશ્ચોફની એ આદર્શવાદી દરખાસ્ત સ્વીકારાઈ નહોતી.

નિમણૂક કેવી રીતે થાય છે?

યુનોના મહામંત્રીની નિમણૂક માટેની કોઈ ખાસ પ્રણાલિગત પ્રથા નથી. પરંતુ એટલું ખાસ જોવામાં આવે છે કે એ વ્યક્તિ વિશ્વની પાંચ મહાસત્તાઓ (અમેરિકા, સોવિયેટ સંઘ, બ્રિટન, ફ્રાન્સ અને ચીન)ને સ્વીકાર્ય હોય.

પ્રાથમિક તબક્કામાં સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ (સિક્યૂરિટિ કાઉન્સિલ) અને મહાસભા (જનરલ એસેમ્બ્લિ)ની એક સંયુક્ત સમિતિ (જોઈન્ટ કમિટી) આ માટે વ્યક્તિની પસંદગી કરે છે. એ પછી યોજાતા મતદાનમાં સલામતી સમિતિના સભ્યોના ઓછામાં ઓછા નવ મતો મળે અને વિટો-પાવર ધરાવતા પાંચ રાષ્ટ્રોમાંથી કોઈ પણ વિટોનો ઉપયોગ ન કરે તો તેની પસંદગી થયેલી ગણાય છે. (મતદાન દરમિયાન જો બે ઉમેદવારોને સરખા મત મળવાના સંજોગોમાં 'ટાઈ' પડે તો નવી સબળ વ્યક્તિની શોધ કરવાનો નિયમ છે). મતદાન બાદ સલામતી સમિતિ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને યુનોની મહાસભાને એક સત્તાવાર યાદી દ્વારા તે ઉમેદવારની પાંચ વર્ષ માટે મહામંત્રીપદે વરણી કરવાની ભલામણ કરે છે. એક વખત સલામતી સમિતિ દ્વારા જે વ્યક્તિનું સૂચન થયું હોય પછી મહામંત્રીપદે થનારી તેની વરણી માત્ર ઔપચારિકતા જ બની રહે છે. એ પછી એ વ્યક્તિનું નામ મહાસભામાં રજૂ થાય છે અને મહાસભાએ મંજૂરીની મહોર માર્યા પછી તે વ્યક્તિ અધિકૃત રીતે યુનોનું મહામંત્રીપદ ગ્રહણ કરે છે.

યુનો સાથે સંકળાયેલી મહાસત્તાઓ મજબૂત, મક્કમ અને નિષ્પક્ષ અભિગમ લઈ શકે તેવી વ્યક્તિ યુનોનું મહામંત્રીપદ સંભાળે તેમ ઇચ્છે છે. યુનોના મહામંત્રી તરીકે કોઈ રાજકીય વ્યક્તિ કરતાં શાંત અને ધીરગંભીર વ્યક્તિને પ્રથમ પસંદગી અપાય છે. જો કે ભૂતકાળમાં આવી પસંદગી કરવાને બદલે રાજપુરુષની નિમણૂક પણ આ પદે કરાઈ છે.

મહામંત્રી : મુખ્ય વહીવટકર્તા

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના જે મુખ્ય છ અંગો છે તેમા તેના વિશ્વવ્યાપી કામકાજ માટે કાર્ય કરતા 'સચિવાલય' (સેક્રેટરિયેટ)નો પણ સમાવેશ થાય છે અને સચિવાલયના વડા સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના મહામંત્રી (સેક્રેટરી-જનરલ) છે. સંસ્થાના કામકાજ માટે મહામંત્રી સચિવાલયના કર્મચારીઓની નિમણૂક પણ કરે છે. આવી નિમણૂક કેવળ લાયકાતને આધારે, મહાસમિતિએ ઘડેલા નિયમો અનુસાર અને વિશાળ ભૌગોલિક પ્રદેશોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

મહામંત્રી કે સચિવાલયમાં કર્મચારીઓ કોઈ પણ સરકારી કે બહારની સંસ્થાઓની સૂચના માગી કે લઈ શકતા નથી. તેઓ આંતરરાષ્ટ્રિય પદાધિકારીઓ છે. તેઓ ફક્ત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાને જ જવાબદાર છે. તેમના આ દરજ્જાને ખોટી અસર પહોંચાડે તેવું કંઈ પણ કામ કરવાની તેમને મનાઈ છે. તેવી જ રીતે યુનોનાં સભ્ય રાષ્ટ્રોને પણ મહામંત્રી કે કર્મચારી પર કે તેમની કામગીરી પર પ્રભાવ પાડવાથી દૂર રહેવા અને સચિવાલયના આંતરરાષ્ટ્રિય સ્વરૂપને માન આપાવનું જણાવવામાં આવ્યું છે.

મહામંત્રી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના મુખ્ય વહીવટ અધિકારી છે અને તેનાં તમામ અંગો (મહાસમિતિ, સલામતી સમિતિ, આર્થિક-સામાજિક અને વાલીપણા સમિતિ)ની બેઠકોમાં તેઓ સેક્રેટરી-જનરલ તરીકે કામ કરે છે. વળી, તેમને મતે વિશ્વશાંતિને જોખમમાં મૂકે તેવી કોઈ બાબત હોય તો તે સલામતી સમિતિના ધ્યાન પર લાવવાનો તેમને અધિકાર છે. દર વર્ષે તેઓ મહાસમિતિ સમક્ષ વાર્ષિક અહેવાલ રજૂ કરે છે અને તેમાં વર્ષના કામકાજની સમીક્ષા કરે છે.

'યુનો'માં મહામંત્રીઓ

૧૯૪૫માં આ વિશ્વ-સંસ્થાની સ્થાપનાના બીજે વર્ષે (૧૯૪૬માં) મહામંત્રી બનેલા નોર્વેના રાજપુરુષ શ્રી ટ્રિગ્વે લાઈએ 'યુનોના સર્વપ્રથમ મહામંત્રી' બનાવનું બહુમાન મેળવ્યું હતું. આમ, પ્રથમ મહામંત્રીપદ નોર્વે દેશને અને યુરોપ ખંડને ફાળે ગયું હતું. તેમણે ૧૯૫૩ સુધી અને સાડા સાત વર્ષ માટે આ પદ સંભાળ્યું હતું. યુનોના અત્યાર સુધીના તમામ મહામંત્રીઓમાં તેઓ સૌથી ઓછી મુદત ભોગવનાર મહામંત્રી છે.

એ પછી ૧૯૫૩માં સ્વિડનના રાજપુરુષ શ્રી દાગ હેમર્શિલ્ડની બીજા મહામંત્રી તરીકે નિમણૂક થતાં સતત બીજી વાર મહામંત્રીપદ યુરોપ ખંડને મળ્યું હતું. તેઓ ૧૯૬૧ના સપ્ટેમ્બર માસમાં કોંગોમાં વિમાની અકસ્માતમાં મરણ પામ્યા હતા અને આઠ વર્ષ મહામંત્રીપદે રહ્યા હતા.

હેમર્શિલ્ડનું ઓચિંતું અવસાન થતાં તેમને સ્થાને બર્માના રાજપુરુષ શ્રી ઉ'થાન્ટને નવેમ્બર, ૧૯૬૧માં કામચલાઉ મહામંત્રી તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. તેઓ યુનોના મહામંત્રી બનનાર સર્વપ્રથમ અને એકમાત્ર એશિયા ખંડની વ્યક્તિ હોવાનું ગૌરવ ધરાવે છે! (તાજેતરમાં પદાધિન થયેલા શ્રી બાઉટ્રોસ ઘાલી 'એશિયાવંશી' છે, પરંતુ 'એશિયાઈ' નથી. ઈજિપ્તના હોવાને નાતે તેઓ આફ્રિકા ખંડના ગણાય.) ઉ'થાન્ટે બે સત્ર માટે અને બે દાયકા ઉપરાંત મહામંત્રીપદ શોભાવ્યું હતું. યુનોના સર્વે મહામંત્રીઓમાં તેઓ સૌથી વધુ (દસ વર્ષ અને ઉપર દોઢ માસ જેટલો) સમય રહેનાર મહામંત્રી છે!

એ પછી ૧૯૭૨માં ઓસ્ટ્રિયાના રાજપુરુષ શ્રી કર્ટ વાલ્ધેઈમ પદસ્થ થતાં તેઓ યુરોપ ખંડમાંથી આવેલા ત્રીજા અને તવારીખી ક્રમાનુસાર ચોથા મહામંત્રી બન્યા હતા. તેઓ એ પણ બે સત્ર લગી એટલે કે દસ વર્ષ સુધી મહામંત્રીપદે સંભાળ્યું હતું.

ત્યાર બાદ, ૧૯૮૧માં પ્રિન્સ કરીમ આગાખાન સામે મહામંત્રીપદની ચૂંટણી જીતીને પેરુ દેશના રાજપુરુષ શ્રી ઝેવિયર પેરેઝ દ' ક્યુલર ૧૯૮૨ના પ્રારંભમાં કર્ટ વાલ્ધેઈમને સ્થાને પ્રથમ વખત યુનોના મહામંત્રી બનેલા. અમેરિકા ખંડમાંથી આવેલા તેઓ પ્રથમ અને એકમાત્ર મહામંત્રી છે. પાંચ વર્ષના હોદ્દાની તેમની મુદત ૧૯૮૭માં બીજાં પાંચ વર્ષ માટે લંબાવાઈ હતી. લિમા શહેરમાં ઉચ્ચ મધ્યમ વર્ગમાં જન્મેલા યુનોના ખંચમા અને પુરોગામી

મહામંત્રી ક્યુલરની ઉંમર હાલ ૭૨ વર્ષની છે. અત્યંત કપરા સંયોગોમાં પણ દસ વર્ષ સુધી આ પદની જવાબદારી તેમણે નિષ્ઠાપૂર્વક સંભાળી છે અને એક નિષ્પક્ષ મહામંત્રી તરીકેની છાપ ઊભી કરી શક્યા છે. પેરેઝ દ' ક્યૂલરે પહેલાં ઈરાક-ઈરાન વચ્ચેના આઠ વર્ષ લાંબા ચાલેલા યુદ્ધને અને તે પછી ગયા વર્ષના અમેરિકા-ઈરાક વચ્ચેના યુદ્ધને અટકાવવા અને વિશ્વશાંતિ જાળવી રાખવા શક્ય તમામ પ્રયાસો કર્યા હતા. 'અખાતી યુદ્ધ' સમયે એમની મધ્યસ્થીભરી કામગીરીની ભારોભાર પ્રશંસા થઈ હતી. આથી જ તેમને યુનોના મહામંત્રી તરીકે હજુ ત્રીજા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનો આગ્રહ પણ થયો હતો.

ઝેવિયર ક્યૂલરના અનુગામીની પસંદગી કરવા સમયે એક મત એવો પ્રવર્તતો હતો કે આજે જ્યારે ઠેર-ઠેર માનવ હક્કનાં પડઘમ વગાડાઈ રહ્યાં છે ત્યારે કોઈ આફ્રિકી દેશની કોઈ મજબૂત અને શક્તિશાળી વ્યક્તિની આ પદ માટે પસંદગી થવી જોઈએ. અને આખરે યુનોના છઠ્ઠા મહામંત્રીપદનો કળશ એક આફ્રિકી રાજપુરુષ ઈજિપ્તના ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી પર ઢોળાતાં ઉપરના મતે વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી લીધું છે અને તેઓ યુનોના મહામંત્રીપદની તવારીખમાં સર્વપ્રથમ આફ્રિકી મહામંત્રી તરીકે પદારૂઢ થયા છે!

આમ, યુનોનાં અત્યાર સુધીનાં છ મહામંત્રીઓમાંથી યુરોપ ખંડનાં ત્રણ તથા એશિયા, અમેરિકા અને આફ્રિકા ખંડનાં એક-એક મહામંત્રી બન્યા છે. જ્યારે દેશને લક્ષ્યમાં લઈએ તો મહામંત્રીપદે કોઈ દેશ પુનરાવર્તન નથી પામ્યો, અર્થાત્ મહામંત્રીપદે બિરાજેલા તમામે તમામ મહામંત્રીઓ અલગ-અલગ દેશોમાંથી આવેલા છે.

યુનોનાં મહામંત્રીઓ

ક્રમ	નામ	દેશ	ખંડ	સમયગાળો
૧.	ટ્રિગ્વેલાઈ	નોર્વે	યુરોપ	ફેબ્રુઆરી-૪૬ થી ૧૯૫૩
૨.	દાગ હેમર્શિલ્ડ	સ્વિડન	યુરોપ	૧૦-૧૧-૫૩ થી ૮-૯-૬૧
૩.	યુ'થાન્ટ	બ્રહ્મદેશ	એશિયા	નવે.-૬૧ થી ૩૧-૧૨-૭૧
૪.	કર્ટ વાલ્ધેઈમ	ઑસ્ટ્રિયા	યુરોપ	૧-૧-૭૨ થી ૩૧-૧૨-૮૧
૫.	ઝેવિયર પેરેઝ દ' ક્યૂલર	પેરુ	અમેરિકા	૧-૧-૮૨ થી ૩૧-૧૨-૯૧
૬.	ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી	ઈજિપ્ત	આફ્રિકા	૧-૧-૯૨ થી ...

□

ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી

યુનો'ના મહામંત્રીપદની સ્પર્ધામાં ઈજિપ્તના નાયબ વડાપ્રધાન ડૉ. બ્રાઉટ્રોસ ઘાલીના વિજયને રાજકીય મુત્સદ્દીઓ અલિપ્ત રાષ્ટ્રોના જૂથના ભવ્ય વિજય ઉપરાંત આફ્રિકી જૂથનાં રાષ્ટ્રોના સુગઠિત પ્રયાસ તરીકે ગણાવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા અસ્તિત્વમાં આવી ત્યારથી અત્યાર સુધી આ હોદ્દા પરની પસંદગીમાં હવે આફ્રિકાને પણ સ્થાન મળવું જોઈએ એવી એ દેશોની માંગણી આ વરણીથી સંતોષાઈ છે. ભારતે પણ તેમના વિજયને વધાવી લીધો છે. ગયા નવેમ્બરમાં જ ૬૯ વર્ષના થયેલા શ્રી ઘાલી એક કાબેલ વહીવટકર્તા, અર્થશાસ્ત્રી અને આંતરરાષ્ટ્રિય કાનૂનોનાં નિષ્ણાત પણ છે.

એક ઈજિપ્શ્યન હોવાને નાતે શ્રી ઘાલી એક આફ્રિકી પ્રજાજન અને એક આરબ પ્રજાજન બંને હોવાનો દાવો કરી શકે છે ! (ઈજિપ્ત આરબ દેશ હોવાથી તેઓ એક આરબ છે અને ઈજિપ્ત આફ્રિકા ખંડમાં આવેલો હોવાથી તેઓ એક આફ્રિકી પણ ગણાય !) ઉપરાંત, તેઓ એક મોટા મુસ્લિમ દેશના એક ખ્રિસ્તી પણ છે અને એક ઈજિપ્શ્યન (યહૂદી) સ્ત્રી સાથે લગ્ન કર્યા છે. તેમને કોઈ સંતાન નથી.

શ્રી ઘાલી એક પ્રખ્યાત પહોંચતા-પામતા કુટુંબના ફ્રેન્ચ શિક્ષણ પામેલા વંશ જ છે. બ્રિટિશ હુકમાધિન (મેન્ડેટરી) શાસન સમયે એમના દાદા જ્યારે વડાપ્રધાન હતા ત્યારે તેમની હત્યા થઈ હતી. શ્રી ઘાલીએ ઈજિપ્તની કેરો યુનિવર્સિટી ખાતેના અભ્યાસ બાદ બીજા વિશ્વયુદ્ધ પછી પેરિસ યુનિવર્સિટીમાંથી આંતરરાષ્ટ્રિય કાયદાની 'ડૉક્ટરેટ'ની ડિગ્રી મેળવી છે. છટાદાર અંગ્રેજી બોલતા હોવા છતાં તેઓ તે ફ્રેન્ચ છાંટવાળી અને ક્યારેક ભૂલવાળી પણ બોલે છે. તેઓ પત્રકારો પ્રત્યે હંમેશા આદર ધરાવનાર રહ્યા છે, પરંતુ ઉડાઉ પ્રશ્નોને તેઓ ત્વરિત બુદ્ધિપૂર્વક ટાળી દેવામાં પણ એટલા જ હોશિયાર છે !

૧૯૭૭માં ઈજિપ્તના ભૂતપૂર્વ પ્રમુખ અનવર સાદતની 'શાન્તિ પહેલ' દ્વારા તેઓ આંતરરાષ્ટ્રિય તખ્તા ઉપર ઊપસી આવ્યા હતા. ઓક્ટોબર, ૧૯૭૭માં ઘાલી દફતર વિનાના પ્રધાન બન્યા હતા. ત્રણ અઠવાડિયા પછી તત્કાલીન ઈજિપ્શ્યન વિદેશપ્રધાન અને વિદેશી બાબતોના રાજ્ય સચિવ બંનેએ સાદની ઈઝરાયેલ માટેની શાન્તિ દરખાસ્તોના વિરોધમાં રાજીનામાં આપી દીધેલાં ત્યારે ડૉ. ઘાલી કાર્યવાહક વિદેશપ્રધાન બનેલા અને પાછળથી તેઓ (અત્યારના વર્તમાન દરજ્જે) આંતરરાષ્ટ્રિય સંબંધોના નાયેબ વડાપ્રધાન બન્યા. સમસ્યાઓને મંત્રણા દ્વારા ઉકેલવાના તેઓ એક અથક સમર્થક સાબિત થયા છે.

વિશ્વના રાજકારણમાં તેમણે એક અત્યંત સફળ વિષ્ટિકાર અને મુત્સદ્દી તરીકે પ્રભાવશાળી છાપ ઉપસાવી છે. ઈઝરાયેલ પોતે કબજે કરેલા પ્રદેશો આરબ દેશોને પાછા આપવામાં કેટલું મક્કમ વિરોધી છે એ જાણીતું છે. છતાં ભૂતકાળમાં ઈઝરાયેલ-આરબ દેશોના યુદ્ધ પછી ઈજિપ્તને સંબંધ છે ત્યાં સુધી ઈઝરાયેલ સાથે 'કૅમ્પ ડૅવિડ' શાંતિ કરારો કરી ઈજિપ્તનો કેટલોક પ્રદેશ પાછો મેળવવામાં તેમણે ભારે કુશળ મુત્સદીનો ભાગ ભજવ્યો હતો.

જેને ઘડવામાં પોતે ભાગ ભજવેલો એ ઈઝરાયેલ-ઈજિપ્ત વચ્ચેના શાન્તિ કરાર પર માર્ચ, ૧૯૭૯માં સહી-સિક્કા થયાના એક વર્ષ બાદ શ્રી ઘાલીએ આરબ-ઈઝરાયેલી ઘર્ષણના લાંબા ગાળાના નિરાકરણ માટે જરૂરી એવી બે શરતો મૂકી : મંત્રણાઓમાં પેલેસ્ટાઈનની ભાગીદારી અને સંઘર્ષના કોઈપણ કાયમી ઉકેલમાં સોવિયેત સંઘનો સમાવેશ. આ બે શરતો પૂરી કરવા સંલગ્નિત પક્ષોને ૧૨ વર્ષ લાગ્યાં હતાં, પરંતુ તાજેતરમાં મેડ્રિડમાં મળેલી પશ્ચિમ એશિયા શાન્તિ પરિષદમાં એ પક્ષોએ આ ધ્યેય પાર પાડ્યું છે.

(અનુસંધાન પાન ૨૪ ઉપર)

ભારતની અતિ દુર્લભ ટપાલ-ટિકિટો





મથાળે : એશિયાની પ્રથમ ટપાલ ટિકિટ 'સિંધ ડાક'. ઈ. ૧૮૫૨માં અર્ધા આનાની કિંમતે, સિંધના કમિશનર સર બાર્ટન ફ્રેરે તે શરૂ કરેલી. કેટલૉગ પ્રમાણે એવી લાલ ટિકિટની કિંમત ૬૫૦૦ પાઉન્ડ, સફેદની ૩૨૫૭ પા. અને ભૂરીની ૮૦૦૦ પા. અંકાઈ છે. છેલ્લે તે ૪,૫૦,૦૦૦ રૂપિયામાં વેચાઈ હતી. તેની નીચે સિંહ અને તાડની ડિઝાઈનની કર્નલ ફોર્બસે તૈયાર કરાવેલી અર્ધા આનાની 'એસે' ટિકિટ : આના માત્ર બે જ નમૂના નેશનલ ફિલાટેલિક મ્યૂઝીઅમ (દિલ્હી)માં છે.

દુનિયાના દેશોની ત્રીસ જેટલી અતિ દુર્લભ અને એથી અતિ મૂલ્યવાન ટપાલટિકિટો વિખ્યાત છે. આમાં 'સિંધ ડાક' નામે ઓળખાતી હિંદુસ્તાનની ઈ. ૧૮૫૨માં તૈયાર થએલી ટપાલટિકિટ હિંદુસ્તાનની પહેલી ટિકિટ છે. આ ઉપરાંત, હિંદુસ્તાનની સિંહ અને તાડવૃક્ષની ડિઝાઈનવાળી 'એસે' ટિકિટ, ઈ. ૧૮૫૪ના મહારાણી વિક્ટોરિયાની ઊંધી છપાએલી છબીવાળી અષ્ટકોણાકાર ડિઝાઈનવાળી ટિકિટ અને ભારતની સ્વાતંત્ર્ય જયંતી પ્રસંગે બહાર પડેલી ગાંધીજીની છબીવાળી દસ રૂપિયાની ટિકિટનો પણ આ અતિ દુર્લભ ટિકિટોમાં સમાવેશ થાય છે.

ઈ. ૧૮૪૦માં ઇંગ્લેન્ડમાં રોલેન્ડ હિલના પ્રયાસોથી રાણી વિક્ટોરિઆની છબીવાળી એક પેનીની કિંમતની ટપાલ ટિકિટ બહાર પડી. દુનિયાની એ પ્રથમ ટપાલ ટિકિટ. 'પેની બ્લેક' નામે આજે એ ટિકિટ ખ્યાત છે. બીજા પણ ઘણા દેશોએ તેનું અનુકરણ કર્યું. ઈ. ૧૮૫૧માં બ્રિટિશ હિંદુસ્તાનના સિંધ પ્રાંતના કમિશનર સર બાર્ટન ફ્રેરે મુંબઈ ઈલાકાના વાઈસરૉયની પરવાનગી મેળવી સિંધપ્રાંતમાં ટપાલટિકિટનું ચલણ શરૂ કરવા કરાંચીના પોસ્ટ માસ્ટર એડવર્ડ કોફીની સહાય લઈ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મોનોગ્રામ સાથેની એક ડાઈ તૈયાર કરાવી, તેમાં વર્તુળાકારે અંગ્રેજીમાં 'સિંધ ડિસ્ટ્રીક્ટ ડાક' એવું લખાણ પણ હતું. ૧૮૫૨માં ટપાલપત્રો ઉપર, ટપાલ ખર્ચ ચૂકવાયાની નિશાનીરૂપે (પ્રીપેઈડ પોસ્ટેજની છાપ તરીકે) લાલ રંગની લાખ ઉપર આ ડાઈ લગાડવામાં આવતી. ઈ. ૧૮૫૨ની ૧ લી જુલાઈથી ફક્ત કરાંચીની પોસ્ટ ઓફિસમાંથી જ તેનો ઉપયોગ થવો શરૂ થએલો. પરંતુ આ છાપવાળી ટપાલ હેરફેરમાં ઘસાવા-ચોળાવાથી તેના પરની લાખ ભાંગીને ભૂકો થઈ જતી. વળી, આવી ટપાલનો હિસાબ રાખવામાં પણ તકલીફ પડતી, એટલે થોડા વખત પછી આ પ્રથા બંધ કરી દેવાઈ. સ્ટેનલી ગિબન્સના કેટલૉગ મુજબ ૧૯૮૨માં તેની કિંમત ૬૫૦૦ પાઉન્ડ અંકાઈ હતી. આજે દુનિયામાં બે-ત્રણ જ છાપ હોવાનું કહેવાય છે. થોડાં વર્ષ પહેલાં વિખ્યાત ટિકિટ વિક્રેતા રૉબ્સન લો નામની કંપનીએ દુનિયાના વિખ્યાત ટિકિટસંગ્રહ બુરુસને લાલરંગની લાખ પરની છાપરૂપ ટિકિટ ત્રણ લાખ રૂપિયામાં વેચી હતી. તે પછી છેલ્લા એક અનામી સંગ્રાહકે સાડાચાર લાખ રૂપિયામાં આવી ટિકિટ ખરીદ્યાનું કહેવાય છે. આવી એક ટિકિટ ભારતના એક ટિકિટ સંગ્રાહક પાસે પણ હોવાનું સમર્થન છે. આ 'સિંધ ડાક' બહાર પડ્યાની ૧૨૫મી જયંતી નિમિત્તે ભારતના ટપાલખાતાએ ૧૯૭૭માં ૧૯ ઓક્ટોબરે ૧ રૂપિયાની 'એશિયાના ૧૯૭૭'એવા શબ્દો સાથે 'સિંધડાક'ની છાપ સાથે એક ખાસ ટપાલ ટિકિટ બહાર પાડી હતી.


આ ટિકિટો પાછી ખેંચાયા પછી એ જ ડિઝાઈનવાળી સફેદ કાગળ ઉપર ઉપસાવેલી છાપવાળી ટિકિટો ચલણમાં મુકાએલી. પણ આછા પ્રકાશમાં તેની છાપ સ્પષ્ટ દેખાતી ન હોઈ તેને પણ પાછી ખેંચી લેવાઈ. અંતે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ એ જ ડિઝાઈનની નવી ટિકિટો લંડનની ડિ. લા. રુ. કંપની પાસે છપાવી મંગાવી, જેનો રંગ સફેદ અને ભૂરો હતો. ભૂરી શાહીથી છપાએલી આ ટિકિટ સ્ટેન્લી ગિબન્સના ૧૯૮૧ના કેટલોગ મુજબ કોરી ટિકિટની કિંમત ૮૦૦ પાઉન્ડ તથા વપરાએલી ટિકિટ ૩૦૦૦ પાઉન્ડની અંકાઈ હતી; જ્યારે કોરી સફેદ ટિકિટની કિંમત ૩૨૫૦ પાઉન્ડ અને વપરાયેલી ટિકિટના ૧૨૦૦ પાઉન્ડની અંકાઈ હતી. આ ટિકિટોને જાળવીને કાતરથી કાપીને છૂટી પાડવી પડતી, કારણે તેમાં પરફોરેશન નહોતું. આમાંની ભૂરી ટિકિટો ઈ. ૧૮૫૪ની ૩૦ સપ્ટેમ્બર સુધી ચલણમાં રહ્યાનું સમર્થન છે. ૧૮૫૨માં શરૂ થએલી 'સિંધડાક' માત્ર સિંધ પૂરતી જ ચલણમાં હતી, પણ પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાની સત્તા તળેના હિન્દુસ્તાનના બધા પ્રદેશોમાં ચલાવવા ૧/૨ આનાની (૧આનો=૧/૧૬ રૂપિયો)કિંમતની ટિકિટ જારી કરવા વિચાર્યું. કલકત્તાની ટંકશાળના અધિકારી કર્નલ ફોર્બસને તેનું કામ સોંપ્યું

ઈ. ૧૮૪૭માં ઈંગ્લેન્ડના ચિત્રકાર વિલિયમ વાયોને સુવર્ણમહોર માટે સિંહ અને તાડવૃક્ષની આકૃતિની એક ડિઝાઈન બનાવેલી તેના પરથી આડી લંબચોરસ ટપાલટિકિટો માટે ડિઝાઈન બનાવાઈ અને તેમાં તેની કિંમત (અર્ધો આનો - Half anna) પણ મૂકવામાં આવી. પણ અપૂરતી યંત્ર સામગ્રી કે પછી ટિકિટોનો પૂરવઠો પૂરો પાડવાની અશક્તિને કારણે એ ટિકિટો છાપી શકાઈ નહોતી, આથી એ ટિકિટ 'એસે' તરીકે ઓળખાય છે. બેટોન પેપર ઉપર ઈ. ૧૮૫૩માં છપાએલા એના માત્ર બે જ નમૂના આજે દિલ્હીમાં ભારતના નેશનલ ફિલાટેલિક મ્યૂઝીઅમમાં સચવાએલા છે. ઈ. ૧૯૭૭માં બેંગ્લોરમાં બીજું ઈન્ડિયન નેશનલ ફિલાટેલિક એક્ઝીબિશન ભરાયું ત્યારે આ ટિકિટની સ્મૃતિમાં ટપાલ ખાતાએ સિંહ અને તાડવૃક્ષની ડિઝાઈનવાળી ખાસ ટિકિટો બહાર પાડી હતી. આ ટિકિટોનો તેની દુર્લભતાને કારણે ટિકિટસંગ્રાહકોમાં ઘણો મહિમા છે.

મનસુખલાલ એન. સાતા

એસિસીના સંત ફ્રાન્સિસના યાત્રાધામમાં

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા 'ભૂમધ્યને બે કાંઠે' : ૬



સંત ફ્રાન્સિસ
સાથે વાત કરનાર
ઈશુ ખ્રિસ્તનો
સલીબ,
જેની સમક્ષ સંત ફ્રાન્સિસ
પ્રાર્થના કરતા હતા.

કાપડના એક વેપારીના સુખી કુટુંબમાં જન્મેલો, ફ્રાન્સિસ નામનો એક કિશોર ખૂબ તોફાની હતો એટલું જ નહીં, પણ નાના-મોટા ગુનાઓમાં એ સંડોવાયા કરતો અને વિલાસ-રત રહેતો. એ બદલાશે કે સુધરશે એવાં કોઈ ચિહ્ન દેખાતાં નહોતાં. પણ બાજુના શહેર સાથેની લડાઈમાં એ જેલમાં ગયો, ને ત્યાં એ ખૂબ માંદો પડ્યો. કોઈ જાદુ કે દૈવી ચમત્કારથી એ મરતાંમરતાં બચી ગયો, ને જેલમાંથી નીકળ્યા પછી એણે વિચાર્યું કે બધાં પાપોનું મૂળ સંપત્તિ અને સંગ્રહ છે. બધું છોડીને એણે દારિદ્ર્યનું કઠોર જીવન અપનાવ્યું. એ વર્ષ ૧૨૦૭નું. આ જીવનરીતિને કારણે એને 'ઈલ પોવેરેલ્લો' - નાનકડો ગરીબડો-નું નામ મળ્યું. ઈશ્વરે એને આદેશ કર્યો હતો કે, મારે માટે દેવળ બાંધ. આ દેવળ તો પ્રતીક હતું, આદેશનો ગર્ભાર્થ એક નવો પંથ શરૂ કરવા માટેનો હતો.

ફ્રાન્સિસે ઉપદેશ આપવો શરૂ કર્યો, તરત જ ઘણા ભક્તો મેળવ્યા અને પૂજારીઓ માટેનો પંથ સ્થાપિત કર્યો. ત્યારે એની ઉંમર ૨૬ વર્ષની હતી. (આ પછી, ૧૭ વર્ષની એક કુમારિકા દ્વારા એણે પૂજારણો માટેનો મઠ ખોલાવડાવ્યો.) પછી તો આ પંથ દુનિયાભરમાં ફેલાયો અને ખ્રિસ્તી ધર્મનું ખૂબ અગત્યનું અંગ બન્યો. મુખ્યત્વે આ પંથ 'ફ્રાન્સિસ્કન' તરીકે ઓળખાય છે, અને એ ઉપદેશક સંત ફ્રાન્સિસ તરીકે પૂજાય છે. વીસ વર્ષ સુધી એ આ પંથના સર્વોચ્ચ સ્થાને રહ્યા, અને ૧૨૨૬માં એ મૃત્યુ પામ્યા. એ દરમ્યાન ફ્રાન્સિસ્કન પંથનો પ્રભાવ ધર્મ-જગત પર જ નહીં, પણ કળા, સાહિત્ય અને ફિલસૂફીના ક્ષેત્રોમાં પણ ખૂબ ઊંડી રીતે પડ્યો.

એ જે રીતે જીવતા હતા તેઓ જ એ પ્રચાર કરતા હતા - સાદાઈ અને ભલાઈ. ઊંડાણવાળા, અકૃત્રિમ ઉપદેશને લીધે આ ધર્મ-પંથ બીજા ધર્મોના સિદ્ધાંતો કરતાં ઊંચો ગણાય છે. ઈટાલીના ઉમ્બ્રિયા પ્રાંતના એસિસી (Assisi) ગામમાં એ જીવ્યા અને મૃત્યુ પામ્યા, તેથી તે એસિસીના સંત ફ્રાન્સિસના સુસંબદ્ધ નામે જ સંબોધાય છે.



ખ્રિસ્તી ધર્મમાં ફ્રાન્સિસ્કન પંથના સ્થાપક અને પ્રચારક એસિસીના સંત ફ્રાન્સિસ

ઉમ્બ્રિયા ઈટાલીની લંબાઈ અને પહોળાઈની બરાબર વચ્ચે આવેલો પ્રાંત છે, અને એને ઈટાલીનું હરિત હૃદય કહે છે. એનો પ્રસાર બહુ નાટ્યાત્મક નથી ને છતાં લેખકો, ચિત્રકારો, ફિલસૂફો, કળાપ્રેમીઓને એ આકર્ષે છે. એનાં પહાડો ને ખીણો પર તરવરતો સંદિગ્ધ પ્રકાશ એને ગૂઢતા અને કશીક દિવ્યતા બક્ષે છે. એસિસી ઉપરાંત એનાં બીજાં શહેરોમાંનાં અગત્યનાં દેવળો કદાચ આ મનોભાવનું સમર્થન કરે છે. ઉમ્બ્રિયાનાં મોટા ભાગનાં ગામો ને શહેરો પહાડોના ઢાળ ઉપર કે છેક ટોચ પર બંધાયેલાં છે. દૂરથી દેખાઈ જાય ને એમનાં ગુલાબી ઝાંય કે ભૂખરી આભાવાળાં સપ્રમાણ, સુઘટિત નિર્માણો અને શિખરો ચમત્કૃત બનાવી રહે. એમના પ્રસ્તાર પરથી નીચે ફેલાયેલાં વૃક્ષ-ધાનવાળાં મેદાનો તરફ નજર કરીએ તોયે પ્રસન્ન થઈ જઈએ.

કળાના વારસા માટે ઉમ્બ્રિયા મોખરે છે. વળી, એત્રુસ્કનથી માંડીને રોમન, મધ્યયુગ, રેનેસાં અને તે પછીના યુગોનાં સ્થાપત્યોની નિશાનીઓથી એની ભૂમિ ઈટાલીના ઈતિહાસમાં વિશિષ્ટ સ્થાને છે. આટલું ઓછું હોય તેમ ઉમ્બ્રિયા કુંભારકામ, ભરતકામ, 'માહોલિકા' કહેવાતા ટાઈલ્સ, નાજુક ફીતની કળા તથા ચોકલેટ માટે જાણીતું છે.

એસિસી રોમથી ૧૮૫ કિ.મી. દૂર છે. જતી વખતે બે લોકલ ટ્રેન બદલવી પડી. ઘણી ટેકરીઓ પર પુરાણા કિલ્લાના અવશેષો હતા અને ગામ પણ. ત્રેવી ગ્રામ એવું તો સુંદર લાગ્યું - હજી જાઉં, ને દોડીને કેમેરા કાઢું ત્યાં તો દિશાકોણ બદલાઈ ગયેલો. એસિસી પણ એવું જ, કે એથી યે સુંદર.

સ્ટેશનથી ઉપર જવા માટે બસની રાહ જોયા વગર મેં ચાલવા માંડ્યું. સામે સુબાસિયો પર્વત અડીખમ ઊભો હતો. એના ઉપર એસિસીનાં મકાનો સિંહના રંગનાં દેખાતાં હતાં. પુરાતન, આકર્ષક, હાથ પહોંચે તેવાં. પણ રસ્તો

ઘણો લાંબો હતો. મને તો એનો ખ્યાલ જ નહીં. મેદાનમાંના દરેક ઘરના દરવાજે ફૂલ-છોડ ઊગાડેલા હતા. મુખ્ય રસ્તા પર મોટરો અને બસો ત્વરાથી ભાગતી હતી. ઈટાલીનાં શહેરોનું આ બહુ મોટું દૂષણ છે. એસિસીની સાંકડી, પથરાળી, પુરાણી ગલીઓમાં પણ શાંતિથી ચાલવું અશક્ય હતું. પાછળથી કે સામેથી ગાડી આવતી જ હોય, ને તે પણ ઝડપે જ.

સ્ટેશનથી માંડ એક માઈલ ગઈ હોઈશ ત્યાં વાદળ ઘેરાઈ ગયાં, આકાશ ગરજી ઊઠ્યું, છાંટા ક્ષણોમાં ધોધમાર વરસાદમાં ફેરવાઈ ગયા. પવન અને હવા તો હતાં જ. એક ઝાડ નીચે થોડી વાર ઊભી રહી, પણ પવન ને પાણી અટકવાનાં ન હતાં. એ રસ્તા પર વાહનોને ઊભાં રહેવાની મનાઈ હતી, તેથી હું હાથ કરું તોયે કોઈ ઊભું રહેવાનું ન હતું. છેવટે એક ખાલી બસના ચાલકે બસ-સ્ટેન્ડ જેવી જગ્યાએ વાહન ઊભું રાખ્યું, મને લઈ લીધી, ને ગામની નીચેના ઢોળાવ પરના ચોગાનમાં ઊતારી. દયાળુ સંત ફ્રાન્સિસના ગામની આસપાસ જનાર વ્યક્તિમાં પણ સારા ભાવ ઉદ્ભવે તે જ ઉચિત હતું.

ડાબી બાજુ પર, ઊંચે, સંત ફ્રાન્સિસની બાસિલિકાની વિસ્તૃત ઈમારત ધ્યાન ખેંચી રહી હતી. પણ હું પહેલાં જમણી બાજુ ગઈ. એક દરવાજામાં થઈને, ઢાળવાળા રસ્તે, ગામના કેન્દ્ર તરફ. પણ જાણે ત્યાં પહોંચાય જ નહીં. સીધા, પથ્થરિયા, ભીના, લપસણા પથ, ઉપર ઉપર જતાં પગથિયાં, ગલીઓ, ખૂણા, વળાંકો. ખીણો ને મેદાનોનું સિંહાવલોકન. કેવા સરસ ફોટા પડત, પણ વરસાદે એ શક્ય ન થવા દીધું. દુકાનોમાં સરસ કપડાં અને માટીની રંગરંગીન ચીજો હતી. એવી લોભામણી, પણ ઉપાડીને ફરાય નહીં. ને આ તો મારા પ્રવાસની શરૂઆત હતી !

ગામના ચોકમાં છ કોરિન્થિયન સ્તંભવાળું રોમન મંદિર હતું. જ્ઞાનની દેવી મિનર્વા માટેનું એ મૂળ દેવાયતન, પછી તો ક્યારનું યે ખ્રિસ્તી સંદર્ભ પામી ગયેલું. અંદરથી એ શાંત અને શામળું હતું. 'પિઆત્ઝા દેલ કોમ્મુને' પ્રવાસીઓના અડ્ડા જેવો હોવા છતાં દંભ વગરનો હતો. ચોતરફ નૃત્ય, નાટકની જાહેરાતો ચોંટાડેલી હતી. કાફેનાં બહાર મૂકેલાં ટેબલો પર થોડા લોકો બેઠા હતા. એક યુવાન દારૂડિયની સાથે પોલિસ કઠોર રીતે વર્તતી હતી. થોડી વારમાં તીણી ચીસો પાડતી એમ્બ્યુલન્સ આવી, ને દારૂડિયાના લથડતા શરીરને લઈ ગઈ. બધાં રસથી જોતાં હતાં - આ નાટકને. મને તો એ દયાપ્રેરક દૃશ્ય લાગ્યું.

વરસાદ ચાલુ જ હતો. ઉપરને રસ્તેથી ફરી ગામને વળોટી મુખ્ય દેવળ તરફ ગઈ. સંત ફ્રાન્સિસની બાસિલિકાની જાત્રા તો બહુ મોટી ગણાય છે. એના વિશાળ પરિસરમાં પાદરીઓ રહે છે. ધર્મજ્ઞાન આપે છે. એક ઉપર એક, એમ બે દેવળ ત્યાં બંધાએલાં છે. ઈ. ૧૨૩૦માં શરૂ થયેલું બાંધકામ ૧૩૬૯ સુધી ચાલ્યું. આખા ઈટાલીમાંથી કળાકારો કામ કરવા આવ્યા. ગુલાબી ચૂનાપથ્થરમાંથી આ પ્રભાવશાળી વિધાનકૃતિ બનાવાઈ.

ઉપલું દેવ-ગૃહ પ્રકાશમય છે. કમાનોથી સુબદ્ધ એની છત આકાશ જેવી નીલોજ્જવળ છે. એની દીવાલો પર જીયોતો (Giotto) નામના ચિત્રકારે ઈશુના જીવનના પ્રસંગો અદ્ભુત કળાથી ચિતર્યા છે. એ રંગો હજી સ્પંદિત છે, એ કળામાં તાદૃશતાની તીવ્રતા છે. નીચલું દેવ-ગૃહ આનાથી જુદું જ છે. ત્યાં સૌમ્યતા છે, યથાર્થતા છે, શ્રદ્ધાનુરાગનાં સંવેદન છે.

આથી યે નીચે, પથ્થર કોરીને બનાવાયેલા વિવરમાં સંત ફ્રાન્સિસનો મૃતદેહ છે. એ ચોરાઈ ના જાય તે માટે એમના એક શિષ્યે એને એટલાં ચાતુર્ય અને યુક્તિથી સંતાડી દીધેલો કે કેટલાયે પ્રયત્નો છતાં એ કોઈને મળ્યો જ નહીં. છેવટે, ઈ. ૧૮૧૮માં લગભગ છસો વર્ષે એ શોધાયો. ત્યારથી એક કાચની પેટીમાં દર્શનાર્થે એ પવિત્ર અસ્થિને રાખવામાં આવ્યાં છે. ખૂબ નાનો, પણ ખૂબ મહત્ત્વનો આ કક્ષ છે.

પૂજાનું ખરેખરું સ્થાન આ હતું. લોકો ઘૂંટણિયે પડી પ્રાર્થના કરતા હતા. મારું પણ એ સૌભાગ્ય હતું કે હું ત્યાં પહોંચી હતી. ભાવપૂર્વક મીણબત્તી સળગાવવા મેં પૈસા મૂક્યા. જમીનની નીચેની ગુફા જેવી આ જગ્યામાં એ સળગાવી શકાય તેમ નહોતી. ખરીદી લઈને જ અર્પણ કર્યાની ભાવના કરવાની. ભગવાનને ધરાવવા-ખવડાવવાની ભાવના કરવાથી અમે વૈષ્ણવો ટેવાયેલાં છીએ !

સંત ક્લેરના દેવળમાં દુનિયાનો સૌથી વિખ્યાત ગણાતો ક્રૂસ છે. ત્યાં પ્રાર્થના કરતાં ઈશુએ એમને દર્શન આપ્યાં હતાં, ને પંથ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. અંતર અને ઋતુને કારણે હું એ જોતાં રહી ગઈ, પણ સંત ફ્રાન્સિસે ક્રૂસ પાસે કરેલી પ્રાર્થના આ પ્રમાણે છે :

સર્વોચ્ચ, યશસ્વત્ પ્રભુ,
મારા હૃદયના અંધકારમાં
તમારો આલોક ઢાળો.
મને આપો યોગ્ય શ્રદ્ધા,
અડગ આશા,
પરિપૂર્ણ ઉદારતા,
અને અગાધ નમ્રતા,
જ્ઞાન અને ગ્રહણશક્તિની સાથે,
ઓ પ્રભુ, કે જેથી
ખરેખર તમારી જે પવિત્ર ઇચ્છા છે
તે પ્રમાણે જ હું વર્તું.
તથાસ્તુ.

□

શ્રી વિઠ્ઠલભાઈ-'સંસ્કાર' પરિવાર પારિતોષિક

૧૯૯૨ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થનાર મૌલિક વાર્તાઓ, કાવ્યો, જીવનચરિત્રો અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે, સહુને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

એસિસીના સંત ફ્રાન્સિસ

ખ્રિસ્તી ધર્મમાં જેમના નામ પરથી ફ્રાન્સિસ્કન પંથ પ્રવર્ત્યો છે તે સેન્ટ ફ્રાન્સિસનો જન્મ મધ્ય ઇટાલીના એસિસી મુકામે કાપડના એક શ્રીમંત વેપારી પીટર બર્નાર્ડોનને ત્યાં ઇ. ૧૧૮૨માં થયેલો. ફ્રેંચ અને લેટિન ભાષાનું થોડું શિક્ષણ લીધેલું પણ વધુ શિક્ષણ પામેલા નહિ. લખવામાં પણ એમને મુશ્કેલી પડતી. શ્રીમંતાઈને કારણે પ્રારંભનું એમનું જીવન છેલબટાઉ મિત્રો સાથે નિરંકુશ મોજમજામાં વીતેલું, પરંતુ એમની ઇચ્છા સૈનિક બનવાની હતી. એ કાળે પડોશનું પેરૂગીઆ એસિસી પર અવારનવાર હુમલા કરતું રહેતું. એની સામેની એક લડાઈમાં ફ્રાન્સિસે પણ ભાગ લીધો અને તેમાં કેદ પકડાયેલા. એકાદ વર્ષ પછી બંને નગરો વચ્ચે શાંતિ સ્થપાઈ અને એ કેદમાંથી મુક્તિ પામ્યા. ત્યારે એમની વય ૨૨ વર્ષની હતી.

ઘેર પાછા ફર્યા પછી માંદગીમાં પટકાતાં પથારીવશ રહેવું પડયું ત્યારે પોતે વિતાવેલી બેફિકર જિંદગી વિષે ગંભીરતાથી વિચાર્યું અને સાજા થયા બાદ કોઈ લશ્કરી ચડાઈમાં ભાગ લઈને ગૌરવ મેળવવાની ઇચ્છા કરી. ફરી માંદા પડયા અને એ ઇચ્છા છોડી દઈ લોકોની સેવામાં લાગી જવાનો વિચાર કર્યો. ગરીબોને એમણે સહાય કરવા માંડી. લોકોમાં આમ અતિ ઉદારતાથી ધન વેડફી નાખતા પુત્રને પોતાના વારસામાંથી રદ કરવા પિતાએ વિચાર્યું ત્યારે ફ્રાન્સિસે પોતાનાં વસ્ત્રો સહિત પાસે જે કંઈ હતું તે આપી દઈને હવે પછી માત્ર ઇશ્વરની જ સેવા કરવાનો નિર્ધાર જાહેર કર્યો. પોતાને અનુસરવાનો જિસસ ક્રાઈસ્ટનો આદેશ એમના માટે જ હોય તેમ ગણી એમણે ઘરનો ત્યાગ કર્યો, અને એસિસી બહાર જ્યાં એ અવારનવાર પ્રાર્થના માટે જતા તે ખંડિત દેવળમાં જઈ વસવાટ કર્યો. લોકો જે કંઈ આપી જાય તે એ ખાતા અને એ ભગ્ન દેવળની મરામત માટે જાતે મહેનત કરતા. આ કામ પૂરું કર્યા પછી એમણે એવા જ એક બીજા દેવળ - સેન્ટ મેરી ઑફ એન્જેલાની પણ જાતે જ મહેનત કરી મરામત કરેલી.

એક ગોસ્પેલમાં ધર્માર્થે ઉપદેશ આપવા જવાનો ઇસુનો આદેશ વાંચી એ પોતાને માટે જ છે એમ સમજી બીજા દિવસથી એમણે સાદી સરળ વાણીમાં ધર્મોપદેશ આપવા માંડયો. ઇશ્વર અને લોકોને માટે એમણે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું હોવાનું જાણનાર ગ્રામજનોમાં એમની સરળ વાણીનો ઊંડો પ્રભાવ પડવા લાગ્યો. ધીરેધીરે બીજા કેટલાક માણસો પણ તેમના સેવાકાર્યમાં જોડાયા. એમની એક મંડળી રચાઈ જે 'ભગવાનના આનંદી માણસો' તરીકે ઓળખાતી.

થોડા જ સમયમાં એમના અનુયાયીઓની સંખ્યા વધી ગઈ. લોકસેવા સાથે તેઓ જે ધર્મોપદેશ આપતા તેને માટે સર્વોચ્ચ ધર્માધ્યક્ષની મંજૂરી લેવી જરૂરી લાગતાં ઈ. ૧૨૧૦માં બાર જણનું એમનું મંડળ પોપ ઇનોસન્ટ ત્રીજાને મળવા રોમ ગયું. પોપે એમને પોતાનો એક જવાબદાર નેતા ચૂંટીને ધર્મકાર્યો કરવાની રજા આપી. સ્વાભાવિક રીતે ફ્રાન્સિસ એ નેતા તરીકે ચૂંટાયા. એમને લાગ્યું કે પોતાના કાર્યને વધુ સુવ્યવસ્થિત કરવા મુક્તપણે કામ કરવાની છૂટ જરૂર હતી, પરંતુ વરિષ્ઠ ધર્મસંચાલનની સાથે રહીને જ એમને કામ કરવું પડે તેમ હતું.

ઇ. ૧૨૧૨માં એસિસીના એક ભદ્ર પરિવારની ક્લેર નામની એક મહિલાએ ફ્રાન્સિસના ભ્રાતૃમંડળના સભ્યોની જેમ જ એમના ધાર્મિક નીતિ નિયમોના પાલનમાં એક મહિલા મંડળ સ્થાપવા આદેશ માગ્યો. સેન્ટ ઘમિયાંમાં એમણે પોતાનો મઠ રાખ્યો. ફ્રાન્સિસ્કન સાધુઓ સાથે સંપર્કમાં રહીને ક્લેરે પોતાનું ધર્મકાર્ય કરવા માંડયું. ફ્રાન્સિસના અનુયાયી આ સાધુ સાધ્વીઓએ જીવનમાં જે અપરિગ્રહ અને સાદગી અપનાવ્યા હતાં તે ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં બેજોડ રહ્યાં છે. સંત ફ્રાન્સિસને ઇશ્વરના સમગ્ર સર્જન પ્રત્યે અનુકંપા હતી. બધા જીવો અને વનસ્પતિ પ્રત્યે એમને એકસરખો ભાવ હતો. એમને પણ એ ધર્મોપદેશ આપતા. ગધેડા જેવા પ્રાણીને પણ એ પોતાનો ભાઈ ગણતા અને હિંસક વરુને પણ એમણે પાળ્યું હતું. એમના આવા સમદર્શીત્વ અંગેના અનેક ચમત્કારોની વાતો પ્રચલિત છે.

આરંભમાં આ ફ્રાન્સિસકનો એસિસીના પેનિટન્ટ્સ (પ્રાયશ્ચિત્ત કરનારાઓ) કહેવાતા. આગળ જતાં 'માઈનર' કે 'લેસર બ્રધર્સ' અને એમના પોષાકના રંગ પરથી 'ગ્રે ફ્રાયર્સ' તરીકે પણ ઓળખાતા. પોતાના આત્માના કલ્યાણ માટે જ નહિ પણ લોકકલ્યાણ માટે કામ કરવાનો તેમનો આદેશ હતો. દૂરદૂર સુધી જઈ સામાન્ય લોકો પણ સમજી શકે તેવા સરળ ધર્મોપદેશો કરતા. સંપૂર્ણ અપરિગ્રહનું એ લોકો પાલન કરતા. જો કે કાલાંતરે તેમાં કેટલીક છૂટછાટો પણ પ્રવેશેલી હતી.

પોતાના ટૂંકા જીવન દરમિયાન ફ્રાન્સિસ ઉત્તર આફ્રિકા, સ્પેઈન, સીરિયા અને છેક ઈજિપ્ત સુધી ગએલા. ક્રુઝેડરો જેની સામે લડેલા એ સારાસેન્સના સુલતાને પણ એમનો ઉપદેશ સાંભળેલો. પોતાનાં પાછલાં થોડાં વર્ષોમાં એમણે ઇટાલીમાં વાસ રાખેલો અને વેઠેલી અનેક મુસિબતો તથા માંદગીથી ઘસારો પામી ૪૨ વર્ષની વયે એ અવસાન પામેલા.

જિસસ ક્રાઈસ્ટ પ્રત્યેનો એમનો પ્રેમ અને ભક્તિભાવ એટલો તીવ્ર હતો કે એમની પોતાની હથેળીઓમાં જિસસના હાથની જેમ ખીલા જડાયાના ચિહ્નો ઉપસી આવેલાં. એક દિવસ ભાવાવેશમાં એમણે પ્રભુ પ્રશસ્તિનું 'કેન્ટિકલ ઑફ ધ સન' તરીકે જાણીતું એક પ્રાર્થનાગીત રચેલું. સૂર્ય અને પ્રકાશ, ચંદ્ર અને તારાઓ, જળ અને અગ્નિ, સજજનો અને મૃત્યુ સુદ્ધાંની એમણે તેમાં પ્રશસ્તિ કરી છે. બાળસહજ સાદગીભરી આ રચનામાં પોતાના પંથ માટે કરેલાં મહાન કાર્યો કરતાંયે એમનું સાચું દર્શન થાય છે. -સં. □

અનુસંધાન) કાળો બરફ (પાન ૧૭ ઉપરથી

કાળા બરફમા આવા એસિડનું પ્રમાણ હોઈ શકે છે, જે પારિતંત્ર (Ecosystem) ઉપર અસર કરે છે. એસિડ યુક્ત કાળા બરફથી વનસ્પતિનાં પાન ખવાઈ જાય છે. કાળા બરફનું પાણી જે નદીઓ અને જળાશયોમાં જાય છે તે બધાં પાણીને પ્રદૂષિત કરે છે. કાળા બરફના ઓગળવાથી વહેતા કે જમા થયેલા પાણીમાં વનસ્પતિ નાશ પામે છે. જો કે ઊંડા પાણીને તળિયે તૈયાર થતી આલ્ગી કે ફુગી જેવી વનસ્પતિને ખાસ વાંધો આવતો નથી. એસિડયુક્ત કાળા બરફના પાણીમાં એલ્યુમિનિયમ જેવી ધાતુઓ ઓગળીને સંમિલિત થાય છે. આને લીધે એ પાણીમાં માછલાંઓને ગૂંગળામણ થતાં એ ટપોટપ મરવા માંડે છે. આવા પાણી વડે પોષાતાં જંતુઓ ઉપર નિર્ભર એવાં પક્ષીઓમાં એલ્યુમિનિયમનું પ્રમાણ વધી જતાં એ પણ મરવા માંડે છે. સૌપ્રથમ સ્કેન્ડિનેવિયામાં એસિડયુક્ત વરસાદ, બરફ અને ધુમ્મસથી માછલીઓ અને અન્ય જળચરો મર્યાના પુરાવા પ્રાપ્ત થયા છે. કેનેડા, યુ.એસ.એ., મધ્ય અને પશ્ચિમ યુરોપનાં જંગલોને પણ ભારે નુકસાન થયું છે. તેલના બળતા કૂવાઓ પ્રથમ હવાને પ્રદૂષિત કરી કાળા બરફની ઘટનાને સંભવિત કરે છે અને પરોક્ષ રીતે પાણીને પ્રદૂષિત કરે છે, જે અંતે અનેક રીતે હાનિકારક બની રહે છે. □

ડુસકાવું

દશરથ પરમાર

હું ખંડમાં પ્રવેશી ત્યારે તેનું ભારેખમ વાતવરણ મારા સમગ્ર અસ્તિત્વને ખૂંચવા લાગ્યું. અંધારું થવા આવ્યું હતું. છતાં કોઈએ લાઈટ કરી નહોતી અને પંખોય બંધ હતો. ભાઈજી કપાળ પર હાથ પસારીને પલંગમાં પડ્યા હતા અને બા લગભગ સૂતાં હોય એવી મુદ્રામાં ખુરશીમાં બેઠાં હતાં.

આ ખંડનું આટલું ભારઝલ્લું વાતાવરણ મેં ક્યારેય અનુભવ્યું નથી. સાંજના સમયે ઘરનાં બધાં આ ખંડમાં એકઠાં થયાં હોય અને ખુલ્લી મજાકો થતી હોય. ગમે તેના ચહેરા પર ઊપસી આવેલી ઉદાસીને ભાઈજીની મજાકો પ્રસન્નતાના લીંપણથી લીંપી દેતી. એના બદલે ઠાંસીઠાંસીને ખડકાયેલું આ મૌન! અને સુમન પણ નહોતી આ ખંડમાં...

મારા આગમનથી બા કે ભાઈજી પર કોઈ અસર ન થઈ. ક્ષણાર્ધ હું ઊભી રહી.મોં પર ઊતરી આવેલા પરસેવાના રેલા સાડીના છેડાથી લૂછી નાખ્યા. પછી લાઈટની સ્વીચ ઑન કરી. ખટાકા સાથે જ પ્રકાશ રેલાયો અને ભાઈજી ઝબકીને જાગી ગયા. મારી સામે જોયું : 'તું આવી ગઈ સુમિત્રા?'

મેં હકારમાં માથું હલાવ્યું. પછી ભાઈજીના ચહેરા સામે જોયું. હંમેશાં ખુશખુશાલ રહેતા આ ચહેરા પર ઉદાસીનાં આટલાં બધાં પડ ક્યારે છવાઈ વળ્યાં? મારી આંખો એ ઉદાસીનો ભાર સહી ન શકી.

હું ધીમેથી બા પાસે ગઈ. ચરણસ્પર્શ કર્યા. બા કંઈ બોલ્યાં નહિ. ખાસ્સી વાર સુધી મને તાકી રહ્યાં. મને થયું મારી ગેરહાજરીમાં નક્કી કંઈક અજુગતું બની ગયું લાગે છે. એ સિવાય બા કે ભાઈજી આટલાં ઉદાસ ન હોય.

'બા, સુમન દેખાતી નથી.' બાના મૌનને ખંડિત કરવાના ઇરાદાથી જ મેં પૂછ્યું, 'ક્યાંય બહાર ગઈ છે કે શું?'

મારો પ્રશ્ન પૂરો થતાં જ બા ડુસકાઈ ગયાં. મને ફાળ પડી. કદાચ સુમનને મિસકૅરેજ...? માથું હલાવીને એ શબ્દનો પ્રતિકાર કરતી હોઉં એમ બબડી, ના, ના...! એવું શું કામ થાય મારી સુમનને? તો પછી...'

હું દોડતી સુમનના ખંડમાં ગઈ. સુમન પલંગમાં આડી પડી હતી. એના હાથમાં નાનકડા બાળકના ચિત્રવાળી કોઈ ચોપડી હતી. મારાં પગલાંથી એ ચમકી હોય એમ લાગ્યું.

'આવી ગયાં ભાભી?' સુમનનો માંદો અવાજ. એ હમણાં જ રડીને શાન્ત થઈ હોય એવું લાગ્યું, એના અવાજ પરથી. હું કંઈ પણ બોલ્યા વિના સુમનના પલંગ પાસે ગઈ. કિનારે બેસી પડી. અને એના બરડે હાથ ફેરવવા માંડ્યો.

સુમન એકાએક રડવા લાગી.

'એક તમે છો ભાભી કે મારા પ્રૉબ્લેમને સમજી શકો! બાકી એમાં મારો કાંઈ વાંક ખરો? તમે જ કહો...'

'હોય... સુમન! એમાં આટલાં દુઃખી ન થઈએ! કુદરતના નિયમ આગળ આપણે લાચાર છીએ અને તારી તો ઉંમરેય શી છે?' મેં એને આશ્વસ્ત કરી. મને થયું, હું એક અઠવાડિયા માટે પિયર ગઈ એમાં આ બધું થઈ ગયું! મને વર્ષો પહેલાંની એક ઘટના યાદ આવી ગઈ. ઘર સાફ કરતાં એક ચકલીનું ઈંડું ફૂટી ગયું હતું. એની અપાર વેદના થઈ હતી. એ વેદનાને હું રડીને વ્યક્ત કરી લેતી. પણ ચકલી તો રાત-દિવસ આખાયે કમરામાં પાંખો ફફડાવીને આમતેમ ઊડ્યા કરતી. એની વેદના એ વ્યક્ત પણ કઈ રીતે કરે? સુમનનું ય કદાચ એવું જ હશે!

સુમને એ સમાચાર સૌપ્રથમ મને કહેલા. મારા દિલમાં એકીસાથે હજારો દીવા પ્રકટી ઊઠ્યા હતા. વર્ષો પછી આ ઘરમાં બાળક આવવાનું હતું...આખાય ઘરમાં આનંદ-આનંદ છવાઈ વળ્યો હતો. પણ પછી મને અસહ્ય વેદના થયેલી. કોઈ મારો હક્ક છીનવી લેતું હોય એવું લાગ્યું હતું. સુમનનું માન ઘરમાં વધી જશે. સુમનના પાલવનો કોરોકટ્ટ છેડો ખેંચાવા લાગશે. એની ઇસ્ત્રી કરેલી સાડીઓમાં કરચલીઓ પડી જશે...! પણ સાચું કહું તો કરચલીઓ મારા મનમાં જ પડી ગઈ હતી. અને સુમન પણ કશીક અવઢવમાં હતી. અને આખરે...

'હું ય એ જ કહું છુ, ભાભી! આ તો હરવાફરવાની ઉંમર છે...' સુમનના અવાજે હું ચોંકી ઊઠી.

'એટલે તેં...?' મારા સ્વરમાં અધીરાઈ આવી ગઈ.

'હા...ભાભી! ડૉક્ટરે કહ્યું છે કે પહેલીવાર એટલે વાંધો નહિ આવે અને...'

હું ધ્રુજી ઊઠી. કેટલી આસાનીથી સુમન બોલી ગઈ હતી. એને મન એક સામાન્ય બાબત હતી. પગ પર અંગારો ચંપાયાની વેદના થઈ આવી મને. એક ચકલી પાંખો ફફડાવતી મારા મનમાં ઊડાઊડ કરવા લાગી. પલંગ પરથી ઊઠીને હું બાથરૂમમાં પેસી ગઈ. ગળા સુધી આવેલું ડૂસકું વછૂટી ગયું. વર્ષોથી ખાલી-ખાલી રહેલી મારી કૂખ ઉપર મારો હાથ ફરી રહ્યો. □

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ આયોજિત નિબંધસ્પર્ધા

શ્રી જયભિખ્ખુ સ્મારક નિબંધ-સ્પર્ધાના આયોજનમાં ધો. ૧૧, ૧૨, તેમજ સ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે (૧) આજના યુવાનનો અજંપો, (૨) ટૅલિવિઝનનો પ્રભાવ, (૩) શરદપૂર્ણિમાનો આનંદ અને (૪) વહેમ અને વિજ્ઞાન - આમાંથી કોઈ એક વિષય પર બે હજાર શબ્દોની મર્યાદામાં ગુજરાતી અથવા હિન્દીમાં નિબંધ સાથે સ્કૂલ કે કૉલેજના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીડવાનું રહેશે. પ્રથમ ઇનામ રૂ. ૨૦૧નું, દ્વિતીય ૧૦૧નું, તૃતીય ૫૧નું, પ્રોત્સાહક ઇનામો ૩૦નાં અને આશ્વાસક ઇનામો ૨૫નાં છે. બીજા વિભાગમાં અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા સાહિત્યરસિકો માટે (૧) આવતીકાલનું વિશ્વ અને પર્યાવરણ, (૨) ગાંધીજી અને મહાદેવભાઈ દેસાઈ, (૩) ધર્મ અને માનવતા અને (૪) સર્જક જયભિખ્ખુ - આમાંથી કોઈ એક વિષય પર ત્રણ હજાર શબ્દોની મર્યાદામાં ગુજરાતી અથવા હિંદીમાં નિબંધને પ્રથમ ઇનામ રૂ. ૪૦૧નું, દ્વિતીય ૨૦૧નું, તૃતીય ૧૦૧ નું, પ્રોત્સાહક ઇનામો રૂ. ૫૦નાં અને આશ્વાસક ઇનામો ૨૫નાં છે. બંને વિભાગના નિબંધો ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨ પહેલાં રજિસ્ટર્ડ પોસ્ટથી આ સરનામે મોકલવા : શ્રી કુમારપાળ દેસાઈ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, એચ. એલ. કોમર્સ કૉલેજ હોસ્ટેલના કમ્પાઉન્ડમાં, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

નોકરીમાંથી નિવૃત્ત થવાને આગલે દિવસે જ રવજી માસ્તરનું અવસાન થયું. એ યોગાનુયોગે એમના મૃત્યુની ઘટનાને ચર્ચાસ્પદ બનાવી દીધી. જેણે આ સમાચાર સાંભળ્યા એને માટે એક વાર તો આભા બની ગયા જેવું થયું.

'હેં? ન હોય! હજી કાલ સવારે તો' સાંભળનારને અધવચ્ચે અટકાવીને કહેનાર એના અચરજને ચકચકિત કરતો હોય એમ બોલી ઊઠ્યો.

'એ, સવારે શું, છેક સાંજ સુધી ઑફિસમાં બેઠા હતા.'

પણ સાંભળનાર કંઈ એક થોડો હતો, બીજો હતો એ આવા ચકચકાટથી અંજાઈ જાય એમ નહોતો, એણે વાતને ઓર ચમકાવી:

'અરે, ઑફિસનો ટાઈમ પૂરો થઈ ગયો પછી પણ બેઠા હતાને, ઓલા અંબાલાલને એમણે જ તો મુંબઈનો ટ્રંકકોલ જોડી આપેલો... તે લાગે ત્યાં સુધી તો એમને હાજર રહેવું જ પડે ને?'

એ જ દિવસે સવારે પોતાનું કામ એમણે કરી આપ્યાનું કહેનાર પણ ત્યાં હતા. એ બધું સાંભળ્યા પછી એ સૌ તરફથી એક સાથે એક જ પ્રશ્ન પુછાયો.

'તો પછી થયું શું? આમ એકાએક -'

પરંતુ જે લોકો રવજી માસ્તરની મૃત્યુની ઘટનાને આમ વધુ ને વધુ ચકચકાવી રહ્યા હતા એમની પાસે આ પ્રશ્નનો કોઈ ઉત્તર કે ખુલાસો નહોતો. બધા કૂંડાળું વળીને મૂઢ જેવા બની ઊભા થઈને રહી ગયા.

એ દરેકે પોતાના બન્ને હાથ પાછળ બાંધી દીધા હતા અને માથાં ઢાળી દીધાં હતાં. બે પગ પહોળા રાખીને એ બધા ઊભા રહ્યા હતા અને એમની ચારેબાજુ ગાંભીર્યનું એક આવરણ વીંટળાઈ વળ્યું હતું. સહુને જોતાં એમ લાગતું હતું કે એ પોતાની અંદર જાણે કંઈ શોધ ચલાવી રહ્યા છે.

પછી એમાંથી એક જણે એકાએક માથું ઊંચું કર્યું અને કોઈ તથ્ય હાથ લાગ્યું હોય એમ બોલી ઊઠ્યો.

'પિપ્પર તા ખ્યો ને સા નકરી થ્યો.'

'હેં?'

બધાએ ચમકીને ઊંચે જોયું, માણસ આ કચ્છી કહેવત સમજ્યો એણે તરત કહ્યું :

'એટલે.....મોત આવ્યું ને મરી ગયા.'

'હા.. હા... હા...'

એક કોયડો ઊકલી ગયો હોય એમ સહુના મુખે સમ્મતિસૂચક હાશકારો નીકળી ગયો.

આ ખુલાસાથી આખા ગામને સંતોષ થઈ ગયો હોય એમ આ વાત આટોપાઈ ગઈ. રવજી માસ્તરના આકસ્મિક મૃત્યુ વિશેનું સહુનું અચરજ શમી ગયું. જો કે રવજી માસ્તર વિશેની ચર્ચા દિવસો સુધી ચાલતી રહી. એમ લાગતું હતું કે એમના વિશે દરેક જણને કંઈક કહેવાનું હતું.

કહેવામાં ઝાઝું તો શું હોય રવજીભાઈ જેવા માણસ માટે? છતાં લોકો કહેતાં. પરંતુ જે કંઈ કહેવાતું તે એવી રીતે કહેવાતું કે એમાં પ્રશંસાનો ભાવ છે કે ટીકાનો, એ નક્કી કરવું મુશ્કેલ થઈ પડતું. એક હળવાશ આખીય વાતને આવરી લેતી હતી અને એમાંથી રવજી માસ્તરનું એમની લાક્ષણિકતાઓ સાથેનું ચિત્ર ઊપસી રહેતું.

રવજીભાઈના નામ સાથે માસ્તર જેવી સંજ્ઞા કેમ અને ક્યારે જોડાઈ ગઈ હશે, એવો પ્રશ્ન કોઈને ન થાય એટલી એમના નામ સાથે એ સંજ્ઞા બંધ બેસતી હતી. આમ તો રવજીભાઈને માસ્તર કહીને ઓળખવાનું કોઈ દેખીતું કારણ નહોતું, એ કંઈ શિક્ષક નહોતા, પોસ્ટ માસ્તર હતા. પરંતુ આ ગામની શૈલી જ કંઈક અનોખી હતી. ગામની શાળામાં શિક્ષક તો હતો જગજીવન. એના નામને બહુ વિવેકપૂર્વક ટૂંકાવીને એના બંન્ને પદોના અક્ષરોનું સંયોજન કરીને ગામલોકોએ જગજીવનનું જગન કર્યું હતું અને પોતાના તરફથી એને ભારાડી જેવી સંજ્ઞાની નવાજેશ કરી હતી. જગજીવનને કોઈ માસ્તર ન કહેતું, એને તો બધા જગન ભારાડી કહીને બોલાવતા.

હવે આમ જોવા જાઓ તો જગન કંઈ જેને ભારાડી કહીએ એવો માણસ નહોતો, સત્યનિષ્ઠ અને પ્રામાણિક માણસ હતો. પણ એનાં એ જ લક્ષણો ગામલોકોને નડતાં હતાં. એ એમને દ્વેષી, વિઘ્નસંતોષી અને હિતશત્રુ જણાતો હતો, નહિ તો ગામનાં છોકરાં નિશાળે આવવાને બદલે માબાપને કામકાજમાં મદદ કરવા રોકાય તો એણે એમાં શા માટે વાંધો પાડવો જોઈએ કે વારતહેવારે રજા પાળવામાં એને શી હરકત હોય...? અટાણ લગી એમ જ હાલ્યું આવતું ન'તું? પણ આ તો આખું વરસ આવાં વાંધાવચકાં પાડવામાંથી ઊંચો ન આવે. એટલું જ નહિ, પણ મારો વા'લો પાછો ગઈ ગુજરી ભૂલેય નહિ એવો ડંખીલો! જીભાજોડીમાં ન ઊતરે, પરંતુ પાઘડીનો વળ છેડે એમ ઠેઠ પરીક્ષાટાણે વાંધો પાડે. કાં તો પરીક્ષામાં બેસવા જ ન દે, કાં થોડા મારકા સારુ કરીને ઉડાડી દે. નાપાસ થનારને બે-પાંચ મારકા વધારી દેવાની તો વાત જ નહિ એની કને, નહિ તો કોઈનું ભલું થાતું હોય તો એક લીટું આમ તાણવાને બદલે ઓમ તાણી દઈને ચારના આઠ કરવામાં એનો કયો હાથ દુખી આવતો'તો? આ ક્યાં ગજવામાં હાથ ઘાલીને કાવડિયા કાઢી દેવાના છે? પણ એની કને એવી કોઈ વાત જ નહિને! કહીએ તો સામો ગળે પડે, છોકરો કાચો ને કાચો આગળ જાય ઇ ઠીક કે બાર મહિને પાકો થઈને નીકળે ઇ ઠીક? તમે બાપ જેવા બાપ થઈને એનું ભૂંડું તાકો છો? હવે આને શું કહેવું? મારો બેટો પાછો જવાબે એવો ગોતીને દિયે કે સામા માણસનું મોં જ સિવાઈ જાય! કોકે કીધું, બીજા સૌના પાકા ને એક મારા દીકરાને જ કાચો ભાળ્યો? તો ફટ દઈને એની જ બોલીમાં કે છે કે ઇ તો કો'ક કેરી બે દાડે પાકે તો કો'ક ચાર દાડે; ભલા માણસ, કણબી થઈને એટલું નથી

કવિ તરીકે ન પંકાયો તો પણ અંગ્રેજી પદ્યરચનાને સંપૂર્ણતા સુધી પહોંચાડનાર કલાકસબી તરીકે ખ્યાતનામ બની ગયો. ડ્રાયડનની કડીમાંથી તેણે જે કંઈ કસ્તર, અણઘડ, કઠોર હતું તે બધું ચાળી નાખીને પદ્યરચનાને એક અનોખો - સંપૂર્ણ આકૃતિનો ઘાટ આપ્યો.

પોપનાં કાવ્યોને બે વિભાગમાં વહેંચી શકાય. આરંભમાં 'પૅસ્ટોરલ્સ' અથવા તો 'વિન્ડસર ફૉરેસ્ટ' જેવા કાવ્યસંગ્રહોમાં ઊર્મિ, થોડીક કલ્પના, સંવાદિતા (Harmony) ધ્યાન ખેંચે - એમાં પોપની કોઈ વિશિષ્ટ શક્તિ વરતાય નહિ. બીજા વિભાગમાં એની 'ધી એસ્સે ઑન ક્રિટિસિઝમ' (Essay on Criticism) 'ધ રેઈપ ઑફ ધ લૉક' (The Rape of the Lock) 'ડન્સિઆડ' (Dunciad) આદિનો સમાવેશ થાય. એમાં એની કવિપ્રતિભા, કટાક્ષકલા, વિદ્વત્તા એ સર્વ આકર્ષી રહે છે.

પોપની ખ્યાતનામ કૃતિઓ

પોપે એની કવિ-કારકિર્દીના આરંભ કાળમાં થોડીક ઊર્મિકવિતા આપી, પણ એ પોપના કવિકર્મનો કોઈ વિશેષ દાખવતી નથી. એક રીતે એ રચનાઓ પોપની કાવ્યરચના માટેની અજમાયશ છે.

પોપની પ્રતિષ્ઠા સ્થાયી આપે તેવી તેની પ્રથમ કૃતિ 'ધી એસ્સે ઑન ક્રિટિસિઝમ' (૧૭૧૧) છે. એ સંગ્રહનું શીર્ષક સૂચવે છે તેમ એમાં એ યુગના વિવેચનાત્મક સિદ્ધાંતોનું સફાઈદાર, સૂત્રાત્મક યુગ્મોમાં (Couplet) આકર્ષક નિરૂપણ છે.

કૃતિના પ્રથમ ભાગમાં (સાહિત્યમાં) રુચિનું મહત્ત્વ, કલા અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ, પ્રાચીનતાનો મહિમા - વગેરેનું સચોટ કથન છે. એક મુદ્દાની વાત પર તે ખાસ ધ્યાન દોરે છે કે જેમ કવિમાં ઉત્તમ પ્રતિભા વિરલ તેમ વિવેચકમાં ઉચ્ચ રુચિ પણ વિરલ જ. પ્રકૃતિ અને કલાની વિચારણામાં તે પ્રકૃતિ વિષે કહે છે - Nature is at once the source, and end and test of Art'.

પ્રકૃતિ એ જ કલાનો સ્રોત છે, કલાનું પ્રયોજન છે અને કલાની કસોટી છે. પોપ આગ્રહપૂર્વક પ્રાચીનોએ આંકી આપેલા વિવેચન-સિદ્ધાંતો (ખાસ તો એરિસ્ટોટલના)નું અનુસરણ કરવા સૂચવે છે.

Learn hence for ancient rules a just esteem
To copy nature is to copy them.

અલબત્ત, કોઈ પ્રતિભાસંપન્ન કવિ એવા નિયમોની પણ પાર નીકળી જાય ખરો અને વિવેચકો પણ એ નિયમભંગની ટીકા કરવાનું ટાળે.

Great wits somtimes may gloriously offend,
And rise to faults true Critics dare not mend.

કૃતિના બીજા વિભાગમાં વિવેચનમાં વિવેક ક્યાં ચૂકી જવાય છે તેની બાબત રજૂ થઈ છે. એક તો અહં, અધૂરો અભ્યાસ ('A little learning is a dangerous thing.') સમગ્ર કૃતિને અવલોકવાને બદલે ખંડદર્શન, કોઈ એક કે બીજા મુદ્દા પર અજુગતો ભાર, અતિ ઉત્સાહ, અમર્યાદ ટીકાટિપ્પણી, વિવિધ પ્રકારના પૂર્વગ્રહો - આ સર્વ વિવેચનને કલુષિત કરનારાં તત્ત્વો છે.

પોપે માર્મિકતાથી અને સહજસૂત્રો દ્વારા આ દોષ વર્ણવ્યા છે. ભાષા પરનો એનો પ્રશસ્ય કાબૂ, અને સંઘેડાઉતાર પંક્તિઓ રચવાની તેની કુનેહ અહીં પ્રતીત થાય છે.

વિવેચકો માટે પોપ કહે છે કે તેમણે ઉમદા પ્રકૃતિ ખીલવવી જોઈએ. અને તે સાથે સારી સમજશક્તિ તેનામાં હોવી જોઈએ. મુખ્ય ટીકા તો અશ્લીલતાની જ હોઈ શકે, પણ અણઘડતા અને અશ્લીલતા એ બંનેનો યોગ થયો દેખાય તે તો અક્ષમ્ય જ ગણાય.

ત્રીજા વિભાગમાં તેણે વિવેચકીય રીતિ-વર્તાવ (Critical be-haviour) અંગે વિધેયાત્મક નિયમો આપ્યા છે. અલબત્ત એ નિયમો પોપે દૃષ્ટાંતો ટાંક્યાં હોવા છતાં અમૂર્ત જેવા જ રહે છે.

કૃતિને અંતે પોપે વિવેચનના ઇતિહાસની આછી રૂપરેખા રજૂ કરી છે - છેક એરિસ્ટોટલના વિવેચનથી આરંભ કરીને.

આ કૃતિમાં પોપની સાહિત્ય વિશેની વિભાવનાનો તેમ જ વિવેચકીય ભાવનાનો પરિચય મળી રહે છે. જો કે વિવેચન-સિદ્ધાંતોમાં એ કૃતિ દ્વારા કોઈ નવું વિશિષ્ટ ઉમેરણ નથી; પોપનું એવું પ્રયોજન પણ નથી. તત્કાલીન સાહિત્ય-જગતમાં સાહિત્ય-વિવેચન અંગેના જે સિદ્ધાંતો-નિયમો પ્રવર્તતા હતા તેને જ એકસૂત્રે ગૂંથીને - અને એ ગૂંથણીમાં જ પોપની અનોખી કલા દેખાય છે - રજૂ કર્યા છે. (ક્રમશ:) □

અનુસંધાન] ડૉ. બ્રાઉટ્રોસ ઘાલી [પાન ૨૭ પરથી

'ત્રીજા વિશ્વ' સંસ્થાઓ જેવી ઉત્તર-દક્ષિણ સમસ્યાઓના તેઓ નિષ્ણાત ગણાય છે અને આફ્રિકા વિષે સૌથી વધુ માહિતી ધરાવતા પારંગતોમાંના એક તરીકે આંતરરાષ્ટ્રિય કક્ષાએ તેઓ પ્રશસ્ત થયા છે ! મહામંત્રી તરીકે ઘાલી સમક્ષ આગામી વર્ષોમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન તો પશ્ચિમ એશિયાનો જ હશે. જો કે ઘાલી પોતે આ જટિલ સમસ્યા સાથે વર્ષોથી સંકળાયેલા હોઈ તેનાથી સુમાહિતગાર છે.

વિશ્વ-સંસ્થા 'યુનો'ના ઇતિહાસના એવા તબક્કે ઘાલી તેનું સુકાન સંભાળી રહ્યા છે જ્યારે વિશ્વતખ્તા પર સર્જાતા રાજકારણના ઇતિહાસમાં યુનોનો પ્રભાવ વધ્યો છે તેમ જ ખાસ કરીને શાંતિ માટેની કામગીરી અને ચૂંટણીઓ પર દેખરેખ રાખવાની વધુ ને વધુ મહત્ત્વની વિશ્વવ્યાપી કામગીરી બજાવવાનું યુનોને કહેવામાં આવી રહ્યું છે. વળી, વર્તમાન સમયમાં રાષ્ટ્ર સંસ્થાનું કાર્યક્ષેત્ર પણ અનેકદેશીય બન્યું છે. રાજકારણ, વિશ્વ-સમાજ કલ્યાણ, પર્યાવરણ, આરોગ્ય, મહિલાઓ અને બાળકોનો ઉત્કર્ષ તેમજ શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક વિકાસ...વગેરે પડકારોને પહોંચી વળવાનું સામર્થ્ય ઘાલી ધરાવે છે એવી, રાજકારણનો તેમનો બહોળો અનુભવ જોતાં, આશા રહે છે.

વિદેશખાતું દેશમાં બહુમતીમાં રહેલા મુસ્લિમોને ફાળે જાય છે એવા ઈજિપ્તના રાજકારણના વણબોલ્યા નિયમ હેઠલ ખ્રિસ્તી એવા ઘાલીએ વરઆંગણે કાર્યકારી ધોરણે ફક્ત વિદેશપ્રધાનપદ સંભાળ્યું હોવા છતાં તેમણે હવે વિદેશોમાં પણ ઈજિપ્શયન રાજદ્વારી કુનેહ દાખવવી પડશે. □

અડકો દડકો

ભોળો ભા

એક માણસને ત્રણ દીકરા. મોટા બે હોશિયાર, પણ સૌથી નાનો ભોળો ભા. મોટા થતાં એમણે પોતાનું નસીબ અજમાવવા વિચાર્યું અને એ માટે ઘર છોડી બહાર જવા બાપની રજા માગી. એમને વળાવતાં બાપે કહ્યું :

'તમને તો ખબર છે કે મારી એક આંખ સદાય હસે છે અને બીજી સદાય આંસુ સારે છે. હસે છે તે એટલા માટે કે મારે તમારા જેવા ત્રણ દીકરા છે, જે પાછા આવશે ત્યારે મારો દ્રાક્ષનો જાદુઈ વેલો શોધી લાવશે. આ દ્રાક્ષનો વેલો દર કલાકે એક પીપ ભરાય તેટલો દ્રાક્ષરસ આપતો હતો. જ્યારથી એ ચોરાઈ ગયો ત્યારથી આ બીજી આંખ એના સારુ આંસુ' પાડે છે. તમે એ જાદુઈ વેલો શોધી લાવો.

ત્રણે ભાઈઓ દ્રાક્ષનો એ જાદુઈ વેલો શોધવા નીકળી પડ્યા. ચાલતાં ચાલતાં ઘણે દૂર પહોંચી ગયા, અંતે એક એવા સ્થાને આવ્યા કે જ્યાંથી એમનો માર્ગ બે બાજુ ફંટાતો હતો . બંને મોટા ભાઈઓએ જમણી બાજુનો માર્ગ પસંદ કર્યો, જ્યારે નાનાએ ડાબી બાજુએ જવાનું વિચાર્યું. એના મનમાં હતું કે દ્રાક્ષનો જાદુઈ વેલો કદાચ એ બાજુથી જ મળશે.

ત્રણેય ભાઈ છૂટા પડ્યા. મોટા બંને એક જંગલમાં પહોંચ્યા. એક ભાઈએ બીજાને કહ્યું, 'સારું થયું આપણે એ બેવકૂફ નાનાથી છુટકારો મેળવ્યો.'

આગળ જતાં માર્ગમાં બંનેને ભૂખ લાગી. એટલે ઘરેથી સાથે લીધેલું ભાથું છોડીને એક ઝાડ નીચે ખાવા બેઠા. હજી ખાવાનું શરૂ કરે ત્યાં તો પાસેની ઝાડીમાંથી એક લંગડું શિયાળ આવી ચડ્યું, અને પોતે પણ ભૂખ્યું હોઈ કાંઈ ખાવાનું માગ્યું. પણ પેલા બંને ભાઈઓએ તેને ધુત્કારી કાઢ્યું. લંગડું બિચારું શિયાળ ત્યાંથી ચાલ્યું ગયું અને ખોડંગાતા પગે ચાલતું ચાલતું એ જંગલમાં બીજે છેડે પહોંચ્યું. ત્યાં નાનો ભોળો ભાઈ પણ પોતાનું ભાથું છોડી ખાવા જ બેસતો હતો.

શિયાળે તેની પાસેથી પણ થોડું ખાવાનું માગ્યું. જો કે નાના પાસે બહુ ઝાઝું તો નહોતું, પણ તો યે તેમાંથી અર્ધું ખાવાનું ભૂખ્યા શિયાળને આપ્યું. ખાઈ લીધા પછી શિયાળે તેને પૂછ્યું કે તે ક્યાં જવા નીકળ્યો છે. નાનાએ શિયાળને બધી વાત કરી કહ્યું કે એ દ્રાક્ષના જાદુઈ વેલાની શોધમાં જાય છે.

'તું નસીબદાર છે.' શિયાળે કહ્યું, 'એ જાદુઈ વેલો ક્યાં છે એની મને ખબર છે. તું આ જ માર્ગે સીધો ચાલ્યો જા. આગળ દૂર એક સુંદર બાગનો દરવાજો આવશે. તું સીધો જ એમાં જજે. એ બાગની અંદરના માર્ગમાં બાર જગ્યાએ તને બબ્બે ચોકીદારો જોવા મળશે. જરાય મૂંઝાયા વિના તું એમની સામે બરાબર જોતો રહેજે. જો તેઓ તારી સામે ડોળા ફાડીને તાકી રહ્યા હોય તેવું લાગે તો ગભરાયા વિના આગળ ચાલ્યો જજે, કારણકે એ લોકો ઘેરી ઊંઘમાં જ હશે. પણ જો એમની આંખો બંધ હોય તો સમજી લેજે કે તેઓ પૂરેપૂરા જાગૃત હશે.'

આ પછી અંતે જ્યારે તું એ માર્ગને છેડે પહોંચશે ત્યારે ત્યાં તને દ્રાક્ષનો જાદુઈ વેલો જોવા મળશે. એ વેલાની પાસે બે પાવડા પડ્યા હશે, એક લોઢાનો અને બીજો લાકડાનો. એમાંથી લોઢાનો પાવડો છોડી તું લાકડાના પાવડા વડે દ્રાક્ષના વેલાને જમીનમાંથી ખોદી કાઢજે. જો લોઢાનો પાવડો વાપરીશ તો તેનાથી અવાજ થશે અને પેલા ચોકીદારો જાગી જઈ દોડી આવશે. 'જા, ફતેહ કર.'

નાનો તો શિયાળની સૂચના મુજબ આગળ ઉપડ્યો અને પેલા બાગમાં પહોંચી ગયો. શિયાળના કહેવા પ્રમાણે ચોકીદારોને પણ પસાર કરી જઈ અંતે તે જાદુઈ વેલા સુધી પહોંચી ગયો. ત્યાં તેણે જોયું કે વેલાની આસપાસની જમીન તો બહુ કઠણ હતી. શિયાળની સૂચના એને યાદ ન રહી ને એણે તો લોઢાનો પાવડો લઈ એ કઠણ જમીન ખોદવા માંડી. એનાથી અવાજ થયો અને પેલા ચોકીદાર જાગી જઈ દોડી આવ્યા. એમણે નાનાને પકડ્યો અને પોતાના માલિક પાસે લઈ ગયા.

માલિકે જ્યારે નાનાને વેલો ખોદી જવાનું કારણ પૂછ્યું ત્યારે એણે બધી સાચી વાત કહી દીધી. એની સચ્ચાઈથી ખુશ થઈ માલિકે કહ્યું, 'ભલે, હું તને દ્રાક્ષનો વેલો લઈ જવા દઈશ, પરંતુ એ પહેલાં એક જ દિવસમાં આખી દુનિયામાં ફરી વળે તેવો જાદુઈ ઘોડો તારે મને લાવી આપવો પડશે.'

નાનો ભાઈ વેલો લીધા વિના જ પાછો ફર્યો અને પેલા લંગડા શિયાળને શોધીને તેને બધી વાત કરી. એ સાંભળી શિયાળે કહ્યું, 'ભલે, જે થયું તે થયું ! હું તને મદદ કરીશ. હવે તું સીધો આ જંગલમાં જ જા. અંદર ઊંડે તને એક ઝાડ નીચે એ જાદુઈ ઘોડો જોવા મળશે. એ ઝાડની ઉપર બે લગામ લટકતી હશે. એમાંની એક સાદી દોરડીની હશે અને બીજી સોનાની હશે. એમાંથી સાદી દોરડીની લગામ લઈ એ ઘોડાને પહેરાવી દઈશ એટલે ચૂપચાપ એ તારી સાથે ચાલ્યો આવશે.'

નાનો તો ઊપડ્યો જંગલમાં. ખૂબ દૂર જતાં એણે આખરે એક ઝાડ નીચે અત્યંત સુંદર ઘોડને ઊભેલો જોયો. એને થયું કે આવા અતિ સુંદર ઘોડાની ડોકે સોનાની લગામ જ શોભે. આને સાદી લગામ પહેરાવવી એ તો એના અપમાન જેવું લાગે.

એણે તો ઝાડ ઉપરથી સોનાની લગામ ઊતારી અને જેવી એ ઘોડની ગરદન પર લગાડી કે તુરત ઘોડો જોરથી હણહણવા લાગ્યો. એ સાંભળી આસપાસથી એના રખેવાળો દોડી આવ્યા અને નાનાને પકડીને એમના માલિક પાસે લઈ ગયા.

માલિકે પૂછતાં નાનાએ એને પણ બધી વાત કહી દીધી, એટલે માલિકે તેને કહ્યું, 'જો તું મને જેણે કદી સૂરજ કે ચાંદો જોયા નથી એવી, સોનેરી રૂપવાળી કન્યા લાવી આપે તો આ ઘોડો તને આપું.'

ફરી નાનો પેલા શિયાળ પાસે આવ્યો. ફરી શિયાળે નાનાને મદદ કરી અને તેને એક ઊંડી ગુફામાં લઈ ગયું. એ ગુફામાં સ્વપ્નોથી યે સુંદર સોનેરી રૂપવાળી એક અત્યંત સુંદર કન્યા રહેતી હતી. નાનો તો એને જોતાં જ આભો થઈ ગયો.

આ જોઈ શિયાળે નાનાને કહ્યું, 'જો મને ખબર પડી ગઈ છે કે તને આ કન્યા ખૂબ જ ગમી ગઈ છે. અને આવી સુંદર કન્યા પેલા જાદુઈ ઘોડાના માલિકને આપી દેવાનું તને નહિ જ ગમે. એટલે અગાઉની જેમ ભૂલ કરીશ નહિ, અને મારી સૂચના મુજબ જ કરજે.' પછી શિયાળે પોતાની યુક્તિ સમજાવતાં કહ્યું, 'જો તારે ખાતર હું જાદુથી આ કન્યા જેવું જ રૂપ ધારણ કરીશ, અને તું આ કન્યાના બદલે મને પેલા ઘોડાના માલિક પાસે લઈ જજે, અને આ કન્યાને તારી પાસે રાખજે!'

નાનાએ શિયાળની સૂચના પ્રમાણે જ કર્યું. ઘોડાનો માલિક નકલી કન્યાને ઓળખી ન શક્યો. એણે નાનાને પોતાનો જાદુઈ ઘોડો સોંપી દીધો. નાનાએ એ ઘોડો દ્રાક્ષના જાદુઈ વેલાના માલિકને આપ્યો અને બદલામાં જાદુઈ વેલો લઈને એ પોતાના ઘર તરફ પાછો વળ્યો. હા, પેલી સોનેરી રૂપવાળી કન્યાને પણ એ સાથે લઈ આવ્યો.

મૂર્ખ જેવો ગણાતો ભોળા ભા નાનો આમ પોતાને માટે દ્રાક્ષનો જાદુનો વેલો લઈ આવ્યો એથી એનો બાપ ખૂબ ખુશ થયો. પેલી સોનેરી રૂપવાળી કન્યા જોઈને પણ એ બહુ રાજી થયો અને એ કન્યા સાથે એણે નાનાના લગ્ન કરાવી આપ્યા, અને સૌએ ખાધું પીધું ને મોજ કરી. હજી પેલા ચતુર ગણાતા બે મોટાભાઈ ઘેર પાછા ફર્યા નથી.

(સર્બિયાની એક લોકવાર્તા પરથી. ઈ.૧૯૧૮, એટલે કે પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયા પહેલાં સર્બિયા એક સ્વતંત્ર રાજ્ય હતું. ઇ. ૧૩૭૧ થી ૧૮૭૮ દરમિયાન ત્યાં તુર્ક શાસન હતું. ઇ. ૧૯૧૨-'૧૩ના બાલ્કન વિગ્રહ પછી સર્બિયા સ્વતંત્ર બન્યું ત્યારે તુર્ક તાબાના મેસિડોનિયાનો પ્રદેશ પણ તેમા ભેળવાએલો. વિશ્વયુદ્ધ પછી આ સર્બિયા અને બીજાં કેટલાક રાજ્યને ભેળવીને આજના યુગોસ્લાવિયા દેશની રચના થઈ હતી. - બ.) □

ઉખાણાં

(૧)

હાથીને પગે તાળું બાંધી દો.

(૨)

બોખો હાથી પાઈ આપો.

(૩)

ડોસો થઈને કેડ બાંધે,
ખેતર ખળે સૂએ,
જનાવરોને ખાવા સરખું,
દુનિયાં સરખી જુએ.

(૪)

ઝાલે તો ઝલાય નહિ,
બાંધે તો બંધાય નહિ;
પહોળી જગ્યામાં પેસી રહે,
જીવનું જીવન એહ ખરે.

(૫)

વાંકી ચુંકી વોકળી,
માંહી પડ્યું છે હાઉ;
આ અર્થ ના વરતે તેની,
દાઢી કરડી ખાઉં.

(૬)

બળદ વિનાની ગાડી,
જાય દોડી દહાડી
જીવ ન છતાં ચીસો પાડે,
એ ન્હોતી અગાડી.


(૭)

વાચા વિના બોલે ખરી,
પગ વિના ચાલે ખરી;
કાંટા નહિ પણ બોરડી,
ઉત્તર એનો આલ.


ઉત્તરો :

(૧) બાવાજીનો બોકડો,
રૂમ ઝુમ ચાલે, પાતાળ પાણી કાઢે,
પાતાળ પાણી કાળું, હાથીને પગે તાળું!
(૨) કુવામાં નાખ્યો ચોખો,
હાથી પાયો બોખો.
(૩) કડબનો પૂળો
(૪) વાયુ
(૫) ઘોડીઉં
(૬) આગગાડી
(૭) ઘડીયાળ

કલાવાર્તા



દેશળજી પગી



નામ દેશળજી બી. પગી. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ત્રાંસદ ગામે ૧ જૂન ૧૯૬૫માં જન્મ. પિતા ભીખુભાઈ ધોળકામાં શેઠ દામોદરદાસ શાહની વાડીના રખે-વાળ, સ્વભાવે ખૂબ પરગજુ અને કામઢા. એમના બે પુત્રો દેશળ અને વિક્રમને શેઠે પ્રેરણા આપી એમનામાં ઉત્સાહ અને સંસ્કારનું સિંચન કર્યું. શિક્ષણની સુવિધા સાથે એમના વિકાસમાં રસ લીધો.

ત્રાંસદની પ્રાથમિક શાળાના શિક્ષણ દરમિયાન જ ત્યાંની હરિયાળી વાડીમાં કલ્લોલતા વિધવિધ પંખીઓએ દેશળમાં પ્રકૃત્તિ અને પંખીઓમાં રસ પ્રેર્યો, અને વય તથા અભ્યાસ વધવા સાથે એમનામાં ફોટોગ્રાફીનો રસ જગાડ્યો. દહેગામ તાલુકાના બહિયલ ગામમાં વધુ અભ્યાસ કરી એસ.એસ.સી. પાસ કરી એ ૧૯૭૪માં અમદાવાદમાં શેઠ ચી. ન. કલા-મહાવિદ્યાલયમાં પેઈન્ટિંગ વિભાગમાં કલાભ્યાસ માટે જોડાયા. બાર સાંધે ને તેર તૂટે તેવી આર્થિક સ્થિતિમાં ખર્ચ કાઢવા ગ્રીટિંગ કાર્ડ્સ બનાવતા. સોમા ટેક્સટાઈલમાં પાર્ટ ટાઈમ કામ કરતા અને સાંજે જાણીતા મોઝેઈક આર્ટિસ્ટ શ્રી શાંતિલાલ શાહ પાસે પેઈન્ટિંગ શીખતા. આર્ટટીચરનો ડિપ્લોમા પણ મેળવ્યો અને નર્મદા પ્રોજેક્ટમાં ટ્રેસર તરીકે જોડાયા. હાલ ધોળકાની આર. વી. શાહ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં અધ્યાપક છે.

ફોટગ્રાફીમાં એમણે આપસૂઝથી જ વિકાસ સાધ્યો છે. કપરા સમય સામે ફરિયાદ કરવાને બદલે તેની સામે સંઘર્ષ કરતા રહી એમણે પોતાના આ શોખને જીવંત રાખ્યો એટલું જ નહિ, ગુજરાત રાજ્યની લલિત કલા અકાદમીમાં પણ સ્થાન મેળવ્યું. એમનાં કેટલાંક ચિત્રો અકાદમીએ પણ ખરીદ્યાં છે. ૧૯૮૬માં દિલ્હીમાં યોજાએલા 'અપના ઉત્સવ'માં કોટલા રોડના 'બાલ ભવન'માં ફોટોગ્રાફી સ્પર્ધામાં એમને બીજું અને ત્રીજું એમ બે પારિતોષિકો મળેલાં.

વિધવિધ પક્ષીઓની ફોટોગ્રાફી કરવામ. એમને રસ છે. ગુજરાતના મેળાઓમાં પણ એ ઘૂમે છે. અને આદિવાસીઓમાં પણ પહોંચી જઈ ફોટોગ્રાફી કરતા રહે છે. પુષ્પો પ્રત્યે યે એવો જ પ્રેમ. 'કેમેરા ક્લબ ઑફ કર્ણાવતી'માં પણ સ્થાન મેળવ્યું છે. ગુજરાતનાં અખબારો અને સામયિકોમાં પણ એમનાં ફોટોચિત્રો પ્રકટ થતાં રહે છે.

સ્વભાવે નમ્ર અને નિખાલસ, શરમાળ અને લાગણીશીલ. જીવનને એમણે પોતાના આ ફોટોગ્રાફીના રસથી છલકતું રાખ્યું છે. અહીં એમનાં કેટલાંક ફોટોચિત્રો આપ્યાં છે. -યોસેફ મેકવાન







કંકાવટી

દક્ષિણ ધ્રુવખંડ ઉપર જર્મન મહિલાઓ

જર્મનીના બ્રેમરહેવનના 'આલ્ફ્રેડ વેગનર ઇન્સ્ટિટ્યૂટ ફોર પોલર રીસર્ચ' દ્વારા છેલ્લાં દસેક વર્ષથી દક્ષિણ ધ્રુવખંડ ઉપર હવામાન, ભૂકંપ, ત્યાંના બરફના તોતિંગ હિમસ્તરોની હિલચાલ, હવાના પ્રદૂષણ તથા વાતાવરણમાં ઓઝોનના સ્તરમાં પડેલા ગાબડા વગેરે અંગે સંશોધનો ચાલી રહ્યાં છે. દ. ધ્રુવખંડ પરની એમની છાવણી 'જિઓર્જ ફોન ન્યૂમેયર' નામે ઓળખાય છે. અહીં આ માટે માત્ર પુરુષ સંશોધકો માટે જ કામ કરવાની છૂટ હતી. સંસ્થાના નિયમ પ્રમાણે એમની સાથે સ્ત્રી સંશોધકો જોડાઈ શકતી નહોતી. પણ મોનિકા ઝ્રેવીએઝિયાક નામની ભૂભૌતિકશાસ્ત્રી જર્મન મહિલાએ અહીં સંશોધનાર્થે કામ કરવા અરજી કરી, અને તે નામંજૂર થઈ. પરંતુ મોનિકાએ પ્રયાસ જારી રાખ્યો અને અંતે એણે કેવળ મહિલાઓની જ એક ટુકડી ઊભી કરી પુરુષોથી અલગ કામ કરવાની મંજૂરી મેળવી. જર્મનીની આવી આ પ્રથમ મહિલા ટુકડી હતી. મોનિકાએ તેમાં ડૉક્ટર, એન્જિનિયર, હવામાનશાસ્ત્રી, રેડિયો ઓપરેટર તથા રાંધનાર એવી વિવિધ આઠ નિષ્ણાત મહિલાઓ એકઠી કરી હતી.

અલબત્ત, આ કાંઈ પ્રવાસ-પર્યટન પર જવાનું નહોતું. ત્યાં તેમણે અતિશય ઠંડા બરફિલા વાતાવરણમાં શક્ય તેવી બધી મુશ્કેલીઓ વચ્ચે સંશોધન-નિરીક્ષણો કરવાનાં હતાં. જતાં પહેલાં તેઓએ ઓસ્ટ્રીઅન આલ્પ્સમાં બરફ વચ્ચે રહેવાનો મહાવરો કર્યો હતો અને તે પછી ૪૫,૦૦૦ લીટર ડીઝલ તથા *તેટલી ખાદ્યસામગ્રીનો પૂરવઠો તથા અન્ય જરૂરી સાધનો વગેરે સાથે લઈ 'પોલારસ્ટર્ન' નામના જર્મનીના એક શક્તિશાળી આઈસબ્રેકર જહાજમાં તેઓ દ. ધ્રુવખંડ પર પહોંચ્યાં. ઘરથી ૧૭૦૦૦ કિલોમીટર દૂર ત્યાં તેમની નજીકમાં નજીક પડોશમાં દક્ષિણ આફ્રિકાની સંશોધન-છાવણી ૨૫૦ કિ.મી. દૂર હતી. બીજી બ્રિટિશ છાવણી તેમનાથી ૮૦૦ કિ.મી. છેટે હતી. પણ રેડિયો દ્વારા તેઓ આવી છાવણીઓના નિયમિત સંપર્કમાં રહેતાં. આમાં રશિયન, અમેરિકન, ફ્રેંચ કે દ. આફ્રિકાના સંશોધકો મળી આ હિમખંડ ઉપર એક આંતરરાષ્ટ્રિય સહકાર સ્થપાયો હતો અને તે સહજ હતો. જરૂર પડ્યે હેલિકોપ્ટર દ્વારા મદદ મેળવવી શક્ય પણ હતી. છાવણી પાસે પણ બરફમાં ચાલી શકે તેવી મોટર-સ્લેજ તથા અન્ય વાહનો પણ હતાં.

ઉનાળામાં પણ અહીં શૂન્યથી નીચે -૩૪ અંશ સે. જેટલા ઠંડા હવામાનમાં કામ કરવાનું હતું. ક્યારેક બરફનાં તોફાનોનો પણ સામનો કરવો પડતો હતો. દરરોજ ખુલ્લામાં રહેતા રેડિયોના એન્ટિના કે સાઈસ્મોમીટર વગેરે જેવાં સાધનો પર જામતો બરફ તો તેમને સાફ કરવો જ પડતો, પણ એથીય વિશેષ તો તેમણે લગભગ રોજ અવરજવરની સરળતા માટે બરફના એકાદ મીટર જાડા થરને પાવડાથી ઉથલાવવો પડતો હતો. ક્યારેક એકાદ મીટરથી આગળ કશું દેખાય નહિ તેવા વાતાવરણમાં માર્ગ ચૂકી ન જવાય તે માટે બાંધેલાં દોરડાં પકડીપકડીને જ અવરજવર કરવી પડતી હતી. છતાં આ મહિલાઓએ એમને ભાગે આવેલાં બધાં સંશોધન કાર્યો અને નિરક્ષણોનું કામ પાર પાડ્યું. ક્યારેક બહાર કામ ન થઈ શકે તેવી સ્થિતિ હોય તો તેઓ બરફના થરની અંદર કરેલા આવાસો તથા લેબોરેટરીમાં રહી કામ કરતાં. સૂર્ય પણ બેત્રણ કલાક પૂરતો જ જોવા મળતો. પણ લેબોરેટરીમાં વાતાવરણ કંઈક હૂંફાળું રહેતું ને દીવાબત્તીનો ઝળહળ પ્રકાશ મળતો. જો કે ભૂગર્ભમાં થોડી સંકડાશ લાગતી પણ દરેક જણને પોતાનું અલગ ક્વાર્ટર મળી રહેવા જેટલી સગવડ તો હતી જ.

જો કે દક્ષિણ ધ્રુવખંડ પર ચાલી રહેલાં હાલનાં સંશોધન-નિરીક્ષણો અન્ય વૈજ્ઞાનિક સંશોધનોની તુલનામાં પાયાની કક્ષાનાં જ ગણી શકાય પણ એનાથી હવામાન, ઓઝોનનું ગાબડું, ભૂકંપ, વિશાળ હિમશીલાઓની હિલચાલ વગેરે સહિત આ બરફ આચ્છાદિત ખંડ વિશેની માહિતીઓનું ઘણું મોટું મહત્ત્વ છે. અહીં કરવાનાં કેટલાંક સંશોધનો એવાં યે છે જેને માટે નવી ટેકનોલોજી વિકસાવવાની બાકી છે. અહીંના હજારો મીટર જાડા બરફસ્તરની નીચે શું છે તે જાણવું એ હજી બાકી છે. અને બધું કાર્ય અનેક પ્રાકૃતિક પ્રતિકૂળતા વચ્ચે કરવાનું રહે છે.

ધાર્યા કરતાં કંઈક વધુ - ૪૨૫ દિવસ અને નસીબજોગે વધુ પ્રતિકૂળતાઓ વચ્ચે રહીને પણ આ મહિલાઓ પોતાનું ધ્યેય સિદ્ધ કરી બતાવી તાજેતરમાં જ ફરી પોતાના વતન પાછી ફરી છે, પણ ફરી પાછા દ. ધ્રુવખંડ પર જવાની એમને અભિલાષા છે. ધ્યેયલક્ષી મહિલાઓ પોતાની ક્ષમતાને કેટલા ઊંચા સ્તરે લઈ જઈ શકે એનું આ એક પ્રેરક દષ્ટાંત છે. - સં.

---

* લગભગ બે વર્ષ ચાલે

લીંબુના ઉપયોગ

- લીંબનો રસ તથા મધનું સપ્રમાણ મિશ્રણ કરી તેની ચહેરા પર માલીશ કરવાથી ચહેરો ચમકદાર અને સુંવાળો બનશે.
- લીંબુના રસને સાકર સાથે ભેળવીને લેવાથી પિત્ત શમે છે.
- લીંબુને તાજાં રાખવા માટે હવાચુસ્ત ડબામાં તે ભરીને ફ્રીજમાં મૂકવાં.
- સુતરાઉ કાપડ પર લોખંડના કાટના ડાઘ પડ્યા હોય તો પહેલાં તેના પર મીઠું ભભરાવવું. ત્યારબાદ તેના પર લીંબુનો રસ તે ડાઘ પર ઘસવો અને પાણીની વરાળથી તેને સાફ કરી નાખવો.
- રાંધેલા ચોખા છૂટ્ટા અને સફેદ બને તે માટે તેમાં થોડું ઘી અને લીંબુનો રસ છાંટી જોજો.
- પગમાં છાલાં પડી ગયાં હોય ત્યારે તેના પર લીંબુનો રસ કે તેની છાલ ઘસવાથી ફાયદો થશે.
- દાદર-દરાજ પર મીઠું અને લીંબુ ઘસવાથી તેમાં ફાયદો જણાશે.
- પ્રેસર કૂકરના વારંવારના વપરાશથી તેના તળિયે ક્ષાર જામે છે તથા જાળી અને તળિયું કાળું પડી જાય છે. રસોઈ કરતી વખતે કૂકરમાં લીંબુનાં બે-ત્રણ ફાડિયાં મૂકી દેવાથી ક્ષાર જામશે નહિ અને કાળાશ પકડશે નહિ.

અતીતમાં અવગાહન

એક ને એક ત્રણ

તે દિવસે મારી જાત ઉપર અને આખી દુનિયા ઉપર હું બેહદ ખુશ હતો. મારા મનને ગમતા બ'પ બનાવ તે દહાડે બન્યા હતા અને મને જગતમા કોઈ પણ ચીજની અછત જણાતી ન હતી. ટ્રામમાં બેસી સવારે હું ક્યાંક જતો હતો. એટલામાં દુઃખીકષ્ટી સિકલવાળા એક ભિખારીએ આર્ત સ્વરે મારી પાસે ભીખ માગી. તરત જ મેં ગજવામાં હાથ ઘાલ્યો અને એ ભિખારીને એક આખો પૈસો આપી દીધો! તે દિવસે મારું મન એવા ઉદાત્ત વાતાવરણમાં વિહરતું હતું કે કોઈ પણ વિસંવાદી સૂર મારે દુનિયામાં જોઈતો ન હતો. અને પૈસો આપ્યા પછી તો મારું મન વધારે ઊંચે ગયું છે એમ મને લાગ્યું. ટ્રામમાં બેઠેલા સઘળા લોકો સકૌતુક આદરથી મારા તરફ જોતા હશે એવું લાગવાથી હસતાં હસતાં મેં ચારે તરફ જોયું ! મનમાં મેં નિશ્ચય કર્યો કે બસ, હમણાં આ ઘડીએ મારું મન જે ઉદાત્ત ભૂમિકા પર છે ત્યાંથી એને કોઈ પણ વખતે નીચે આવવા દેવું નહિ.

એટલામાં ટ્રામનો કંડક્ટર મને ટિકિટ આપવા આવ્યો અને મેં એને આપેલી આની ઘસાએલી છે એમ કહી મારી સાથે તકરાર કરવા લાગ્યો. હું ખૂબ જ ચીડાયો, એની સાથે કજિયો કર્યો, પણ એ દાદા બીજી આની વગર ત્યાંથી ખસે જ શાના ? આખરે મનમાં હજારો ગાળો ભાંડતાં મેં એને બીજી આની આપી. એક આનો પાણીમાં ગયો એવા ખ્યાલથી મારો જીવ બેચેન થયો હતો. મારા ઉદાત્ત નિશ્ચયનો એક ક્ષણમાં જ આવો ચૂરો થએલો જોઈ મને નવાઈ લાગી અને મારી જાત પર જ હસવું આવ્યું. તે વખતથી મેં નિશ્ચય કર્યો કે હવે કોઈ પણ નિશ્ચય જ કરવો નહિ ! મહાત્મા થવું આપણે માટે શક્ય નથી.

આપણે ઘણી વાર આપણા જીવનને માટે સમયપત્રક બનાવીએ છીએ; આપણા પોતાના અંતરને આપણે પામી ગયા હોતા નથી, અને એ સમયપત્રકની આવી બૂરી દશા થાય છે ! મનુષ્યે કુદરત પર આજ સુધી ઘણા વિજય મેળવ્યા છે; પણ એના પોતાના મનોવિશ્વમાં અને બહારના ભૌતિક વિશ્વમાં એટલી બધી અજ્ઞાત પણ પ્રભાવશાળી શક્તિઓ હજી પણ વસી રહેલી છે કે એણે બહુ જ ખંતથી રચેલા નિશ્ચયોના ગંજીફાનાં પત્તાંના બંગલાઓ તેની એક જ ફૂંકથી જમીનદોસ્ત થાય છે.

હવે, મને કોઈ પૂછે કે પોતાની અસહાયતાનું આટલું તીવ્ર ભાન કરાવી આપતા તમારા આવા દૈવવાદી તત્ત્વજ્ઞાન પ્રમાણે જો લોકો વર્તવા માંડે, તો જગતમાં કશું યે કરી શકાશે નહિ. કઈ ઘડીએ મરણ આવશે એનું જ્ઞાન આપણને નથી, તેથી કાલે શું કરવાનું છે એ પણ કોઈએ ઠરાવવું ન જોઈએ કે શું ? અથવા કોઈ વાર અચાનક ધરતીકંપ થાય માટે કોઈએ ઘરો જ ન બંધાવવાં ? આવા આક્ષેપોનો હું જોરથી ઇન્કાર કરું છું. હું જરા પણ એમ નથી કહેવા માગતો કે 'જે થવાનું છે તે તો થશે જ, પછી ભલેને બ્રહ્મા આડે આવે' એ મહામંત્રનો જપ માણસે જપ્યા જ કરવો ને ભવિષ્યની રાહ જોતા ચૂપ બેસી રહેવું. અને મારા જેવા ગમે તેટલું કહે તો પણ માણસો શું આવો ઉપદેશ ઓછા જ સાંભળવાના છે ? એવું હોત તો તો માનવજાતની આજ સુધી થઈ છે એ પ્રગતિ થાત જ નહિ. માણસ જંગલમાં કૂદતો વાંદરો જ રહ્યો હોત !

હું એટલું જ કહેવા માગું છું કે છીછરા ઉત્સાહને વશ થઈ આપણે આપણી જાત વિષે અને જગત વિષે ભળતી જ અપેક્ષાઓ કરીએ છીએ; અને પછી, એક ને એક બે, અને બે દુ ચાર, એવા ગણિતી નિયમોથી ઘડાએલા જીવનને લગતા આપણા એ અડસટ્ટા ખોટા પડે એટલે કટાણું મોં કરી તદ્દન નિરાશાવાદી બની જઈએ છીએ. આવી જાતના છીછરા ઉત્સાહમાં ઘસડાયે જતો માણસ પ્રારંભમાં જેટલો કટ્ટર કર્મયોગી હોય છે તેટલો જ પછી દૂબળો દૈવવાદી બની જાય છે. અજ્ઞાત શક્તિઓ સામે અસહાય બના માણસોની હું વાત કરં છું તે આવા છીછરા ઉત્સાહને ઠેકાણે લાવવા માટે; ક્રિયાની પ્રતિક્રિયા થઈ માણસ દૂબળો દૈવવાદી થઈ ન જાય એટલા માટે. પણ પોતાની અંતિમ અસહાયતાનું ભાન રાખી કામ કરતો માણસ ખરો કર્મયોગી થાય છે; કારણકે તે કોઈ દિવસ નિરાશ થતો નથી ! ગણિતશાસ્ત્રીના નિર્જીવ નિયમો વડે નિશ્ચયોના મિનારા ચણવાનો અર્થ શો ? એક ને એક મળી ગણિતમાં બે થતા હશે, પણ જીવનમાં તો એક ને એક મળી ત્રણ થાય છે !

(મરાઠી ઉપરથી અનુવાદ)

મૂળ લેખક : અનંત કાણેકર
અનુવાદ : વસન્ત જોષી

(સળંગ અંક ૨૦૪માંથી)

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૧. દિલ્હીમાં મહાન દરબાર ભરીને રાણી વિક્ટોરિયાને હિંદની સામ્રાજ્ઞી જાહેર કરાઈ. (૧૮૭૭)

નોર્વેની રાજધાની ક્રિશ્ચિયાનનું નામ બદલી 'ઓસ્લો' રાખવામાં આવ્યું. (૧૯૨૫)

તા. ૩. જસવંતરાય હોળકર બરતપુરના કિલ્લામાં આશ્રય લઈ રહ્યો હતો. તેને પોતાને સોંપી દેવાનું અંગ્રેજોએ કહ્યું, પણ સ્વાભિમાની જાટ રાજા રણજિતસિંહે તેમ કરવાની ના પાડતાં જનરલ લેક સેના સહિત ભરતપુર પહોંચ્યો. (૧૮૦૫)

તા. ૭. મહાસભાના આદેશને માન આપી તેના સભ્યોએ ધારાસભામાંથી રાજીનામાં આપ્યાં (૧૯૩૦) તુર્કી એ દેશને ઉદ્યોગપ્રધાન બનાવવા પંચ વાર્ષિક યોજના અખત્યાર કરી. (૧૯૩૪)

તા. ૮. પ્રાયોગિક વિજ્ઞાનના પિતા ગેલિલીઓ ગેલિલીનું અવસાન (૧૬૪૨).

તા. ૧૭. બેન્જામિન ફ્રાન્કલિનનો જન્મ (૧૭૦૬). શાપુરજી સકલાતવાળાનું અવસાન. (૧૯૩૬).

તા. ૨૦. પોર્ટુગીઝો ને અંગ્રેજો વચ્ચે સંધિ થઈ જેથી પોર્ટુગીઝોનાં બધાં બંદરો અંગ્રેજ વેપારીઓ માટે ખુલ્લાં બન્યાં (૧૬૩૫). આથી અંગ્રેજોએ કોચીનમાં કોઠી નાખી ને પહેલી જ વાર ઈંગ્લેન્ડમાં મરીની સીધી નિકાસ કરી.

તા. ૨૧. રશિયાના જ્યોતિધર લેનિનનું અવસાન (૧૯૨૪) મહારાણી વિકટોરિયાનું ૮૨ વર્ષની વયે અવસાન.(૧૯૦૧).

તા. ૨૪. કલકત્તા યુનિવર્સિટીના સ્થાપકના (૧૮૫૭) ડી વેલેરા આયરિશ ફ્રી સ્ટેટનો પ્રમુખ ચૂંટાયો (૧૯૩૩).

તા. ૨૫. સોવિયેટ સામેનું મિત્ર રાજ્યોનું લશ્કર પાછું વળ્યું (૧૯૧૯).

તા. ૨૮. ફ્રાન્સના મહાન સમ્રાટ શાર્લમાનનું એ લા શાપેલ મુકામે અવસાન (૮૧૪). એડોલ્ફ હિટલર જર્મનીનો ચાન્સેલર બન્યો (૧૯૩૩).

(સળંગ અંક ૧૯૩માંથી)

સાહિત્યસંપર્ક

લાભશંકર ઠાકરને અકાદમી એવૉર્ડ

સને ૧૯૯૧નો દિલ્હી સાહિત્ય અકાદમીનો એવૉર્ડ લાભશંકર ઠાકરને એમના ૧૯૯૦માં પ્રકટ થયેલા કાવ્યસંગ્રહ 'ટોળાં અવાજ ઘોંઘાટ' માટે એનાયત થવાની જાહેરાત થઈ છે. કોઈ પણ સાચા કાવ્યપ્રેમીને આ સમાચાર અને નિર્ણયથી આનંદ થશે. લાભશંકરે વિવાદાસ્પદ સાહિત્યિક વ્યક્તિત્વ ઊભું કર્યું છે. એમનો જન્મ ૧૯૩૫ના જાન્યુઆરીની ૧૪ તારીખે સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામે. પણ વર્ષોથી કુટુંબનો નિવાસ પાટડીમાં તેથી તેમનું શૈશવ અને કૈશોર્ય ત્યાં જ વીતેલાં અને આઠમા ધોરણ સુધી અભ્યાસ પણ ત્યાં જ કરેલો. પિતા જાદવજીભાઈ જાણીતા વૈદ્ય અને વાચનના શોખીન, માતા પ્રભાવતીબહેન ગાવાનાં શોખીન. આમ, પિતા પાસેથી વાચનનો અને માતા પાસેથી લયગાનનો વારસો મળ્યો. આટલી પૂર્વતૈયારી સાથે લાભશંકર અમદાવાદ આવે છે. અને પ્રથમ ખાડિયામાં ભારતી વિદ્યાલયમાં અને પછી મણિનગરની જયહિંદ હાઈ સ્કૂલમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી ગુજરાત કોલેજમાંથી ૧૯૫૭માં ગુજરાતી અને માનસ-શાસ્ત્રના વિષયો સાથે બી. એ. થઈ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાંથી ૧૯૫૯માં ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત કરે છે. ત્યાર પછી તેમણે અમદાવાદમાં



આર્યુવેદ મહાવિદ્યાલયમાં પાંચ વર્ષ વૈદકનો અભ્યાસ કરી ડી. એસ. એસ. સી. ની ડિગ્રી મેળવી તે દરમિયાન અમદાવાદની વિવિધ કોલેજોમાં ગુજરાતીનું અધ્યાપનકાર્ય કર્યું, પણ અંતે સ્થિર થયા વૈદકના વ્યવસાયમાં. એ નિમિત્તે એમણે 'પુનર્વસુ' ઉપનામથી વૈદકને લગતાં અનેક પુસ્તકો આપ્યાં છે.

કુમારવયે વાચન-લેખનનો જાગેલો શોખ આગળ ઉપર સક્રિય સર્જકતામાં પરિણમે છે. એમની ૯-૧૦ની ઉંમરે એમનું કાવ્ય 'બહુરૂપી'માં છપાએલું જાણ્યું છે. પણ ૧૯૫૫માં, બચુભાઈ રાવતના અનિયતકાલિક 'કવિતા'ના ૭મા મણકામાં નીચેનું મુક્તક પ્રથમ પ્રકટ થયેલું જોયું છે.

'ઘૂમી રહી તારક-મક્ષિકાઓ
રોષે ભરી; કોણ ગયું ઉડાવી
ત્યાં ચંદ્રના મધપૂડે પથરો લગાવી ?'

ઈન્દ્રવજ અને વસંતતિલકા જેવા પારંપરિક છંદોમાં પ્રકટેલું આ એમનું આરંભનું મુક્તક એમાંના તરંગવૈચિત્ર્યથી એમની કવનવૈચિત્ર્યની ભાવિ દિશાનું કદાચ દ્યોતક હોય. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' ૧૯૬૫માં પ્રકટ થયો, જેમાં એમની પરંપરાસ્થિત સર્જકતા અને એમાંથી મુક્ત થવાનો ઉધામો બન્ને નજરે પડે છે. પરન્તુ એમના દીર્ઘકાવ્ય 'માણસની વાત' (૧૯૬૮)થી એઓ પોતાના અંતરની અનિવાર્યતાની સાચી દિશામાં પ્રયાણ આદરે છે. આધુનિક મનુષ્યની આંતરબાહ્ય છિન્નવિચ્છિન્નતા અને તેથી જન્મેલું નિર્ભ્રાન્તપણું આ પદ્યગદ્યના વિવિધ લયો અને કલ્પનપ્રતીકની આધુનિકતાના સંયોજનથી આધુનિકતાની કવિતામાં નવો ઉઘાડ રચી આપે છે. 'મારે નામને દરવાજે' (૧૯૭૨)માં સંવેદનાની શબ્દમાં વ્યક્ત કરવાની ગૂંગળામણ મુખ્યત્વે લક્ષ્ય કરાઈ છે તો 'બૂમ કાગળમાં કોરા' (૧૯૭૪)માં ખુદ શબ્દોની નિરર્થકતા કવનવિષય બની આવે છે. 'પ્રવાહણ' (૧૯૮૬) જેવી પાછી દીર્ઘકૃતિમાં મલોત્સર્ગની કુત્સિત ગણાતી અનિવાર્યતાની પડછે. સર્જનોત્સર્ગની વેદના અને વિડંબનાને રજૂ કરવા ધાર્યું છે. 'લઘરાં જૂથનાં કાવ્યો'માં વ્યગંના આશ્રયે પાત્રસર્જન દ્વારા ભાષાના અસામર્થ્યની અભિવ્યક્તિગત મથામણ છે. 'કાલગ્રંથિ' (૧૯૮૯) અને 'ટોળાં અવાજ ઘોંઘાટ' (૧૯૯૦)માં વળી પાછી આધુનિક સંદર્ભમાં સાંપ્રત માનવની વિચ્છિન્નતાની વાત સબળતાથી અભિવ્યક્તિ પામી છે.

પરંપરાભંજકતાની સહેતુક વૃત્તિથી એમણે 'રે મઠ' સંસ્થા અસ્તિત્વમાં આણી હતી અને 'કૃતિ', 'ઉન્મૂલન' જેવાં સામયિકોનું પ્રકાશન કર્યું હતું. એ જ રાહે એમણે નાટકમાં પણ નવ્ય અભિવ્યકિત સારુ મધુ રાય આદિના સાથમાં 'આકંઠ સાબરમતી' જેવી સંસ્થા સ્થાપી નાટ્યસર્જનની પ્રાયોગિક કાર્યશિબિર કેટલોક વખત ચલાવી હતી. નાટકમાં એમણે એકાંકી અને અનેકાંકી કૃતિઓ આપી છે. 'મરી જવાની મઝા' (૧૯૭૩) એમનાં એબસર્ડ શૈલીનાં એકાંકીઓનો સંગ્રહ છે. 'બાથટબમાં માછલી' (૧૯૮૨)માં તેમના એ પૂર્વેનાં એકાંકીઓ કરતાં નાટ્યતત્ત્વની સફળતાથી માવજત અને ખીલવણી થયેલી જોવા મળે છે. જો કે ૧૯૬૬માં સુભાષ શાહ સાથેના ત્રિઅંકી નાટક 'એક ઉંદર અને જદુનાથ'માં એબ્સર્ડની સિધ્દ પરિણતિ કરતાં પ્રયોગનો ધખારો વધુ ધ્યાન ખેંચે છે. 'પીળું ગુલાબ અને હું' (૧૯૮૫) એ એમનું લીલયા આગળ વધતું દ્વિઅંકી નાટક છે. 'અકસ્માત' (૧૯૬૮) અને 'કોણ' (૧૯૬૮) એમની સામાન્ય કક્ષાની બે નવલકથાઓ છે. આ ઉપરાંત દિનેશ કોઠારી સાથે નવલકથાની સ્વરૂપ વિવેચના કરતો લઘુગ્રંથ 'ઇનર લાઈફ' અને 'મળેલા જીવની સમીક્ષા'એ વિદ્યાર્થીભોગ્ય સારું વિવરણ આપ્યું છે. 'એક મિનિટ' (૧૯૮૬) સાંપ્રતના સંદર્ભમાં રાજ્ય, ધર્મ, શિક્ષણ, સાહિત્ય, કલા વગેરે પરના સંવેદનપટુ લઘુલેખોનો સંગ્રહ છે તો 'મારી બા' (૧૮૮૯) અનૌપચારિક શૈલીએ લખાએલું ચરિત્ર છે.

લાભશંકરના સર્જનરાશિમાં કવિતા અને નાટક નોંધપાત્ર પ્રદાન છે. કવિતાને એ પોતા પૂરતી વર્બલ ગેમ (શબ્દરમત) ગણે-ગણાવે છે. પણ આધુનિકતાની સંવેદનાની સાર્થ અભિવ્યક્તિ-અર્થે મંડાયેલા એ ખેલને કેવળ ગેમ માની લેવાનું ભોળપણ કોઈ સૂજ્ઞ ભાવક દાખવશે નહિ. પરંપરાથી પ્રયોગ તરફની એમની ગતિ-પ્રગતિ એમની સર્જન-સચ્ચાઈનાં કેટલાંક સફળ પરિણામો બન્ને અંતિમોમાં નિપજાવી શકી છે એ ગુજરાતી કવિતાની ઉપલબ્ધિ છે. - ધી. પ.

શબ્દાર્થચર્ચા

યોગેન્દ્ર વ્યાસ

અહીં એદી-આળસુ-પ્રમાદી જૂથના શબ્દોના અર્થની ચર્ચા કરી છે.

આળસુ વિ. આળસવાળું; મંદ; સુસ્ત (૯૦)

એદી (એ) વિ. (અ. અહદી; મ અયદી, એદી) પ્રમાદી; આળસુ, સુસ્ત (૧૩૪)

ગફલત સ્ત્રી. (અ) બેદરકારી; અસાવધતા (૨)

ભુલ - તિયું, - તી વિ. ગફલત કરનાર (૨૪૭)

ગાફ (-ફે)લ વિ. (અ. ગાફિલ)અસાવધ (૨૫૬)

નિરુદ્યમી વિ. (સં) નિરુદ્યમ, ઉદ્યમ વગરનું; આળસુ (૪૯૧)

નિષ્કાળજી સ્ત્રી. (નિષ્ + કાળજી) કાળજી ન હોવી તે; બેદરકારી (૪૯૪)

નિષ્ક્રિય વિ. (સં) ક્રિયારહિત; અચેષ્ટ (૪૯૪)

પ્રમાદી વિ. પ્રમાદવાળું પ્રમાદ પું. (સં) ગફલત (૨) આળસ (૫૬૧)

ફૂવડ વિ. આળસુ (૨) ગંદું (૫૭૭)

બેદરકાર (-બે) વિ (ફા.) કાળજી વગરનું (૬૦૬)

સુસ્ત વિ. (ફા.) આળસુ, (૨) મંદ; ધીમું (૮૬૩)

હવે 'આળસ' કે 'આળસુ' શબ્દ ઉપરના અર્થોમાં જુદાં જુદાં વાક્યોમાં કઈ રીતે વપરાય છે તે જોઈએ.

૧. આળસ જ માણસનો મોટામાં મોટો શત્રુ છે.

આ વાક્યમાં 'આળસ' એટલે માણસનું એદીપણું, ગફલતિયો સ્વાભાવ, ગાફેલપણું, નિરુદ્યમ, નિષ્કાળજી, નિષ્ક્રિયતા, પ્રમાદ, ફૂવડપણું, બેદરકારી, મંદતા, સુસ્તી એ બધાનો અર્થ બંધ બેસે છે. આમાંનો કોઈ પણ ગુણ (અવગુણ?) માણસ માટે શત્રુ સાબિત થાય એવો માનવજાતનો અનુભવ છે. આ કારણે આ વાક્યમાં 'આળસ' સિવાય બીજો કોઈ શબ્દ બંધ બેસે નહીં.

૨. આળસુની જેમ પડ્યા રહેવાથી કામનો પાર આવવાનો નથી.

અહીં 'આળસુ' એટલે એદી. એદીપણામાં કંઈક નિષ્ક્રિયતા, કંઈક પ્રમાદ, કંઈક નિષ્કાળજી આ બધું ભળેલું હોય છે. એમ ભાષકના મનમાં છે.

૩. યાસીનનું આળસ સકીના માટે મૃત્યુનું કારણ બન્યું.

અહીં 'આળસ' એટલે ગફલત, ગાફેલપણું, બેજવાબદારી ભરી, ભૂલ ભરેલી, નિષ્ક્રિયતા અને નિષ્કાળજીમાંથી નીપજેલું 'આળસ' એટલે ગાફેલપણું એમ સમજાય છે.

૪. એ એટલો આળસુ કે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પણ જતી રહી.

આ વાક્યમાં 'આળસુ' એટલે ગાફેલ, બેધ્યાન, બેકાળજીવાળો માણસ, તદ્દન અસાવધ માણસ.

૫. આળસુ માણસ કેવી રીતે સફળ થાય ?

આ વાક્યમાં આળસુ એટલે નિરુદ્યમી, મહેનત નહીં કરનારો.

૬. હિસાબ રાખવામાં આળસ કરીશ તો ક્યારેય ઊંચો નહીં આવે.

આ વાક્યમાં આળસનો અર્થ થાય નિષ્કાળજી અથવા બેદરકારી.

૭. તું આ પ્રમાણે રોજ આવીને મારું કામ કરી જઈશ તો હું આળસુ બની જઈશ.

આ વાક્યમાં આળસુ એટલે નિષ્ક્રિય એવો અર્થ થઈ શકે.

૮. રાજા-રજવાડામાં જે પ્રમાદ પેસી ગયેલો તેણે જ એમનું પતન નોતર્યું.

આ વાક્યમાં આળસ પણ વાપરી શકાય એમ લાગતું નથી. જે આળસ એશઆરામમાંથી આવ્યું હોય, વધુ પડતા વૈભવ અને રક્ષિતતાની ભાવનામાંથી આવ્યું હોય, જેમાં કંઈક અભિમાન (મદ) પણ ભળેલ હોય તે પ્રમાદ. કોઈ ગરીબ માણસ આળસ કરે પણ તે પ્રમાદી ન હોઈ શકે.

૯. એ એટલો આળસુ કે ત્રણ ત્રણ દિવસે તો ન્હાય.

આ વાક્યમાં આળસુ એટલે ફૂવડ. જે આળસની સાથે ગંદકી-મલિનતા સંકળાયેલાં હોય તેવા આળસુને ફૂવડપણું કહે.

૧૦. આખા ગામનું કામ કરવાનો સમય મળે છે પણ દીકરીને પત્ર લખવાનું આળસ આવે છે. આમેય જેટલી વધુ ઘનિષ્ઠતા હોય, તેટલી આળસ પણ વધુ.

આ વાક્યમાં 'બેદરકારી' એવો અર્થ 'આળસ'નો કરી શકાય. આમ તો નિષ્કાળજી અને બેદરકારી બંને શબ્દો એકસરખો અર્થ વ્યક્ત કરતા હોય તેમ લાગે છે, પરંતુ ઝીણવટથી જોતાં સમજાશે કે પોતાના કામ માટે કરેલું આળસ, પોતાને જે આળસથી નુકસાન થાય તેવું આળસ એ નિષ્કાળજી ગણાય જ્યારે બીજાને નડનારું આળસ બેદરકારી બની રહે. કારણ કે દરકાર સામાન્ય રીતે બીજાની અથવા સામી વ્યક્તિની રાખવાની હોય. 'એને કોઈની દરકાર નથી' જેવું વાક્ય વાપરી શકાય પણ 'એને કોઈની કાળજી નથી' વાક્ય ખાસ વપરાતું નોંધ્યું નથી.જો કે એક રીતે ગાફેલપણું, ગફલત, બેદરકારી, નિષ્કાળજી જેવા શબ્દો એકબીજાની ખૂબ નજીક છે એ સ્વીકારવું જોઈએ.

૧૧. આળસ ખંખેરીને તે કામે વળગ્યો.

આ વાક્યમાં 'આળસ' એટલે સુસ્તી. 'સુસ્તી ઊડી જવી' એવો પ્રયોગ થાય છે તે આ સંદર્ભમાં નોંધી શકાય. શારીરિક લક્ષણ તરીકે જે આળસ વપરાય તેનો અર્થ સુસ્તી થાય એમ કહી શકાય..

'આળસ' જૂથના શબ્દોનો વપરાશ થતો હોય તેવાં આ બધાં વાક્યોમાં જોઈ શકાશે કે એ શબ્દનો ચોક્કસ અર્થ સમજીને વાક્ય વાપરવામાં આવે તો અવગમન વધુ અસરકારક બને. તમે પણ કોઈ લખાણમાં 'આળસ' જૂથનો શબ્દ વાંચો તો ત્યાં તેનો બરોબર શું અર્થ થાય છે તે સમજવાનો પ્રયોગ કરો અને અનુકૂળતા હોય તો એ વાકય એક પોસ્ટકાર્ડ ઉપર લખીને એ કયા પુસ્તકમાંથી, કયા પાના પરથી લીધું છે તે જરૂર લખી મોકલો. ☐

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

તત્સમ-તદ્ભવ ભેદ

વર્તમાન ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં અન્ય ભાષાઓના અનેક શબ્દો એવા ને એવા રૂપમાં કે પછી સહેજ ફેરફાર કરીને આપણે સ્વીકારી લીધા છે.

બીજી ભાષાઓમાંથી સમાન ઉચ્ચાર અને સમાન અર્થ સાથે સ્વીકારાયેલ શબ્દોને તત્સમ શબ્દો કેહવામાં આવે છે. અને બીજી ભાષાઓના

શબ્દોમાં થોડેઘણો ફેરફાર કરી અપનાવેલા શબ્દોને તદ્ભવ કહે છે. તત્સમ ન હોય અને તદ્ભવ પણ ન હોય એવા કેટલાક શબ્દોયે છે. જૂની ગુજરાતી ભાષા અસ્તિત્વમાં આવી તે પૂર્વે ગુજરાતી પ્રજા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષાઓ સિવાયના જે પ્રાદેશિક શબ્દો વાપરતી તેને દેશી યા દેશ્ય કે તળપદા શબ્દો કહેવામાં આવે છે. આ શબ્દો સંસ્કૃતમાંથી કે બીજી કોઈ ભાષામાંથી ઊતરી આવેલા જણાયા નથી. આ દેશ્ય શબ્દો પૈકી મોટા ભાગના શબ્દો કાળાંતરે ફેરફાર પામતા રહ્યા છે અને કેટલાક મૂળ રૂપમાં હજી પણ ચાલુ છે. આ શબ્દોની મૂળ સ્વતંત્ર સ્વરૂપે નહોતી અને પ્રાકત તથા અપભ્રંશ ભાષાઓ આજે વપરાશમાં નથી. આથી આ ત્રણે પ્રકારના બધા (બદલાયેલા ને વણબદલાયેલા) શબ્દોને આપણે નિર્વાસિત શબ્દો કહીએ તો ચાલે.

શબ્દ દેશ્ય હોય, તત્સમ હોય કે તદ્ભવ હોય - શબ્દમાત્રની લખાવટ-છપાવટ અમુક નિયમોને આધીન હોય એ એકરૂપતા અને સામાજિક શિસ્તની દૃષ્ટિએ આવશ્યક ગણાય. શબ્દોમાં કયા અક્ષરો લખવા-જોડવા-છૂટા પાડવા તેની રીત કે લેખનપદ્ધતિ એટલે જોડણી. આવી જોડણી વિષયક ચર્ચા ઈ.સ. ૧૮૬૧માં નર્મદે શરૂ કરેલી અને ત્યારથી ઘણા મહાનુભાવોએ જોડણી માટેના નિયમો ઘડવા પ્રયત્નો કર્યા હોવા છતાં ગુજરાતી શબ્દોની જોડણીમાં એકસરખા નિયમોનું શાસન પ્રવર્તમાન નહોતું. છેવટે મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી ઈ.સ. ૧૯૨૯માં 'જોડણી કોશ' બહાર પડ્યો ત્યારથી જોડણી વિશેની અરાજકતા ઓછી થઈ. ગૂજરાત વિદ્યાપીઠ પ્રકાશિત આ જોડણીકોશે આપેલા જોડણી-નિયમો મહદંશે સ્વીકૃત થયા હોવા છતાં, છ દાયકા બાદ પણ, આ જોડણી જોઈએ એટલી ચલણી બની શકી નથી. આ વાસ્તવિકતાના બે ફલિતાર્થ છે :

(ક) જોડણીકોશે આપેલા જોડણી અંગેના ૩૩ નિયમો, પોતાનો હેતુ વધુ સારી રીતે સિદ્ધ કરવા સારુ, વધારે કાળજીપૂર્વક લખાવા જોઈતા હતા. જોકે આ જોડણી-નિયમો જ્યારે ઘડવામાં આવ્યા હશે ત્યારે બેશક, કચાશ વગરના જ લાગ્યા હશે, પણ તે પછી પાંચ-છ દાયકાના આપણા ભાષાવિકાસને પરિણામે પ્રસ્તુત નિયમોમાં કચાશ જણાય તેયે સ્વાભાવિક ગણાય. જોડણી-નિયમોના અમલીકરણનો અનુભવ તથા ભાષાવિકાસના પરિપ્રેક્ષ્યમાં જોડણી-નિયમોની શબ્દરચનાનું સંશોધન પણ આવશ્યક કરે છે.

(ખ) જોડણીના વર્તમાન નિયમોમાં મૂળગત ફેરફાર કરવા પણ જરૂરી છે. તત્સમ-તદ્ભવના ભેદ ન હોય, તથા વિકલ્પ-અપવાદ ન હોય કે બને એટલા ઓછા હોય અને અંગ્રેજી ભાષાની ખોટી અસરોથી મુક્ત હોય તેવા સરળ જોડણી-નિયમો ઘડવાનો સમય પાકી ગયો છે. આમ નહીં થાય ત્યાં લગી સાચી જોડણી અધરી જ રહેવાની.

આ બીજા ફલિતાર્થ અંગેની વિચારણા આ લખાણ માટે અપ્રસ્તુત ગણાવામાં આવી છે. પ્રથમ ફલિતાર્થની દિશામાં આપણે ત્યાં થોડાક પ્રયત્નો થયા છે. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી, શ્રી રતિલાલ સાં. નાયક, શ્રી ભરતરામ ભા. મહેતા વગેરેએ આ માટે કામ કર્યું છે. આમ છતાં આ માટે હજી વધુ પ્રયત્નોને પણ અવકાશ છે. કારણ કે આજની જેવી છે તેવી જોડણીના નિયમો વધુ સરળ ને સ્પષ્ટ રીતે સમજાવવાની પણ આવશ્યકતા રહે છે. આપણે એમ તો નજ કહી શકીએ કે **જોડણીના નિયમો મૂળગત રીતે સરળતમ ન બને ત્યાં સુધી અમને ખરી કે યોગ્ય લાગે તેવી જોડણી કરવા દો !**

તત્સમ શબ્દો એટલે સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, અરબી, ફારસી વગેરે ભાષાઓના એવા ને એવા ઉચ્ચારાર્થમાં સ્વીકૃત શબ્દો. સંસ્કૃત, હિંદી અને મરાઠી ભાષાના તત્સમ શબ્દો પારખવા પ્રમાણમાં સરળ છે કેમકે તેમાં લિપી પણ સહાયક બને છે. દેવનાગરી લિપી જો અન્ય ભાષાઓ પણ અપનાવે તો તત્સમતા જાણવા ને તુલના કરવાનું કામ ઘણું સરળ બને. ભિન્ન લિપીવાળી અન્ય ભાષાઓના શબ્દોની તત્સમતા ઉચ્ચારને આધારે નક્કી કરવામાં ક્યારેક ભૂલ થઈ જતી હોય છે. જોડણી કોશમાં પણ આવી ભૂલો જોવા મળે છે ! જોડણીકોશમાં 'સૉકેટીસ'ને બદલે 'સૉકેટિસ', 'ફુટ' ને બદલે 'ફૂટ' છે. ફારસીમાં શબ્દાંતે 'ઉં' હોતો નથી પણ કોશે 'જાદુ' અને 'બાજુ'ને વિકલ્પે તત્સમ ગણ્યા છે ! 'ખ્વાહિશ'ને જોડણીકોશે ફારસી તત્સમ ગણ્યો છે જ્યારે 'બૃહદ્ ગુજરાતી કોશ'કાર શ્રી કે.કા.શાસ્ત્રી 'ખ્વાહિશ'ને ફારસી 'ખાહિશ' પરથી તદ્ભવ ગણે છે !

જોડણીકોશ 'ખરચુ' શબ્દ આપે છે. બૃહદ્ ગુજરાતી કોશ 'ખર્ચું' આપે છે. આમ તદ્ભવ માન્ય રૂપોમાં કવચિત્ ભેદ પણ જોવા મળે છે.

હિંદી 'મક્ખીચૂસ' ગુજરાતીમાં 'મખ્ખીચૂસ' લખાય ત્યારે ક્ નો ખ્ કરવામાં આવે છે છતાં તે ગણાય તો તત્સમ ! કેટલાક ઇ-ઈ; ઉ-ઊના રૂપાંતરવાળા શબ્દોને પણ તત્સમ ગણવામાં આવે છે. હિંદી 'ડાકૂ' ગુજરાતીમાં 'ડાકુ' બને છતાં તે હિંદી તત્સમ શબ્દ ગણાય, જ્યારે તુર્કી 'કાબૂ'નું 'કાબુ' કરવામાં આવ્યું નથી ! વળી 'બૃહદ્ ગુજરાતી કોશ'કારે તો 'ડાકુ'ને અંગ્રેજીમાં 'ડેકૉઈટ' પરથી બનેલો તદ્ભવ ગણ્યો છે !

આ લખાણમાં જોડણીકોશે જે શબ્દને જે સ્વરૂપમાં તત્સમ ગણ્યો એને એ સ્વરૂપમાં તત્સમ ગણીને ચાલવાનું સામાન્યતઃ ઉચિત માન્યું છે. પરંતુ કોઈક જગ્યાએ એ મર્યાદા સહેતુક ઓળંગી પણ છે.

કેટલીકવાર આપણે તત્સમ શબ્દ જે ભાષામાંથી મેળવ્યો હોય તે ભાષામાં પણ તે શબ્દ બહારથી બીજી ભાષામાંથી આવેલો હોય છે. 'બૅંક', 'કૉફી' શબ્દો આપણે અંગ્રેજી તત્સમ ગણીએ છીએ પણ બૅંક મૂળે ઈટાલવી અને કૉફી મૂળે અરબી ભાષાના શબ્દ છે. અંગ્રેજી તત્સમ શબ્દ ગણાતો 'ચૉકલેટ' મૂળ તો મૅક્સિકી ભાષાનો શબ્દ છે. સંસ્કૃત કે ફારસી ગણાતો 'દીનાર' શબ્દ મૂળે ગ્રીક ભાષાનો છે. મીના, નીર, પિંડ, પંડિત, મહિલા, કાનન શબ્દો સંસ્કૃત લાગે છે. હકીકતમાં આ શબ્દો સંસ્કૃત ભાષાએ દ્રાવિડ ભાષામાંથી આયાત કરેલા છે.

આમ, શબ્દોની સફર ખૂબ વ્યાપક હોઈ ક્યારેક તેમનું કુળ નક્કી કરવું મુશ્કેલ બને છે. વ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રની એ બાબત બાજુ પર રાખી, ગુજરાતી શબ્દો પૂરતું જે ભાષામાંથી આપણે તે શબ્દ લીધો હોય તેને તે ભાષાનો તત્સમ શબ્દ ગણીશું.

ગુજરાત વિદ્યાપીઠે ઈ.સ. ૧૯૨૯માં પ્રયોજેલા જોડણીના ૩૩ નિયમો પૈકી બધા જ નિયમો આજે પણ ઉપયુક્ત છે તેમ ભાગ્યે જ કહી શકાય. પરંતુ તેનું ઐતિહાસિક મહત્ત્વ અવશ્ય છે. ઉપરાંત

નિયમોના મૂળભૂત ફેરફારનું મહત્ત્વ પણ તે પરિપ્રેક્ષ્યમાં વધુ સમજાય છે. આ દૃષ્ટિએ ગૂજરાત વિદ્યાપીઠના ૩૩ જોડણી-નિયમોની બધી જ વિગતો આ લખાણમાં આવરી લેવી ઉચિત ગણી છે. ઉપરાંત બીજી રૂઢિગત અને વિચારણીય બાબતોને આધારે રજૂ કરેલ કેટલાંક નિયમ-નોંધ પણ છે. જોકે આમ કરતાં જોડણીકોશના માળખા તથા પરંપરાની મર્યાદા જાળવવા પ્રયાસ કરેલ છે. એટલે જે થોડી ઉપરવટ જણાય તે કોશ શુદ્ધિના સૂચનરૂપ ગણવી યોગ્ય લેખાશે.

આ નિયમાવલીમાં આપણે પ્રથમ તત્સમ તથા તદ્ભવ ઉભય વર્ગના શબ્દોની જોડણીના નિયમો જોઈશું પછી તદ્ભવ શબ્દો માટેના નિયમો જોઈશું અને પછી સંસ્કૃત શબ્દોની તથા અંગ્રેજી તત્સમ શબ્દોની જોડણીના નિયમો તપાસીશું. (ક્રમશઃ) □

પ્રાપ્ત પ્રકાશનો

સમાધાન. નવોદિત ગઝલકાર ગણપત પરમાર, જવાહર વોરા, જશવંત મહેતા, ભાવેશ જેતપરિયા અને સુધાકર જાનીની ચૂંટેલી ગઝલોનું સોલિડ મહેતાએ કરેલું સંપાદન. (ક્રાઉન ૧/૧૬, કાચું પૂઠું, પૃ. ૬૪. પ્રકાશક : અતિથિ પ્રકાશન, સલાટ ફળી, હળવદ - ૩૬૩ ૩૩૦. કિં. ૨૦ રૂપિયા).

ચરોતરનાં લોકગીતો - એક ઝલક. રબારી, પ્રજાપતિ, ભરવાડ, પારસી, મુસ્લિમ, વાઘરી, રાજપૂત આદિ ચરોતરી લોકસમાજનાં હાલરડાં, શ્રમગીતો, સીમંત, જનોઈ, લગ્ન વગેરે વિવિધ પ્રસંગોનાં લોકગીતોનું વૈવિધ્ય દર્શાવતું ડૉ. ધર્મેન્દ્ર માસ્તર-મધુરમે કરેલું સંશોધનાત્મક સંપાદન. (પ્રકાશક : અજિત પ્રકાશન, સી/૮૭૫, કેસુરમામા ચકલા, ભરૂચ ૩૯૨ ૦૦૧ (ક્રાઉન ૧/૧૬, કાચું પૂઠું, પૃ. ૩૦૦, કિં. ૭૦ રૂપિયા).

શ્રેયસ્. સહજ સરળ રીતે અનેકવિધ વિચાર બિંદુઓને કેન્દ્રમાં રાખી લખાએલા ૪૩ ચિંતનલેખો. લેખક : હરજીવન થાનકી. (પ્રકાશક : યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન, 'હરિ ઓમ', જયંત સોસાયટી, મવડી પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૪, કિં. ૨૫ રૂપિયા)

ઇતિહાસ રેખા. અંગ્રેજકાલીન સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો, તેના વહીવટની રૂપરેખા, રાજપીપળાના ગૂહિલ વંશનો ઇતિહાસ, ચૂડા રાજ્યનો ઇતિહાસ, સમાજસુધારક કરસનદાસ મૂળજીનો લીમડી રાજ્યનો વહીવટ, ભારતીય સંસ્કૃતિમાં સૌરાષ્ટ્રનું પ્રદાન, ગુજરાતનાં કેટલાંક ઐતિહાસિક સ્થાનોનો પરિચય વગેરે તથા કેટલાંક પુસ્તકોનાં અવલોકન સાથેનું ઇતિહાસના જાણીતા અધ્યાપક પ્રો. મુગટલાલ પો. બાવીસીના લેખોનું માહિતીપ્રદ અને રોચક સંપાદન. (પ્રકાશક : પાર્થ પ્રકાશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ - ૧ ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૦૦, કિં. રૂ. ૨૫)

બિરદ છહુંતરી દુરસાજી આઢા રચિત મહારાણા પ્રતાપનું બિરદ કાવ્ય અને તેમને બિરદાવતા અન્ય દોહાઓનું માધવ મો. ચૌધરીએ કરેલું સંપાદન. (પ્રકાશક : મહેશ માધવ પ્રકાશન, 'પ્રેરણા', પુનાસણ (જગુદણ) જિ. મહેસાણા ૩૮૨ ૭૧૦. ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૩૧, કિં. રૂ. ૧૦).

ફૂલનો પર્યાય. કવિ શિવજી રૂખડા-'દર્દ'ની ગઝલોનો સંગ્રહ. (પ્રકાશક : કિશોરકુમાર રૂખડા, અમરપરા, બગસરા ૩૬૪ ૪૪૦. ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૬૨, કિં. રૂ. ૫.૫૦).

એક અદના આદમીની આત્મગાથા. બે પરિવાર વચ્ચેના મૈત્રીભર્યા ગાઢ સંબંધો અને તેમના સંયુક્ત કુટુંબવ્યવહારની એક અનોખી પ્રેરક સત્યકથા. લેખક - પ્રકાશક : ઘનશ્યામ બ. દેસાઈ (ડાકોરવાળા), ૧૦, સર્વોદય સોસાયટી, સરદાર પટેલ કોલોની, અમદાવાદ - ૧૩ (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૯૧, કિં. રૂ. ૧૨.૫૦).

ઋણાનુબંધ. વડોદરા પાસે સિંધરોટ ગામે રક્તપિત્તના દર્દીઓ માટે ચાલતી 'શ્રમમંદિર' નામની વસાહતના લાભાર્થે લખાએલી સારામાઠા પ્રસંગે વહેંચવા યોગ્ય, કર્મ અને પુનર્જન્મનું રહસ્ય સમજાવતી કથા. લેખક : રમણલાલ સોની. (પ્રાપ્તિસ્થાન : મનુભાઈ શાહ, ૧/બી, સિદ્ધાર્થ સોસાયટી, પૉલિટેકનિક પાસે, અમદાવાદ - ૧૫. ક્રાઉન, કાચું પૂંઠું, પૃ. ૩૬).

હળાહળ ઝેર કોમવાદનું. મુસ્લિમો વિષેની ગેરસમજ દૂર કરી કોમવાદ અંગે સ્વસ્થ તટસ્થ વિચારો રજૂ કરતી મનનીય પુસ્તિકા. લેખક - પ્રકાશક : ચીનુભાઈ ગી. શાહ, 'સ્વસ્થ માનવ', સી/૧૪ રમણકલા, સંઘવી હાઈસ્કૂલ રેલવે ફાટક પાસે, નારણપુરા, અમદાવાદ- ૧૩ (ડિમાઈ ૧/૩૨, કાચું પૂઠું, પૃ. ૬૪, કિં. રૂ. ૯).

પ્રાર્થનાપથ. ભાવનગર પરાની પ. રેલવે પ્રાથમિક વિદ્યાલયની સર્વોપયોગી પ્રાર્થના પોથી. સંપાદક : દાન ગઢવી અને રમેશભાઈ એમ. પનોત. (પ્રકાશક : પશ્ચિમ રેલવે પ્રાથમિક વિદ્યાલય, ભાવનગર પરા, ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૨૬. કિંમત જણાવી નથી). □

નવી પરિચય પુસ્તિકાઓ

ઠૂમરી હિંદુસ્તાની સંગીતના એક બહુ જાણીતા અને પ્રચલિત ગાનપ્રકાર ઠૂમરીનો ટૂંકમાં પણ વિગતે ઇતિહાસ, તેના પ્રકારો અને તેના પ્રવર્તકો વગેરેનો અચ્છો પરિચય કરાવતી પુસ્તિકા. લેખક : બટુક દીવાનજી.

ગુજરાતનાં વિકાસગૃહો અને તેનું કાર્ય તથા તેનાં અગ્રગણ્ય સંચાલિકા બહેનોનો પરિચય કરાવતી પુસ્તિકા. લેખક : અરુણાબહેન દેસાઈ.


બે કોરિયા વિશ્વયુદ્ધ પછી ઉત્તર-દક્ષિણ બે ભાગમાં વિભાજિત થઈ ગએલા અને વિશ્વયુદ્ધ પછી સૌથી ખતરનાક યુદ્ધ ખેલનારા કોરિયાના ઇતિહાસ અને વર્તમાનનો પરિચય આપતી પુસ્તિકા. લેખક : હેમન્તકુમાર શાહ.

ગ્રીન હાઉસ ઇફેક્ટ. પૃથ્વી પરના માનવસર્જિત પ્રદૂષિત વાતાવરણને કારણે પેદા થએલી ચિંતાજનક પરિસ્થિતિની વિગતે સમજ તથા તેના ભયજનક પ્રશ્નોની છણાવટ કરતી માહિતીપ્રદ પુસ્તિકા. લેખક : અરુણકુમાર મ. દવે

સ્વાયત્ત કૉલેજો. સ્વાતંત્ર્યોત્તર ભારતના કથળી ગએલા શિક્ષણક્ષેત્રમાં સુધારણા કરવાના એક ઉપાય રૂપ તેમાં સ્વાયત્તતા આણવાના પ્રયાસો અંગે વિગતે ચર્ચા કરતી પુસ્તિકા. લેખક : મનસુખ સલ્લા.

મધુરીબહેન શાહ. શિક્ષણક્ષેત્રે અનેક ઉચ્ચ સિદ્ધિઓ પામનાર અને એસ.એન. ડી.ટી. યુનિવર્સિટીનાં ઉપકુલપતિ પદ્મશ્રી વિદુષીની વ્યાપક પ્રતિભાનો પરિચય કરાવતી પુસ્તિકા. લેખક : સુરેશ દલાલ

(પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરીઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૨. દરેક પુસ્તિકાની કિંમત રૂ. ૪). □



મને તડકો ગમે રે ઘણો પોષનો!
ઉત્તરના વાયરાની લહરીની સંગ સંગ
સ્પર્શ એનો લાગે સંતોષનો.


રાજેન્દ્ર શાહ

રામુ પંડિતનું નિધન

સતત ઉદ્યમી અર્થશાસ્ત્રી અને અર્થશાસ્ત્ર-વિષયક લેખોના સર્જક રામુ પંડિતનું ૧૯૯૧ના ડિસેમ્બરમાં સૂરત મુકામે અવસાન નિપજ્યું છે તે ઘટના પ્રસ્તુત ક્ષેત્રની આઘાતક બીના છે. એમનો જન્મ ૧૯૨૭ના એપ્રિલની ૧લી તારીખે વિસનગરમાં થયો હતો. ૧૯૪૮માં અમદાવાદની એચ.એલ.કોલેજ ઑફ કૉમર્સમાંથી તેઓ બી.કૉમ થયા હતા અને અમેરિકાની એમ.એ. તથા એમ.બી.એ.ની ડિગ્રીઓ મેળવી હતી. એચ.એલ.કૉમર્સમાં હતા ત્યારે આચાર્ય એસ.વી.દેસાઈના પ્રિય છાત્રોમાંના તેઓ એક. અર્થશાસ્ત્રનો ઊંડો રસ પણ ત્યાંથી જ લાગ્યો. એમણે કારકિર્દીનો આરંભમાં સધર્ન કેલિફોર્નિયા તથા વડોદરા તેમજ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપનથી કરેલો. જમનાલાલ બજાજ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ તથા કૅલિફોર્નિયાની કેમ્પસ અફલોટ રોપમેન કોલેજના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે પણ સેવાઓ આપેલી.

'જન્મભૂમિ-પ્રવાસી' તથા 'સંદેશ'માંની એમની કટારોમાં એમની ધારદાર મેધા અને સ્વસ્થ તર્કશક્તિનાં દર્શન થતાં - ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર્સનું એમણે સફળતા અને કુશળતાપૂર્વક મંત્રીપદ સંભાળેલું. ત્યાંથી નિવૃત્ત થઈ ફ્લોરિડા યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો માટે ગએલા. તેઓ મુંબઈ રોટરીમાં પ્રમુખ પણ રહી ચૂકેલા. સતત ઉદ્યમી સખત કર્મઠ આદમી. જીવન અને જાહેર વ્યવહારમાં વ્યવસ્થાના દૃઢાગ્રહી. પોતાના નિવૃત્તિકાળમાં તેઓ વેસ્ટર્ન રિજીઅનના મૅનેજમેન્ટને પોતાનો સમય આપતા રહ્યા હતા. વળી, વાડીલાલ ડગલીએ શરૂ કરેલી પરિચય ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં પણ એમણે સૂઝપૂર્વક પોતાનો સમય ફાળવ્યો હતો.

મનુષ્ય તરીકે રામુ પંડિત ઉમદા અને પરગજુ. સ્વભાવ મિલનસાર અને માયાળુ. સમાજહિતનાં અનેક કાર્યોમાં વ્યસ્ત રહેવાની મનોવૃત્તિ. એક સાચા બૌદ્ધિકને છાજે એ રીતે સાંપ્રતની અનેક સમસ્યાઓમાં



સંડોવાય. આમ છતાંય ક્યાંય ભારેખમ નહિ. એમણે 'એડમ સ્મિથ' (૧૯૭૬) 'જિમી કાર્ટર' (૧૯૭૮), 'વાલચંદ હીરાચંદ' (૧૯૮૩) આદિ સુવાચ્ય ચરિત્રો લખ્યાં છે તો 'ગુજરાતી સાહિત્યમાં લગ્નભાવના' અને 'આર્થિક આયોજન' જેવાં પુસ્તકો પણ આપ્યાં છે. અર્થશાસ્ત્ર જેટલો જ સાહિત્યમાં પણ એમને રસ. એમના જવાથી એક નિખાલસ અને નિરાભિમાની સજજન તેમજ ઊંડો અભ્યાસી અર્થશાસ્ત્રી ગુમાવ્યાની સહુને લાગણી થશે. (સંકલિત)

દાદુરની દુનિયા

રોબર દેડકાં (Robber Frogs)



RICORD ROBBER FROG



Tadpole in Egg (magnified 3 times)

આ પ્રકારના દેડકાઓનો અવાજ કૂતરાનાં ભસવા જેવો હોવાથી તેઓ ભસતા દેડકા તરીકે પણ ઓળખાય છે. મૂળભૂત રીતે આ જાતિ વેસ્ટ ઈન્ડિયન છે. ધીમે ધીમે તે આગળ ફેલાઈને આજે ગલ્ફ અને ફ્લોરિડા સુધી પહોંચી છે. આ એક જ મૂળ જાતિ અત્યારે હયાત છે કે જે ચૂનાના પથ્થરોની કોરોમાં કે કોતરોમાં વસે છે. આ દેડકા ભેજયુક્ત વાતાવરણમાં જમીનની ફાટોમાં ઈંડાં મૂકે છે.

બીજા દેડકાઓ જેમ તેમનાં ડિમ્ભ (tadpoles) ઈંડાંમાંથી બહાર આવતા નથી, પરંતુ ઈંડાંમાં જ વિકાસ પામી શિશુ દેડકા તરીકે તે બહાર આવે છે. આ દેડકાં નાનાં, જાડાં અને પહોળાં ચપટાં માથાવાળાં હોય છે. ફ્લોરિડાની નાજુક જાતિ ૧.૫ સે.મીથી ૩ સે.મી જેટલી હોય છે. ટેક્સાસની જાતિ મોટી હોય છે. અને તે લગભગ પથી ૯ સે.મી. લાંબી હોય છે. રોબરની ત્રણે જાતિઓ ઘેરા રંગની હોય છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

મકરસંક્રાન્તિ

આકાશમાં સૂર્ય જે માર્ગે ગતિ કરતો દેખાય છે તે માર્ગને ક્રાન્તિવૃત્ત કહે છે. આ માર્ગે ડિસેમ્બરની ૧૬મીથી ૧૩ જાન્યુઆરીના દિવસોમાં સૂર્ય વિષુવવૃત્તથી વધુમાં વધુ દૂર દક્ષિણે ધનુ રાશિમાં હોય છે. દક્ષિણે તે છેક છેટેની રાશિ હોઈ તેને અંત્યજ સમજીને આ સમયગાળાને અશુભ માની તેમાં આપણે ત્યાં કોઈ શુભકાર્યો થતાં નથી. ધનુ રાશિમાં યે ૨૨ ડિસેમ્બરે છેક દૂરના દક્ષિણબિંદુએ પહોંચ્યા પછી બીજા દિવસથી તે ફરી ઉત્તર તરફ વળે છે. એટલે ૨૨ ડિસેમ્બરે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત્રિ હોય

છે. ૨૩ ડિસેમ્બરથી સૂર્ય ઉત્તર તરફ જાય છે. સૂર્યનું આ ઉત્તર તરફ જવું તે 'ઉત્તરાયન'. અને આમ થતાં સૂર્ય ધનુ રાશિ છોડી મકર રાશિમાં પ્રવેશે તે દિવસ- એટલે કે હાલમાં ૧૪ જાન્યુઆરી તે 'મકરસંક્રાન્તિ'. પણ આપણે ઉત્તરાયણ અને મકરસંક્રાન્તિ એક સાથે ઊજવીએ છીએ. ઓછાવધતા તફાવત સાથે આપણા દેશમાં આ પર્વનો મોટો મહિમા રહ્યો છે, અને તેની ઉજવણીમાં તલ તથા ગોળનું વિશેષ માહાત્મ્ય છે. સામાન્યતઃ તિલતર્પણ કરી દેવોની પૂજા, સૂર્યદેવનાં વ્રત તેમજ તીર્થસ્નાન, શ્રાદ્ધ અને દાન ઈત્યાદિનું મહત્ત્વ છે.

મહારાષ્ટ્રમાં તલ-ગોળની વાનગી આપી લોકો એકબીજાને હળેમળે છે, અને 'તિલગુળ દયા આણિ ગોડગોડ બોલા' કહી શુભ વચન બોલવાની ભાવના વ્યક્ત કરે છે. સ્ત્રીઓ 'હળદી-કંકુ' કરી ખાંડ ચડાવેલા તલ-'હલવો' આપે છે.

બંગાળમાં ગોળ-ખજૂરના રસમાં તલ નાખી બનાવેલ 'તિળુઆ' આપે કે ચોખાના લોટમાં સાકર નાખી બનાવેલ 'મિષ્ટક' આપે. આના પરથી મકરસંક્રાન્તિ તેઓ 'તિળુઆસંક્રાન્તિ' કે 'મિષ્ટકસંક્રાન્તિ' પણ કહે છે.

એક ધાર્મિક માન્યતા છે કે સંક્રાન્તિ એક દેવી છે. સંકરાસુરનો નાશ કરનારી આ દેવીને અનેક હાથ છે. વિવિધ વાહન પર બેસી દર વર્ષે તે એક દિશામાંથી બીજી દિશામાં જાય છે, અને અમુક દિશા તરફ તેની દૃષ્ટિ રહે છે. તેના વાહન, તેની ગતિની દિશા, તેની દૃષ્ટિની દિશા વગેરે પરથી જ્યોતિષીઓ તે વર્ષનું ફળ ભાખે છે.

દક્ષિણ ભારતમાં આ વખતે 'પોંગળ' નામે ત્રણ દિવસનો ઉત્સવ મનાવાય છે. તમિળનાડુમાં તેનું મોટું માહાત્મ્ય છે. લગભગ મહિના પહેલાંથી તેની તૈયારી ચાલે છે. તમિળ પંચાંગ પ્રમાણે 'મર્ગલી' (માગશર) વર્ષનો છેલ્લો માસ છે અને તે અશુભસૂચક અને રોગકારક ગણાય છે. એટલે તેના નિવારણાર્થે કંઈ ને કંઈ વિધિવિધાન ચાલે છે. આ કાળમાં શિવની સાભિષેક પૂજા સાથે સ્ત્રીઓ ઘરનું આંગણ સજાવે છે. વિઘ્નહર્તાના પ્રતીક તરીકે કોપરાનો એક ગોળો બનાવી તેને ફૂલહાર પહેરાવી પૂજે છે અને સાંજે તેને આંગણના એક ખૂણામાં મૂકી દે છે. ઉત્સવના છેલ્લા દિવસે આવાં પ્રતીકોની પૂજા કરી, વાજતેગાજતે તેની શોભાયાત્રા કાઢી ગામબહાર તેનું વિસર્જન કરે છે.

ત્રણ દિવસના આ ઉત્સવનો પહેલો દિવસ 'ભોગી પોંગલ' કહેવાય છે. તે દિવસે ઇન્દ્રની પૂજા તથા આમજનો સાથે મિષ્ટભોજન કરે છે.

બીજો દિવસ સૂર્ય અથવા 'પેરુમ પોંગલ' કહેવાય છે. સુવાસિની સ્ત્રીઓ નાહીધોઈ આંગણમાં દૂધભાતની ખીર બનાવે. ખીર ઊકળે એટલે 'પોંગળ' એમ મોટેથી બોલે અને ખીર થઈ જતાં સૂર્ય તથા ગણપતિને તેનું નૈવેદ્ય ધરી તથા ગૌભાગ કાઢી સૌ પ્રસાદ લે અને સગાં સ્નેહીને ત્યાં જઈ 'પોંગળ પોંગળ' બોલવા સાથે હળેમળે.

ત્રીજો દિવસ તે 'પુટ્ટુ પોંગળ'. તે દિવસે સવારે ગાયને કેસરયુક્ત જળથી નવરાવી તેને ફૂલમાળા વગેરેથી શણગારે અને આખો દિવસ મુક્ત રાખે. ક્યાંક ક્યાંક ખાદ્યપદાર્થોની માળા પણ પહેરાવે. તેમને મિષ્ટ ખાદ્ય ખવરાવે. સાંજે દેવમૂર્તિ સાથે વાજતેગાજતે તેમની શોભાયાત્રા કાઢી ઇષ્ટ સ્થળે લઈ જાય. ત્યાં ગાનવાદન અને નૃત્ય પણ થાય અને પછી આ ઉત્સવનું સમાપન થાય.

ગુજરાતમાં આ દિવસે પતંગ ઉડાવવાનો પણ એક લોકપ્રિય ચાલ છે. સૌરાષ્ટ્ર બાજુ મકરસંક્રાન્તિને 'ખીસર' પણ કરે છે. સાસરે ગએલી બેનદીકરીને 'ખીસરનો ખીચડો' આપવાનો પણ ત્યાં રિવાજ છે, જેમાં નવાં વાસણ સાથે ઘઉં વગેરે અને ઋતુનાં શાકપાન તથા ઋતુનાં ફળ સાથે ખાસ તો મોટાં બોર તથા શેરડી અપાય છે. આ દિવસે ઘઉંનો 'ખીચડો' ખાવાનો પણ ગુજરાત- સૌરાષ્ટ્રમાં રિવાજ છે. પણ લગભગ બધા પ્રદેશમાં આ દિવસે તલ અને ગોળનું ખાસ મહત્ત્વ છે. ઠંડીની આ ઋતુમાં આ બંને જરૂરી પણ છે જ ને ?

લાંબી ઠંડી રાત્રિઓનો અંત નવા વર્ષનો આરંભ કે વસંતના આગમનનું સૂચન કરતું આ પર્વ પ્રદેશાનુસાર વિવિધ કારણોસર અને વિધવિધ રસમ-રિવાજ મુજબ આપણા દેશમાં લગભગ સર્વત્ર ઉજવાય છે.

ઉત્તર ઇટાલીના ઢળતા મિનારા

સ્થાપત્યની એક અજાયબી ગણાતો પિઝાનો ઢળતો મિનારો તો દુનિયભરમાં ખ્યાત છે, પણ એ એક જ નહિ, આ તરફના બીજા પણ કેટલાક મિનારા ઢળતા છે.

ઉત્તર ઇટાલીમાં આર્નો નદી દ્વારા ખેંચાઈ આવેલી રેતી અને પથ્થરોના બહુ ઊંડા થર ઉપર પિઝા વસેલું છે. આવા પોચા થર ઉપર પિઝાના મિનારાનો પાયો માત્ર દસ જ ફૂટ ઊંડો તથા એ મિનારાના બાંધકામના જેટલો જ ગોળાકારે છે. રેતી વગેરે જેવા પોચા થર ઉપર બાંધકામ કરવું જોખમી હોવાનું તો લોકો સદીઓથી જાણે છે અને છતાંયે જો બાંધકામ કરવું જ હોય તો તેનો પાયો મૂળ ઇમારત કરતાં વધુ પહોળા વિસ્તારમાં ફેલાયેલો રાખવો જોઈએ કે જેથી ઇમારતનું વજન વધુ પહોળાઈમાં ફેલાઈ શકે. ઉત્તર ઇટાલીના પિઝા અને તેની પાસેના પ્રદેશના સ્થપતિઓ સિવાય બધે જ આ નિયમનું પાલન થતું આવ્યું છે. આ પ્રદેશમાં આવા બહુ ઊંચા ઘંટ-મિનાર દેવળથી અલગ જ બંધાયેલા છે અને એના ટેકા માટે આજુબાજુમાં પણ કંઈ બાંધકામ જોવા મળતું નથી. અન્યત્ર બધે આવા મિનાર દેવળની સાથે જ જોડાયેલા હોય છે. એથી એ ઊંચા મિનારને ટકી રહેવામાં ટેકો મળે છે. પણ ઇટાલીના આ વિસ્તારમાં આમ થયું નથી. કેમ કે એવા દરેક ઊંચા ભારે મિનારને કારણે દેવળની ભીંતોમાં તિરાડો પડી કાળાંતરે એ દેવળો તૂટી પડ્યાં છે. કદાચ આથી જ અહીં આવા ઘંટ-મિનારો અલગ બંધાયા હશે.

પિઝામાં આ ઢળતો મિનાર તથા દેવળ એકબીજાથી અલગ બંધાયેલા છે. બંનેનું બાંધકામ આરસપાણનું છે. દેવળ પહોળા પાયા ઉપર રચાયેલું હોઈ હજી યે ઢળ્યા વિના ઊભું છે, જ્યારે એનો આ વિખ્યાત મિનાર એક બાજુ ઢળેલો છે, એટલું જ નહિ, વર્ષોવર્ષ એ વધુ ને વધુ ઢળતો જાય છે. વધુ ઢળતો જઈ તેને તૂટી પડતો અટકાવવા અનેક ઉપાયો વિચારાતા રહ્યા છે. વર્ષો પહેલાં તેની ઢળવાળી બાજુએ પાયામાં સિમેન્ટ પૂરવામાં આવેલો એથી એને ટકી રહેવામાં થોડી મદદ તો મળી પણ તેનું ઢળવાનું અટક્યું નહિ. ઇજનેરો માને છે કે હજી એના પાયા તળે દસ હજાર ટન સિમેન્ટ પૂરવો જરૂરી છે.

ઈ. ૧૧૭૪માં તેનું બાંધકામ શરૂ થયેલું. એની ૧૭૯ ફુટની ઊંચાઈમાં ૮ માળ બંધાયેલા છે. ૩૦૦ પગથિયાં ચડી તેની ટોચે પહોંચાય છે, જ્યાંથી પિઝા શહેર તથા ત્યાંથી ૬ માઈલ દૂર ઘૂઘવતા સાગરનું સુંદર દૃશ્ય જોવા મળે છે. ઈ. ૧૩૫૦ સુધી યે તેનું બાંધકામ પૂરું થયું નહોતું. પ્રથમ ત્રણ માળ બંધાયા ત્યારથી જ તે ઢળવા માંડેલો અને છતાં યે તેની ઉપરનું બાંધકામ ચાલુ રહેલું. સદીઓ પછી

આજે યે આ મિનાર ઢળતો જાય છે અને છતાં એનું બાંધકામ હજી અકબંધ છે.

પિઝાના આ મિનાર ઉપરાંત ઉત્તર ઇટાલીમાં બીજા પણ ઢળતા મિનારા છે. આ પ્રદેશના મધ્યકાલીન સ્થપતિઓ આવા ઊંચા ઊંચા મિનારાનું સાંકડા પાયા ઉપર બાંધકામ કરીને જાણે-અજાણે એક અશક્ય એવું કામ કરી ગયા છે.

પિઝા પછી બોલોનામાં આવા ઢળતા મિનારા છે. મધ્ય યુગના રઈસ પરિવારો ઊંચા મિનારા બંધાવવામાં અભિમાન લેતા હતા એવું લાગે છે. કારણ કે મૂળ તો દેવળના ઘંટ માટે આવા ઊંચા મિનાર બંધાતા. પણ કેટલાક મિનાર તો કેવળ ઊંચા મિનાર તરીકે અને બંધાવનારની સમૃદ્ધિના પ્રદર્શન તરીકે જ બંધાયેલા લાગે છે - ઘંટના મિનાર તરીકે નહિ. અલબત્ત, ઢળતા મિનાર તરીકે તો તે કદાચ નથી જ બંધાયા.

બોલોનાના નગરચોકમાં જ આવા બે મિનાર છે. એમાંનો એક 'તોરે દેગ્લી આસીનેલી' ઇ. ૧૧૦૯માં બંધાયો હતો. એ ૩૨૦ ફુટ ઊંચો છે અને લંબરેખાથી ૪ ફુટ ઢળતો છે. તેની નજીકમાં જ ઇ. ૧૧૧૦માં ફિલિપ્પો અને ઓડો ગારીસેન્ડી નામના બે ભાઈઓએ બંધાવેલો 'લા ગારીસેન્ડી' નામે ઓળખાતો ૧૬૩ ફુટ ઊંચો મિનાર છે. તેનું બાંધકામ અધૂરું જ રહેલું છે. આ મિનાર લંબરેખાથી ૧૦ ફુટ ઢળતો છે.

ગ્વેરેમાનીનો સેન્ટ જેકોમાના દેવળના ઘંટનો મિનાર, 'પેલાઝો ડેલ પોડેસ્ટા મિનાર' તથા ગામની નગરપાલિકાના મકાનનો 'પેલાઝો પબ્લિકો' મિનાર પણ આવા જ છે.

મોડેનામાં 'લા ઘીરલાન્ડિ'ના નામે ઓળખાતો મિનાર છે ૩૩૫ ફુટ ઊંચો. આ મિનાર ઇ. ૧૨૨૪ થી ૧૩૧૯ દરમિયાન બંધાયેલો. આ મિનાર પોતે તો ઢળતો છે જ, પણ તેની પાસેનું દેવળ પણ લંબરેખામાં નથી.

આમ, પિઝા જ નહિ બોલીના અને મૉડેના વગેરે સ્થળોના મિનારા પણ ઢળતા છે. ઇટાલીના ઉત્તર પ્રદેશના આ ઢળતા મિનારા, અમદાવાદના ઝૂલતા મિનારા જેમ એક આગવું રહસ્ય પ્રકટાવે છે.

દેશ-વિદેશ સંબંધો

પોતાની ભૌગોલિક સીમાની પાર દૂરદૂરના દેશો સાથે ભારતે વ્યાપારિક તેમજ રાજકીય સંબંધો વિકસાવ્યા હોવાના અનેક ઐતિહાસિક પુરાવા મળે છે. ચંદ્રગુપ્ત (ઇ. પૂર્વે ૩૨૨-૨૯૮) ના દરબારમાં ગ્રીક એલચી મેગેસ્થનીસની હાજરી તથા વાતાપીના ચૌલુક્ય રાજા પુલકેશી (ઇ. ૬૨૫)એ ઇરાનના ખુશરૂ બીજાના દરબારમાં પોતાનો એલચી મોકલ્યાની વાત જેવાં અનેક દૃષ્ટાંતો તેની સાક્ષી પૂરે છે. દક્ષિણ ભારતમાં અનેક સ્થળેથી મળી આવેલા રોમન સામ્રાજ્યના ચલણી સિક્કાઓ ભારતના રોમ સાથેના વ્યાપારી સંબંધોની ગવાહી આપે છે. એ પછી યે એક યા બીજા કાળમાં આવા સંબંધો ઓછા-વધતા પ્રમાણમાં ચાલુ જ હતા તેમ અનેક મુદ્દાઓ પરથી જાણવા મળે છે. ઇ. ૧૩૩૮માં મુગલ સમ્રાટોની સત્તાને ફગાવી દઈ બંગાળમાં મલિક ફખરૂદ્દીને પોતાની સ્વતંત્ર સલ્તનત સ્થાપી હતી. આ પછી બંગાળના સુલતાનોએ ચીન સાથે એલચીઓની આવનજાવનનો વહેવાર પણ શરૂ કર્યો હતો. કેટલીક ચીની નોંધો પરથી જણાયું છે કે ઇ. ૧૩૪૪થી ૧૩૫૬ દરમિયાન સુલતાન શમ્સઉદ્દીનના રાજકાળમાં તેને ત્યાં યુશિએન તથા ફિન-શિએન નામના બે ચીની રાજદૂતો આવ્યા હતા. આની સામે ઇ. ૧૪૦૮, ૧૪૧૦, ૧૪૧૧ અને ૧૪૧૨માં બંગાળે પણ મિંગ સમ્રાટને ત્યાં પોતાના રાજદૂતો મોકલ્યા હતા. ઇ. ૧૪૧૪ની ૨૦ સપ્ટેમ્બરે બંગાળના સુલતાન સૈફુદ્દીને અનેક કિંમતી ભેટસોગાદો સાથે મોકલેલા એલચીની વાત રસપ્રેરક છે. ચીની દસ્તાવેજોમાં મળેલી આ ભેટ સોગાદની યાદી સાથે એક રસપ્રદ ચિત્ર પણ મળેલું છે. રેશમી પટ ઉપર એક જિરાફનું આલેખન છે. ચીનના એક દરબારી કવિ-ચિત્રકાર શિન-તુએ બંગાળથી ભેટમાં આવેલા એક જીવતા જિરાફ પરથી તે આલેખવા સાથે એણે ચીનના સમ્રાટની પ્રશસ્તિ લખી છે. જિરાફને ચીનમાં શુકનવંતું માનવામાં આવતું હશે તે પરથી તેણે આ ભેટને શુકનિયાળ ગણાવી છે. છેક ઇ. ૧૪૧૪ ના અરસામાં બંગાળનો સુલતાન ચીનના સમ્રાટને જીવતું જિરાફ ભેટ મોકલે એ હકીકત ખરેખર રસ પ્રેરે તેવી છે. શિન-તુએ ચીતરેલા એ રેશમી પટનું રેખાંકન અહીં આપ્યું છે.



(ઓ. સી. ગાંગુલી એક નોંધ પરથી ટૂંકાવીને)

વજ

દેશી ઓસડિયાંમાં 'વજ'નું નામ અજાણ્યું નથી. મૂળ તો બ્રહ્મદેશ અને આસામ તરફ થતી આ વનસ્પતિનાં મૂળ ઔષધીય ગુણવાળાં છે અને ગાંધીને ત્યાંથી મળી રહે છે. આપણે તેને 'ઘોડાવજ' તેમજ 'ગંધીલા વજ'ના નામે પણ ઓળખીએ છીએ. તેની વાસ ઉગ્ર તથા તેનો સ્વાદ કડવો-તીખો હોય છે. વજની એક જાત ઈરાન તરફથી પણ આવે છે તે તેના રંગને કારણે 'ધોળા વજ' કે 'ખોરાસાની વજ' નામે ઓળખાય છે. પણ આપણે ત્યાં બહુધા 'ગંધીલો વજ' જ પ્રચલિત છે. કહેવાય છે કે તૈમૂર લંગની સાથે એક ખુશબો તરીકે હિંદમાં વજનું આગમન થએલું અને પછી તો અહીં પણ તેનું વાવેતર થવા લાગ્યું.

આ વજ તથા જેઠીમધની ફાકી બનાવી મધ સાથે ચાટવાથી શરદીથી થએલી ઉધરસ મટે છે.

માથાના સખત દુખાવામાં ચોખાના લોટમાં વજ મેળવી તેનો લેપ ચોપડવાથી દુઃખતું માથું હળવું થઈ જાય છે. ખાંડેલા વજની પોટલી કરી સૂંઘવાથી સળેખમ તથા શરદી મટે છે. ઘઉંના ૧૦ થી ૧૨ દાણા જેટલા (વજનમાં) વજનું નિયમિત સેવન કરવાથી દમમાં રાહત મળે છે. દસેક ઘઉંભાર વજ દૂધમાં લેવાથી શરદીને લીધે ગળામાં આવેલો સોજો બેસી જઈ ગળફો અને ખરેરી પણ દૂર થાય છે.

અતિસાર, શૂળ, ઘેલછા, અપસ્માર વગેરેમાં વજ એક અસરકારક ઔષધ ગણાય છે. વજ વધુકા પ્રમાણમાં લેવાથી તુરત ઉલટી થાય છે, એટલે કફ કાઢી ન શકે તેવા અશક્ત દર્દીઓને સાવચેતીપૂર્વક વજનો ઉપયોગ કરી ઉલટી દ્વારા કફ કાઢવાનો પ્રયોગ પણ કરવામાં આવે છે. □

આવત ગાલી એક હૈ, ઊલટત હોત અનેક
કબીર જો ઊલટત નહીં, તો રહે એક હી એક.

ભારતના વિભાજનકાળની વાત છે. વીસ વર્ષના એક મુસ્લિમ પર હિન્દુમુસ્લિમ હત્યાકાંડે ભારે અસર પાડી. જીવન-મૃત્યુના સંદર્ભે એ વિચારે ચઢી ગયો. સ્વામી દયાનંદ સરસ્વતીના ગ્રંથ 'સત્યાર્થ-પ્રકાશ'ના વાચને ત્યારે એને જીવનનો નવો રાહ ચીંધ્યો. હરિયાણાના રોહતક જિલ્લાના ફરમાના ગામના મુસ્લિમ મુન્શી પરિવારમાં જન્મેલો યુવાન સંસાર-ત્યાગી બન્યો અને નામ ધારણ કર્યું સ્વામી સત્યપતિ પરિવ્રાજક. સાબરકાંઠાના રોજડ ગામે તેમની નિશ્રામાં ત્યાંની વેદશાળામાં વેદદર્શન અને યોગનું જ્ઞાન અપાય છે. કોઈપણ ધર્મનિરપેક્ષ આ પરિવ્રાજક પ્રજાજનાને સાચું જીવનસુખ શામાં છે તે યથાર્થ રીતે પ્રબોધે છે.

¤

કહેવાય છે કે તેતર પંખી સૌથી વધુ સંખ્યામાં ઈંડાં મૂકે છે - પંદર જેટલાં.

¤

નવજાત શિશુને જ્યારે દાંત આવવાની વેળા થાય છે ત્યારે કોઈને કોઈ શારીરિક નબળાઈનો - રોગનો એ ભોગ બને છે. આ સંજોગોમાં મધ સાથે વજનું ચૂર્ણ ચટાડવાથી ફાયદો થાય છે. આવા સમયે ઝાડા-ઊલટી થતાં હોય તો બાલચાતુર્ભદ્ર ચૂર્ણ પણ મધ સાથે ચટાડવાથી લાભ થાય છે.

¤

સમાનાર્થી કહેવત

કરતા હોય સો કીજિયે, ઔર ન કીજે કગ;
માથું રહે શેવાળમાં (ને) ઊંચા રહી જાય પગ.

હંસની નકલ કરવા જતાં બેહાલ થઈ ગએલા કાગડાની જાણીતી દૃષ્ટાંતકથા વણી લઈને પોતાનું જે કામ (કે ક્ષમતા) હોય તે જ કરવામાં હિત છે તેવું પ્રબોધતો કહેવત સમો આ દોહરો બહુ જાણીતો છે. આવો જ બોધ આપતી અન્ય કહેવતો:

જેનાં કામ તે તેથી થાય, બીજા કરે તે ખતા ખાય.
આજાણી વાતમાં માથું મારે તે પોતાનો વકકર હારે.
તેલીનું કામ તંબોળી કરે તે ચૂલામાં આગ ઊઠે
આપણો રસ્તો લીજીએ ને શીખ્યો ધંધો કાજીએ.

¤

વિશ્વમાં ઊંચામાં ઊંચો ધોધ ન્યૂઝીલેન્ડમાં આવેલો 'સધરલૅન્ડફૉલ્સ' છે.

¤

૧૯૯૧માં કેનેડા ખાતે ન્યૂ ગ્લાસગોમાં ફટડ કિલોગ્રામ લોટમાંથી ૪૯.૫ મીટર પિત્ઝા બનાવવામાં આવ્યો હતો.

¤

વેલ્સમાં આવેલો અર્ધો માઈલ લાંબો બારમાઉથ નામનો પુલ અર્ધો લોખંડ છે અને અર્ધો લાકડાનો. આમ કેમ તે જાણો છો ? પુલ બાંધતી વખતે નાણાં ખૂટી ગયાં હતાં એટલે!

¤

બીજા વિશ્વયુદ્ધ વખતે અંધારપટમાં ચમકે તેવાં બટનની શોધ થએલી. પ્રકાશમાં વધુ જોઈ શકે છે.

¤

આસમાની આંખોવાળા કરતાં ભૂખરી આંખોવાળા માણસો ઝાંખા પ્રકાશમાં વધુ જોઈ શકે છે.

¤

ગણિતગમ્મત

૧૧^2 = ૧૨૧
૧૧૧^2 = ૧૨૩૨૧
૧૧૧૧^2 = ૧૨૩૪૩૨૧
૧૧૧૧૧^2 = ૧૨૩૪૫૪૩૨૧

¤

તમે જાણો છો કે ગાયની જીભ પર મનુષ્યની જીભ પર હોય છે તેના કરતાં પાંચગણા સ્વાદુપિંડો હોય છે ?

¤

ઊનનાં કપડાંને શિયાળો જતાં મૂકી દેવાનાં હોય ત્યારે તેમાં તમાકુના પાનના ભૂકાની પડીકી મૂકવાથી વસ્ત્રોનું જીવાતથી રક્ષણ થઈ શકશે.

¤

રસોઈ બનાવતી વેળા જો દાળ કે શાક કાળાં પડી જતાં લાગે તો તેમાં લીંબુ નીચોવી જોજો.

¤

વર્તન એક એવું દર્પણ છે કે જેમાં સજ્જન કે દુર્જન મુખ છુપાવી રાખી શકતો નથી. વર્તન રૂપી દર્પણમાં દરેકનો ચહેરો સ્પષ્ટ દેખાય છે.
- રામકૃષ્ણ પરમહંસ

કાનમાં જો કોઈ જીવજંતુ પેસી જાય તો પીલુડીના પાનનો રસ કાનમાં નાખવાથી જીવજંતુ મરી જશે અને તરીને બહાર નીકળી આવશે.

¤


ઉકાળેલા એક કપ પાણીમાં ૧ ચમચી કૉફી, અર્ધું લીંબુ, એકથી દોઢ ચમચી ખાંડ અને થોડો ચાનો ગરમ મસાલો કે સૂંઠ નાખવાથી લહેજદાર પીણું તૈયાર થઈ શકશે.

¤

બન્ને બાજુ ધારવાળી બ્લેડનો પેન્સિલ છોલવા કે નખ કાપવામાં ઉપયોગ કરતાં પહેલાં તેની એક બાજુ પર 'ગમ પ્લાસ્ટર'ની કે જાડા કાગળની એક પટ્ટી, વચ્ચેની ફાટમાંથી પસાર કરીને પાંચ-છ વખત વીંટાળવાથી આંગળી કપાવાની ધાસ્તી નહિ રહે.

¤

કલાકણિકા. ઈ.સ. પૂર્વેનું જપાનનું આ એક પાત્ર છે. છે તો એ માટીનું બનેલું પણ તેને. વીંટાળેલા દોરડા જેવો ઘાટ આપીને મથાળે શોભનયુક્ત કિનાર બાંધી છે.







ડાબીબાજુ : પક્ષીઓને ઉપદેશ આપતા સંત ફ્રાન્સિસ. એસિસીના એમના દેવળમાં જીઓટોએ કરેલું એક ભીંતચિત્ર. ઉપર : સંત જોઆકિમ અને સંત એનનું મિલન. પાડુઆના એરિના ચૅપલમાંનુ જીઓટોનું ભીંતચિત્ર.

જીઓટો ડી બોન્ડૂને. એના જીવનને વિષે જે થોડી વિગતો મળે છે તે પ્રમાણે ઈ. ૧૨૬૬ (કે '૬૭)માં એક ખેડૂતને ત્યાં એનો જન્મ થયેલો. બાળવયની એની આલેખનશક્તિ જોઈને તે સમયના વિખ્યાત ચિત્રકાર શિમાબૂયેએ સામે ચાલીને એને ચિત્રકામની તાલીમ આપેલી. તેરમી–ચૌદમી સદીના ઈટાલીમાં પ્રચલિત સરળ સપાટ ચિત્રાંકનથી આગળ વધી જીઓટોએ તેમાં ઊંડાણ દર્શાવવા સાથે જે આબેહૂબતા સિદ્ધ કરી બતાવી તે આગળ જતાં રેનેસાં–કાળમાં વિકસેલી વાસ્તવિક ચિત્રશૈલીની પ્રેરક બની રહેલી. એની આ સિદ્ધિ છેક રોમન કાળથી એના કાળ સુધીના બીજા કોઈ ચિત્રકારમાં દેખાઈ નથી. જીઓટોએ ચીતરેલાં માનવ પાત્રો માનવીય લાગવા સાથે એમની મુખમુદ્રાઓમાં લાગણી, ભય, આનંદ શોક વગેરે ભાવો પણ સ્પષ્ટ થતા જોવા મળે છે. જીઓટોના જન્મ પહેલાં લગભગ અર્ધી સદી પૂર્વે અવસાન પામેલા ને તે પછી બે વર્ષ બાદ સંત તરીકે સ્થપાએલા, એસિસીમાં સેન્ટ ફ્રાન્સિસના દેવળમાં એમની જીવનકથાનાં ૨૮ મોટાં ભીંતચિત્રો એણે કરેલાં, જે આજ સદીઓ પછી યે જોનારને દિઙ્મૂઢ કરી દે છે. કથાચિત્રોના આલેખનમાં એ અપૂર્વ નિષ્ણાત હતો.

નેપલ્સ તથા રોમમાં પણ એણે ચિત્રો કર્યાં હતાં. બીજા યે અનેક રઈસો માટે એણે કામ કરેલું પણ પાડુઆના એરિના ચૅપલમાં જિસસ ક્રાઈસ્ટ અને માતા મેરીના જીવનપ્રસંગોનાં એણે કરેલાં ૩૭ ભીંતચિત્રો વધુ વિખ્યાત છે. પાંચ બાળકો સહિતના પોતાના પરિવારનું સારી રીતે પોષણ કરવા પૂરતું જ એ પારિશ્રમિક લેતો. કોઈ એને ઉસ્તાદ ચિત્રકાર ગણાવે તે પણ એને ન ગમે એવી એની નમ્રતા હતી. કવિ, સંગીતકાર, અને સ્થપતિ તરીકે પણ એની ખ્યાતિ હતી. માનપૂર્વક આમંત્રણ આપીને ફ્લોરેન્સ નગરે એને પોતાને ત્યાં વસાવીને નગરનો સ્થપતિ નીમ્યો હતો. અહીં એણે રચેલો એક દેવળનો ઘંટમિનાર આજે યે દુનિયાભરના વિખ્યાત મિનારાઓમાંનો એક ગણાય છે. ઈ. ૧૩૩૭માં એનું અવસાન થયું.

–બિ.